بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**અહલે સુન્નત વ જમાઅત**

**ચા'ને મસલકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર**

# માસિક બરકાતે ખ્વાજા

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**૧-એપ્રિલ-૨૦૦૭**

રબીઉલ્ અવ્વલ-રબીઉલ આખર

હિજરી સન : ૧૪૨૮

વર્ષ : ૦૪, અંક : ૦૪, સળંગ અંક : ૪૦



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)


# بركات خواجه

## ગૌષે આ'ઝમ કા દરબાર

ગૌષે આ'ઝમ કા દરબાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના
બગદાદી નૂરી બાઝાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના
તુમ હો હમારે હમ હૈં તુમ્હારે તુમ હો નબી કે પ્યારે
હર મુશ્કિલમેં ગૌષે આ'ઝમ ટુટે દિલોં કે સહારે
ઉજળોં કો કર દે ગુલઝાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના
ચોર કો પલ મેં વલી બનાયા નઝરસે બિગળી બનાઈ
ડૂબી કશ્તી બારા બરસકી પલમેં પાર લગાઈ
બુઢિયા કહતી થી હર બાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના
કુતુબ ઔલિયા ગૌષો કલંદર એક સે એક હૈ બળહકર
સારે ઔલિયા દેંગે સલામી જાએંગે ગૌષ કે દર પર
વો હૈ વલિયોં કે સરદાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના
ઐસે ગૌષ કા હૈ યે **'હાફિઝ'** છૂટે ન હાથ સે દામન
બિગળે કામ બનાએં આકા કુરબાં ઉનપે તનમન
વોહ કરતે હૈ બેળા પાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના

**યા ગૌષે આ'ઝમ....**

કિસ ગુલિસ્તાં કો નહીં ફસ્લે બહારીસે નિયાઝ
કૌનસે સિલસિલામેં ફયઝ ન આયા તેરા
રાજ કિસ શહરમેં કરતે નહીં તેરે ખુદ્દામ
બાજ કિસ નહેર સે લેતા નહીં દરિયા તેરા
મઝરએ ચિશ્તો બુખારાઓ ઈરાકો અજમેર
કૌનસી કિશ્ત પર બરસા નહીં ઝાલા તેરા

-(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)

**નોંધ** ગ્રાહક નંબર ________ આપનું લવાજમ તા. ________ થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) એપ્રિલ-૨૦૦૭

★ વર્ષ : ૦૪ ★ અંક : ૦૪ ★ સળંગ અંક : ૪૦



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **હે ગૌષ પાકના ચાહકો તમે ક્યાં છો ?!......** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૭ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૦૯ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૦ |
| ૦૫. | નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૧૨ |
| ૦૬. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરઝાના સાજિદ પટેલ–દયાદરા | ૧૪ |
| ૦૭. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૭ |
| ૦૮. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૯ |
| ૦૯. | **વેલેન્ટાઈન ડે...** | અનુવાદક : મૌલાના મુહમ્મદ ઈમરાન રઝા દયાદરવી | ૨૦ |
| ૧૦. | **કુર્આનની હક્કાનિયત સામે અમેરિકાની નિષ્ફળ ટક્કર !!** | **લેખક** : હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી<br>**અનુવાદક** : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી | ૨૨ |
| ૧૧. | **સ્ત્રીઓના હક્કો અને ઈસ્લામ** | **કાર્યાલય** | ૨૬ |
| ૧૨. | **વહાબી પાછળ દુનિયામાં ક્યાંય નમાઝ થશે નહીં !** | **અઝ** : હઝરત અલ્લામા મુફ્તી ગુલામ જીલાની<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૩૩ |
| ૧૩. | પડોશીના હક્કો સંબંધે ઈસ્લામની તાકીદ અને આપણે | **અઝ** : મુહમ્મદ તાહિર અલી જામનગરી<br>*(મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અશ્રફિયહ્, મુબારકપુર)* | ૪૧ |
| ૧૪. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૪ |
| ૧૫. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૭ |
| ૧૬. | સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર | **કાર્યાલય** | ૪૮ |

## હે ગૌષ પાકના ચાહકો તમે ક્યાં છો ?!

## અને તમારી ઔલાદ કયા માર્ગે છે ?!

तंत्री लेख

**ગૌષ કો યા ગૌષ કહતે કહેતે હો જાતે હૈં ગૌષ**
**ખ્વાજગી મિલ જાતી હૈ તૂ ખ્વાજા કા દમ ભરકે દેખ**

મારા પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! અલ્લાહ તઆલા, તેના મહબૂબ તથા મહબૂબે રબ ﷺના ખાસ ગુલામો એટલે અવલિયાએ કિરામની મહોબ્બત જેના દિલમાં હશે તે જ સાચો મો'મિન કહેવડાવવાનો હક્દાર છે, નહીં તો જેમના અકીદાઓ એ હોય કે, **"અલ્લાહ જૂઠુ બોલી શકે.** *(યકરોઝી–દેવબંદી ગુરૂ ઈસ્માઈલ દહેલ્વી)* તથા **રસૂલેપાક ﷺને મોટા ભાઈ તથા ગામના ચૌધરી જેવા સમજવા સમજાવે** તેમજ **ઔલિયાના મઝારો પર જવાને શિર્ક ઠરાવે.** *(તકવિયતુલ ઈમાન–દહેલ્વી)* તેઓ તથા **તેમને હક્ પર માનનારાઓ** કયા મોઢે કહી શકે છે કે અમારા દિલમાં અલ્લાહ, રસૂલ તથા ઔલિયાની મહોબ્બત છે ?! કારણ કે દિલની વાત તો તેમણે જાહેર કરી આપી ! અને જે જાહેર થયું તે દર્શાવે છે કે આ આશિકની બોલી નથી પણ શત્રુની બોલી છે.

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે એવી વાતોને તથા એવો બકવાસ કરનારાઓને આપણો શત્રુ માનીએ છીએ અને એ જ દલીલ છે કે આપણા દિલોમાં અલ્લાહ, રસૂલ તથા અવલિયાએ કિરામની મહોબ્બતનો ચિરાગ જગમગી રહ્યો છે. જો તમે પણ આ વાત પર છો તો મારા તરફથી દિલી મુબારક બાદ લેશો. પણ પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! સમજો ! કેવળ ઝબાની દાવો કરી આરામથી સૂઈ જવાથી કે બેફિકર થઈ જવાથી કામ નહીં ચાલે ! મહોબ્બત કુર્બાની ચાહે છે, મહોબ્બતનો દાવો છે તો દલીલ પણ લાવો ! આજે આ સંક્ષિપ્ત લેખ થકી હું તમારા દિલો દિમાગને ઝંઝોળવા ચાહું છું, હે પ્યારા વાંચકો ! જરા દિલના કાનોને ખોલી દો ! દિમાગની બંધ ખિડકીઓને ખોલી નાખો અને ધ્યાનપૂર્વક સાંભળો !

રબીઉલ આખર શરીફના આવનાર મહિનાને સુલ્તાનુલ્ ઔલિયા, ગૌષે આ'ઝમ, સરકારે બગદાદ رضی اللہ عنہથી નિસ્બત છે. આપ ઈરાનના મશહૂર કસ્બા જયલમાં ૧–રમઝાન શરીફ હિ.સ. ૪૭૦માં દુનિયામાં જલ્વાગાર થયા અને આપે ૯૦ વરસની વયે ૧૧–રબીઉલ આખર હિ.સ. ૫૬૧ (ઈ.સ. ૧૧૮૨)માં આ ફાની જગતથી ઈરાકના બગદાદ શહેરમાં પર્દો ફર્માવ્યો. આપની અસંખ્ય કરામતો છે. આપણે આપની કરામતો ઉલમાના બયાનો તથા કિતાબો થકી વારંવાર સાંભળતા વાંચતા આવીએ છીએ તેમ જ આપની તથા આપનાં વાલિદૈન તથા નાનાના ખાનદાનની પણ ઈબાદત, તકવા, તહારત વિશેની વાતો સાંભળી દંગ રહી જઈએ છીએ અને નારા મારીએ છીએ **"ગૌષ કા દામન નહીં છોડેંગે !"** જોશ તથા જઝબાતમાં ઉછળી પડીએ છીએ. યકીનન ! આ બધું જ હક્ છે અને એને હક્ ન માનનારો ગુમરાહ છે. પણ... અહીં એક મિનિટ થોભી જાવ ! હું પણ તમારી સમક્ષ એક કિસ્સો આ વિષયને અનુલક્ષીને રજૂ કરી રહ્યો છું જેને ઉપર ઉપરથી નહીં દિલથી સાંભળજો ! કિસ્સાનો સાર આ મુજબ છે કે :–

"એક અતિ નેક તક્વાનો પયકર નવયુવાન નદી કિનારે બેઠેલો છે, ભૂખની સખ્તી મેહસૂસ કરી રહ્યો

છે એવામાં એક સફરજન પાણીની સપાટી પર તરતુ તરતુ કિનારા તરફ તેની નજીક આવતું જણાય છે. એકદમ નજીક આવતાં ભૂખના કારણે આ પાકીઝા યુવાન તેને ઉઠાવે છે ''બિસ્મિલ્લાહ'' બોલીને તેને ખાય લે છે. આ રીતે પાણીમાં નદીમાં તણાઈને કોઈક ચીજ આવી અને ખાધી તો એ કોઈ જ ગુનાહનું કામ નથી બલ્કે મુબાહ છે, પણ તક્‌વાથીય ઊંચી મંઝિલ ''વરઅ''ના સ્થાને બેઠેલા બુઝુર્ગોનો આલમ નિરાલો છે ! એ યુવાને સફરજન તો ખાઈ લીધું પણ તરત જ ખુદાનો ખૌફ દિલમાં જાગી ઉઠયો કે આ સફરજનનો કોઈ તો માલિક હશે અને તેની ઈજાઝત વગર મેં ખાધું અને જો ક્‌યામતમાં મારી પકડ થશે તો હું શું જવાબ આપીશ ?! એવું વિચારી નદીના કિનારે કિનારે ચાલ્યા તો સફરજનનો એક બાગ આવ્યો. તેના માલિકને મળ્યા અને પોતાનો હાલ જણાવ્યો. વલીની નજર વલીને પહેચાની લે છે ! તેમને આ વલી સિફત નવયુવાનમાં કમાલ જણાયો કે જે આટલી વાતથી ખુદાથી ડરે તેની પાકીઝગીનો આલમ શો હશે ! તે બાગના માલિકે કહ્યું, આમ માફ નહીં થાય ! તમારે અમુક વરસ મારા બાગની રખેવાળી કરવી પડશે, પછી વિચારીશું. તે યુવાને મંઝૂર કરી લીધું કે ભલે પછી તો માફી મળશે ! એક સફરજન તે પણ મુબાહ ચીજ ખાવાના બદલામાં આ શિક્ષા એ યુવાને સ્વીકારી લીધી. એટલો સમય રખેવાળી કર્યા બાદ ફરી માફી ચાહી તો તે બાગના માલિકે કહ્યું, નહીં ! એક શરતે માફ થશે કે મારી એક દીકરી છે, જે આંખે આંધળી, કાને બહેરી, હાથે લુલી અને પગે લંગડી છે ! તેની સાથે શાદી કરો તો જ માફ થશે ! અતિશય કક્ષાની પાકીઝગી તથા ખુદાનો ખૌફ જુઓ કે તેમણે એ વાત માન્ય કરી લીધી અને નિકાહ બાદ જ્યારે પત્નીના રૂમમાં ગયા તો જોયું કે કહેવાથી વિપરિત યુવતી ત્યાં મૌજૂદ છે ન આંધળી, ન લંગડી, ન લુલી, ન બહેરી બલ્કે સારી હાલતમાં છે. આપ ગભરાઈને પરત આવ્યા અને તે બાગના માલિકને કહ્યું કે, આ શો મામલો છે ?! તે બાગના માલિકે કહ્યું કે વાત અસલમાં એ છે કે મારી પુત્રી અતિ નેક સીરત નેક સૂરત છે, તેને લંગડી એટલે કહી કે કદી ગુનાહ તરફ કદમ નથી વધાર્યો, લુલી એટલે કહી કે કદી ગુનાહના તથા હરામ કામ તરફ તેણીનો હાથ નથી લંબાયો, આંધળી એટલે કહી કે એની આંખ વડે તેણીએ કદી કોઈ નામહરમ (પર પુરૂષ)ને નથી જોયો, બહેરી એટલા માટે છે કે કદી તેણીએ કાન વડે હરામ વાત કે હરામ અવાજો (વાજિંત્રો વગેરે) નથી સાંભળ્યાં ! મારે એના લાયક વરની જરૂરત હતી તો તમારો તકવો જોઈને મેં માની લીધું કે તેણીના લાયક આથી વિશેષ સારો વર મળવો મુશ્કેલ છે જેથી મેં આપના નિકાહ તેણી સાથે કરાવી આપ્યા.

અલ્લાહ ! અલ્લાહ ! હે ગૌષ પાક رضی اللہ عنہના ચાહકો ! તમે કલ્પના પણ કરી શકો છો કે આ જગતમાં આવા તક્‌વાના પયકરો હવે આપણને જોવા મળી શકે ?! જાણો છો એઓ કોણ હતાં ?! એ બાગનો માલિક તે ગૌષ પાક رضی اللہ عنہના નાના અબૂ અબ્દુલ્લાહ સૂમઈ હુસૈની અને તે નવયુવાન આપના વાલિદે મોહતરમ સૈયદ અબૂ સાલેહ અને તે પાકીઝા સ્ત્રી તે આપનાં વાલિદા મોહતરમા ઉમ્મુલ ખૈર ફાતિમા. رضوان اللہ تعالی علیہم اجمعین જયારે માં બાપ આવાં હોય છે તો બેટો ગૌષે આ'ઝમ પેદા થાય છે !

હે વાંચકો ! હવે ગંભીર બની જાવ ! આખા જગતથી દૂર થઈને તમારા પોતાની નજીક આવી જાવ ! અને તમારા પોતાનું જ નિરીક્ષણ કરવા માંડો ! તમારા ગરેવાનમાં ઝાંકીને જુઓ ! તમારા દિલને આજીજીપૂર્વક પ્રશ્ન કરો કે **શું તમે કોઈ ચીજ ખાતી વખતે એવો વિચાર કર્યો છે કે આ હરામની છે કે હલાલની ?!** ઉપરોક્ત પ્રસંગ પર ફરી નજર દોડાવો કે ગૌષ પાક رضی اللہ عنہના વાલિદે એક મુબાહ ચીજ સફરજન ખાધી તે હરામ કામ ન હતું છતાં ખુદાના ખૌફથી કાંપી ઉઠયા ! ત્યારે જ તો

આવી સજા ભોગવવા તૈયાર થયા ! આપણે ગ઼ૌષ પાક رضی اللہ عنہની મહોબ્બતનો દમ ભરનારાઓ રોજ ઉઠીને આંખ ખુલે ત્યારથી મીંચાતા સુધી કેવળ અને કેવળ માલની જ તલાશમાં રહીએ છીએ. **આજના સમયે મુસલમાનોની એ હાલત છે કે હરામ હલાલની છાનબીન કરવામાં પડવું જાણે મૂર્ખાઈ ગણવામાં આવે છે !** એક જગાએ હું હાજર હતો અને માલદાર થવા વિશે વાત ચાલી તો કોઈ માર્ગ એક ભાઈએ રજૂ કર્યો જે હરામ માર્ગ હતો. મેં ચર્ચામાં પડીને કહ્યું કે, ભાઈ ! એ તો ઈસ્લામમાં હરામ છે. તો તે ભાઈ જોરથી હસવા લાગ્યા અને મને કહ્યું કે, **"યાર ! કેવી બેવકૂફ જેવી વાત કરો છો ! માલદાર કાંઈ એમને એમ થોડું થવાય છે !"** મેં કહ્યું કે, **"હા ! ઈમામે આ'ઝમ** رضی اللہ عنہ **પણ માલદાર વેપારી હતા તેમની જિંદગી ઉઠાવો ને વાંચો ! હરામ તો ઠીક શંકાનો રૂપિયો પણ લેતા ન હતા.** સહેજ ભૂલ ભાગીદારે કરી તો હજારોની રકમ સદક઼ો કરી નાખી ! સખી તથા માયાળુ એવા કે હજારોનાં કરજો કરજદારોનાં માફ કરી આપ્યાં. **ઘણા સહાબા પણ વેપારી હતા, ખૂબ જ માલદાર હતા પણ શું તમે તેમની ઈમાનદારી પર શંકા પણ લાવી શકો છો ?!** હરગિઝ નહીં ! **ઈસ્લામ કોઈ ટેમ્પરરી મઝહબ નથી, એના હુકમો ક઼યામત સુધીના છે અને ક઼યામત સુધી એના પર ચાલી શકાય છે અને એના પર ચાલવામાં ભલાઈ જ ભલાઈ છે.**

ક્યાં છે ગ઼ૌષ પાકના ચાહકો ! ઈમાનદારીથી કહો ! તમે ગમે તે ધંધો કરતા હોઉ ! શું હરામથી બચો છો ? જૂઠ, બનાવટ, ડબલ બોલી, ગોળગોળ વાત, વાદા ખિલાફીથી બચો છો ? **જો તમારો જવાબ હામાં છે તો તમારા કદમ ચૂમી લેવા લાયક છે** અને **દિલમાંથી "ના"નો જવાબ આવતો હોય તો તમને ગ઼ૌષ પાકનો વાસ્તો આપુ છું કે એ કામો છોડી દો !** અલ્લાહ પર ભરોસો કરો ! રોજી તો અલ્લાહ પાક ગ઼ૌષે પાક رضی اللہ عنہના સદક઼ા વસીલાથી જરૂર આપશે, ભલે થોડી મળે પણ હલાલ જ ખાવ ! નહીં તો કબરમાં, કિયામતમાં ગુંચવાઈ ગયા તો જહન્નમમાં શેકાવા જવું પડશે એ વેઠાશે ?! હરામની બિર્યાની કે તંદૂરી ખાઈને તંદૂરી જેમ જહન્નમમાં શેકાવું ગમશે ? હરામના પૈસાથી ડ્રીંક પીને જહન્નમનું પરુ તમારાથી પીવાશે ? ગ઼ૌષ પાકને હરામ કમાઈથી કેટલી નફરત હતી કે એક રાજા અશરફીઓની થેલીઓ ભેટ ધરે છે, આપ સ્વીકારવાની ના પાડે છે. રાજા જીદ કરે છે તો આપ થેલી હાથમાં લઈ દબાવે છે તો તેમાંથી લોહી વહેવા લાગે છે ! આપ ફર્માવે છે કે, "આ હરામ કમાઈ છે ! ગરીબોનું મજબૂરોનું લોહી છે જે તું મને ભેટ આપવા ચાહે છે ?!" તો તમે પણ હરામ ન ખાશો ન ખવડાવશો. **ન્યાઝ કરો તો હલાલ કમાઈની અને વહાબી, દેવબંદીનો ઝબહ કરેલો કે તેવા ભઠિયારાનો રાંધેલો મુરદાર ગોશ્ત ન બનાવશો અને ન તેવાઓ (વહાબીઓ)ને દા'વતો આપશો. નહીં તો તમારી ન્યાઝ કબૂલ થશે નહીં !** આ પ્રસંગ પરથી સમજી લો. દાવો ગ઼ૌષ પાક رضی اللہ عنہના આશિકનો અને તેમને જે ચીજ એટલે હરામ રોજીથી સખત નફરત તેવી કમાણી કરીને તમે કહી શકો છો કે ગ઼ૌષ પાક رضی اللہ عنہ પણ તમારાથી ખુશ હશે ?! ગંભીરતાથી વિચારો અને હરામ રોજીથી બચો ! કોઈને ધોકો આપવાથી બચો ! જો હલાલ પાકીઝા કમાઈ ખાશો તો તમારા દિલમાં પણ નૂર પેદા થશે, નજરમાં પણ નૂર પેદા થશે અને ઔલાદ પણ નેક અને નૂરાની થશે.

**હે મારી બહેનો !** ગ઼ૌષ પાકનાં વાલિદાની જિંદગી જુઓ ! અને પોતાને જુઓ ! ન હરામ જોયું, ન જૂઠ કે હરામ બોલ્યાં, ન હરામ તરફ હાથ પગ ફેલાવ્યા, ન કોઈ પર પુરૂષને જોયો, જ્યારે તમે બજારોમાં,

પાર્કોમાં, ગેલેરીમાંથી કે ટી.વી. પર સતત આ આંખોને હરામ જોવાથી ભરી ભરીને છલકાવી દો છો ! અને પર પુરૂષોની નજરો તમને તાકી રહી છે ! આ બધું શું છે ? હે માં બાપો ! તમારી યુવાન યુવાન ઔલાદને કદી ધારીને જુઓ પણ છો ! કે એના દીદાર કોના જેવા છે ? આ છાતી જાહેર કરતા ગળાના ઊંડા કટવાળો, આ માંસલ હાથોને ખભા સુધી જાહેર કરતો, આ શર્ટ જેવો ટૂંકો ફીટ પારદર્શક ડ્રેસ અને પગો, જાંગો, સીટ તથા અંગના એક એક ઉભારને ઝલકાવતો પહેરવેશ ! ન ઓઢણીનું ઠેકાણુ ન પર્દાનો ખયાલ, આ ઘરોમાં નામહરમ પુરૂષોની બે રોકટોક અવર જવર, આ પાર્કોમાં પરાયા યુવાનો સાથે તેણીનું ભટકવું, શું ગૌષે પાકના આશિકની ઔલાદનો હાલ આવો હોય ?! આ તમારો પુત્ર જુઓ ! જમીનમાં ઘસડાતું, ભોંયની ગંદકી ચૂંસતુ જિન્સ પહેરીને સફાચટ દાઢી અને બૈરી જેવા લાંબા વાળ અને ભટકતી આંખો વડે સતત મોબાઈલ પર ગંદા સીનો જોવા, ખોટા મેસેજ કરવા તથા પરાઈ છોકરીને હેરાન કરવા કે નાજાઈઝ સંબંધો બાંધવામાં વ્યસ્ત છે ! શું તમને એની જરાય ચિંતા નથી ! ન કદી નમાઝ કે જમાઅતનો ખયાલ, ન કુર્આનની તિલાવતની કલ્પના ! ન ખૌફે ખુદા ! ન નબીની શરમ ! ન ગૌષ પાક رضی اللہ عنہની લાજ !

આ બધું શાનુ પરિણામ છે જાણો છો ! તમે તમારા ઘરમાં એક શૈતાની દરવાજો મૂકાવેલો છે એ છે ટી.વી. ! તેમાં થઈને આ સર્વ ખરાબીઓ તમારા ત્યાં ઘુસી રહી છે. **ઈમાનદારીથી કહો ! આજે ટી.વી. પર કેવી કેવી હયાસોઝ ચેનલો ચાલી રહી છે ?** અને તમે કહેશો કે અમે નથી જોતા ! પણ ગુજરાતીમાં કહેવત છે કે "કોઠીમાં ચીભડુ ને ઊંઘ આવે !" તેમ શૈતાન એવો દુશ્મન છે કે વરસોનો તકવો પળમાં તોડી નાખે ! નફ્સ પર ભરોસો કદી ન થઈ શકે ! ક્યારે ભટકી જાવ તે નક્કી નથી અને અમે લોકોને ભટકતા જોઈ રહ્યા છીએ. અરે ! તમે નહીં તમારી પત્ની કે ઔલાદ તમે નહીં હોય ત્યારે તે ભયાનક બેહયાઈનાં દશ્યો જોશે અને દિમાગ ફટકી જશે તો રાતો રાત પાંખો કરીને તમને તેમની શોધમાં ફાંફાં મારતા કરી આપશે ! કેટલાક ફિકર પણ કરે છે કે અમારી ઔલાદને કઈ રીતે સુધારવી પણ એ વાત નક્કી છે માટલુ પાકી ગયા પછી તેને ઘાટ આપી શકાતો નથી માટે પ્રારંભથી જ તેને દીની ઈસ્લામી તા'લીમ આપો, બુઝુર્ગોની, નેક ખાતૂનોની જિંદગી વંચાવો, ઘરમાં દીની ચર્ચા કરતા રહો, ટી.વી.થી તથા બુરા સંગતોથી બચવા પ્રેમપૂર્વક સમજાવતા રહો અને ઈમાન તથા ઈસ્લામનું મહત્વ સમજાવો તો જરૂર ફાયદો થશે. અને પોતે પણ નેક બનો તો જરૂર તમારી ઔલાદ નેક બનશે. ઈન્શાઅલ્લાહ !

હું સમજુ છું કે ગ઼ૌષ પાક رضی اللہ عنہના વાલિદે મોહતરમનો આ એક જ પ્રસંગ ગંભીરતાથી વાંચવામાં આવે તો દરેક યુવાન, યુવતી તથા વડીલોની જિંદગીને સુધારી નાખવા દીવાદાંડી સમાન પુરવાર થશે. હે લોકો ! ગ઼ૌષ પાક વિશે આ પ્રસંગ તેમજ આપના પવિત્ર જીવનના અન્ય પ્રસંગોને દિલની નજરે જુઓ ને વિચારો કે આપણે ક્યાં છીએ ! આપણી ઔલાદ ક્યાં છે ! અને ગલત માર્ગે હોય તો ખુદારા ખુદારા પલટી આવો ! આવો ઈસ્લામની તરફ ! આવો ગ઼ૌષ પાક رضی اللہ عنہના સૂચવેલા માર્ગની તરફ ! હે બહેનો ! આવો ઉમ્મુલ ખૈર ફાતિમા رضی اللہ عنہاના માર્ગની તરફ અને ગ઼ૌષ પાક رضی اللہ عنہની સાચી મહોબ્બત દિલમાં જગાડો અને જૂઠ, દગો, પ્રપંચ, હરામ કમાઈ, હરામ કામો, હરામ ધંધાથી તૌબા કરીને તમારી દુનિયા તથા આખેરતને બાઈજ્જત બનાવો. બહેનો ! ઈસ્લામી બાઈજ્જત જિંદગી અપનાવો અને તમારા શરીરને બજારની શોભા નહીં તમારા ઘરની ઝીનત બનાવો અને ઈસ્લામી પર્દો અપનાવી જહન્નમના ભયાનક અઝાબથી બચી જાવ તો અલ્લાહ પણ રાજી, રસૂલ પણ રાજી અને ગૌષ પાક સુલ્તાનુલ્ અવલિયા પણ રાજી થશે.

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُلُوْا

مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ وَاشْكُرُوْا لِلّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿۱۷۲﴾

اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَآ اُهِلَّ

بِهٖ لِغَيْرِ اللّٰهِ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَلَآ اِثْمَ عَلَيْهِ

اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۷۳﴾

**તર્જુમો** : હે ઈમાનવાળાઓ ! ખાવ પાક ચીજો જે અમે તમને આપી છે અને શુક્ર અદા કરો અલ્લાહ તઆલાનો જો તમે કેવળ તેની જ ઈબાદત કરો છો. તેણે હરામ કરેલ છે[૧૯૫] તમારા પર કેવળ મુરદાર અને લોહી અને સુવ્વરનો ગોશ્ત અને તે જાનવર પોકારવામાં આવ્યું હોય જેના પર ઝબહ કરતી વખતે ગૈરુલ્લાહનું નામ.[૧૯૬] પરંતુ જે મજબૂર[૧૯૭] થઈ જાય અને એ હાલતમાં કે તે ન નાફર્માન હોય ન હદથી વધનાર, તો એના પર (જરૂરત પ્રમાણે ખાય લેવામાં) કોઈ ગુનોહ નથી. બેશક ! અલ્લાહ તઆલા ઘણો જ ગુનાહ માફ કરનારો રહમ કરનાર છે.

## તફસીર

**૧૯૫.** એમાં ચાર ચીજોનું વર્ણન છે જે હરામ છે : **(૧)** મુરદાર, તે જાનવર જેને શરઈ તરીકા પર ઝબહ કરવામાં ન આવ્યું હોય. તેની કોઈ ચીજનો ઉપયોગ દુરુસ્ત નથી. અને અબૂબક્ર અલ્જસાસે સ્પષ્ટતા કરી છે કે શિકારી કૂતરાઓ અને શિકારી પક્ષીઓને પણ ખવડાવવું મના છે, હા ! ચામડુ પકવ્યા બાદ (રંગકામ બાદ) પાક થઈ જાય છે. **(૨)** વહેતુ લોહી **(૩)** સુવ્વર **(૪)** مَا اُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ

**૧૯૬.** મેં એનો તર્જુમો કર્યો છે : "અને તે જાનવર જેના પર પોકારવામાં આવ્યું હોય ઝબહ કરતી વખતે ગૈરુલ્લાહનું નામ." મેં આ તર્જુમામાં શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہના ફારસી તર્જુમાનું અનુસરણ કર્યું છે. કુર્આને કરીમમાં આ આયત ચાર વાર આવી છે અને દરેક જગાએ હઝરત શાહ સાહબ رحمۃ اللہ علیہએ આ જ તર્જુમો કર્યો છે અને مَا اُهِلَّના શાબ્દિક તર્જુમામાં **"ઝબહના સમયે"**ની કૈદ (શર્ત)ને દરેક જગાએ યથાવત રાખી છે. દા.ત. આપે આ આયતનો તર્જુમો "વ આંચે આવાઝ બલંદ કર્દા શવદ દર ઝબહે વે બગૈર ખુદા" (ઝબહ કરતી વખતે ગૈર ખુદાને પુકારવામાં આવે) ના શબ્દો વડે કર્યો છે. *(ફતહુર્રહ્‌માન)*

અને તમામ મુફસ્સિરોએ આ આયતનો આ જ અર્થ વર્ણન કર્યો છે. હું ઈમામ અબૂબક્ર જસ્સાસનું લખાણ નકલ કરીને અટકી જઉં છું :–

وَلَا خِلَافَ بَيْنَ الْمُسْلِمِيْنَ اَنَّ الْمُرَادَ بِهِ الذَّبِيْحَةُ اِذَا اُهِلَّ بِهَا لِغَيْرِ اللّٰهِ عِنْدَ الذَّبْحِ

**(અર્થ)** : સર્વ મુસલમાન એ વાત પર એકમત છે કે, "એનાથી મુરાદ તે ઝબીહા છે જેના પર ઝબહના વખતે ગૈરુલ્લાહનું નામ લેવામાં આવે." *(વધુ તેહકીકના માટે કુર્તબી, મઝહરી, બયઝાવી, રૂહુલ મઆની, ઈબ્ને કષીર તથા કબીર વગેરે તફસીરોનો અભ્યાસ કરવો)*

પેજ નં. ૨૧ નું ચાલુ....

અમુક લોકો એ ચીજોને પણ હરામ કહી આપે છે જેના પર કોઈ વલી કે નબીનું નામ આપવામાં આવે ભલે ઝબહના વખતે અલ્લાહનું જ નામ લેવામાં આવે, એવું કહીને કે એ રીતે મુશ્રિકોના મુશ્રિકપણાના અમલ સાથે સરખામણી થઈ જાય છે, કેમ કે તેઓ પણ પોતાની મૂર્તિઓનાં નામ લઈ લીધા કરતા હોય છે. પરંતુ જો ઈન્સાફની દૃષ્ટિએ જોવામાં આવે તો મુસલમાનોના આ અમલને મુશ્રિકોના અમલથી જાહેરી અથવા બાતિની કોઈ રીતની પણ મુશાબેહત (મળતાપણુ) નથી. કાફિરો જ્યારે આવાં જાનવરોને ઝબહ કરતા હતા ત્યારે પોતાની મૂર્તિઓનું નામ લઈને તેમનાં ગળાંઓ પર છરીઓ ફેરવતા કહેતા : બિસ્મિલ્લાતિ વલ્ ઉઝ્ઝા. લાત અને ઉઝ્ઝાના નામથી અમે ઝબહ કરીએ છીએ. અને મુસલમાન ઝબહ કરતી વખતે અલ્લાહ તઆલાના નામ સિવાય કોઈનું નામ લેવાનું માન્ય જ નથી કરતા, એટલા માટે જાહેરી મુશાબહત (મળતાપણુ) ન થયું. તેમ જ કાફિર તે જાનવરોને ઝબહ કરતા તો તે મૂર્તિઓની ઈબાદતની નિય્યતથી તેમની જાન લેતા, કોઈને સવાબ પહોંચાડવાનો હેતુ ન હોતો. અને મુસલમાન કોઈ ગૈર ખુદાની ઈબાદતની નિય્યતથી અથવા કોઈના માટે તેમની જાન લેતો નથી બલ્કે એમની નિય્યત એ જ હોય છે કે આ જાનવરને અલ્લાહના નામથી ઝબહ કર્યા બાદ અથવા આ ખાણુ પકવ્યા પછી ફકીરો (ગરીબો) તથા આમ મુસ્લિમો ખાય, અને તેનો જે સવાબ થશે તે ફલાણા સાહબની રૂહને પહોંચે.

સ્પષ્ટ થઈ ગયું કે મુસલમાનોના અમલ અને મુશ્રિકોના તરીકામાં જમીન તથા આસ્માનથી પણ વધુ ફરક છે. હા ! જો કોઈ ઝબહ કરતી વખતે ગૈરુલ્લાહનું નામ લે અથવા કોઈ ગૈર ખુદાની ઈબાદતના માટે કોઈ જાનવરનો પ્રાણ લે તો તે ચીજના હરામ હોવામાં અને એવું કરનારના મુશ્રિક તથા મુર્તદ હોવામાં કોઈ શક નથી. જો મકસદ કેવળ ઈસાલે સવાબનો હોય જેમ કે દરેક કલ્મો પઢનારનો મકસદ હોય છે તો એને જાત જાતની તાવીલો કરી હરામ કહેવું અને મુસલમાનો પર શિર્કનો ફત્વો આપતા ચાલ્યા જવું એ કોઈ આલિમને શોભતુ નથી. સવિસ્તાર ચર્ચા સૂરએ નહલની આયત–૧૧૫ના હેઠળ વાંચશો.

**૧૯૭.** એટલે કે જો કોઈ વ્યક્તિ મજબૂર થઈ જાય અને તેની જિંદગી ખતરામાં પડી જાય તો આ હરામ ચીજોમાંથી તે જરૂરત પ્રમાણે ઉપયોગ કરી શકે છે.

હયા, સુસંસ્કાર, શિયળ તથા ચારિત્રની સાચવણી, માં બાપની કે પોતાની ઈજ્જત, સમાજમાં બદનામી કે ખુદાનો ખૌફ કોઈ ચીજનો છાંટો પણ આ સર્વ પશ્ચિમી તથા તેને અનુસરતા દેશોના સમાજમાં રહ્યો નથી. **હે મુસલમાનો ! શું તમે પણ તમારી ઔલાદના આવા જ હાલ ઈચ્છો છો ?! જો નહીં ! તો તેમને ઈસ્લામી તા'લીમથી સજ્જ કરો ! ટી.વી.ની દરરોજ તા'લીમ ન લેવા દો ! સિરિયલોનાં નિષ્ણાત ન બનાવો ! બલ્કે કુર્આન–હદીષનો દર્સ તમારા ઘરોમાં ચાલુ કરો ! નહીં તો બંને જહાનમાં ભયાનક પરિણામો વેઠવા માટે તૈયાર થઈ જાવ !**

અફસોસ એના પર નથી કે ગૈર કૌમો અને અન્ય સોસાયટીના લોકો આ કુકર્મમાં સપડાએલ છે, અફસોસ તો ત્યારે થાય છે જ્યારે મુસ્લિમ યુવા યુવતીઓ તેમાં સપડાયને શરીઅત અને માનવતાની તમામ સીમાઓ પાર કરી પોતાની સર્વોત્તમ વસ્તુ શરાફત અને ઈજ્જતને શિયળ તથા ચારિત્રને ગુમાવી દે છે. ઈસ્લામી આજ્ઞાઓની ઠેકડી ઉડાડે છે અને આવા બેશર્મીભર્યા કાર્યો કરવા બદલ છાતી ઠોકીને પોતાને રોશન ખયાલ (ફોરવર્ડ) સમજે છે. અલ્લાહની પનાહ !

અલ્લાહ તઆલા પોતાના મહબૂબ ﷺના સદકામાં તમામ ઈસ્લામી ભાઈ બહેનોને સાચી સમજ આપે, આ ફાની દુનિયાની મહોબ્બતથી બચાવી પોતાના હબીબ ﷺના ઈશ્કમાં જીવડાવે બાઈજ્જત અને તેના પર જ મૌત અપર્ણ કરે. (આમીન)

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૪૮ ★

રિવાયત છે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ દરેક માણસ માટે તેના ઝિનાનો હિસ્સો લખ્યો છે[૧], જેને તે યકીનન ! પામશે. જેથી આંખનો ઝિના બુરી નજર છે[૨] અને જીભનો ઝિના વાતચીત કરવું[૩] છે. દિલ ઈચ્છા તથા ખ્વાહિશ કરે છે, ગુપ્તાંગ તેને સાચુ કે જૂઠુ કરી આપે છે. *(મુસ્લિમ, બુખારી)*

અને મુસ્લિમની રિવાયતમાં છે કે આદમની ઔલાદ પર ઝિનાનો હિસ્સો લખી દેવામાં આવ્યો છે જેને તે યકીનન ! મેળવશે. આંખનો ઝિના જોવું છે અને કાનનો ઝિના સાંભળવું છે[૪] અને જીભનો ઝિના વાતચીત કરવું છે. હાથનો ઝિના સ્પર્શ કરવો, પકડવું, પગનો ઝિના પગ વડે ચાલવું[૫]. દિલ ચાહે છે અને તમન્ના કરે છે અને ગુપ્તાંગ તેને સાચુ જૂઠુ કરી આપે છે[૬].

## ★ સમજૂતી ★

**૧.** અહીં દરેક માણસથી સામાન્ય માણસ મુરાદ છે, જેનાથી બચપનમાં મુત્યુ પામનાર બાળકો, ખાસ આલિયા, સર્વ અંબિયાએ કિરામ ખાસ કરીને યહ્યા તથા ઈસા علیہما الصلوٰۃ والسلام અપવાદ છે. જે લોકો અંબિયા علیہم السلام ને એમાં સામેલ ગણે તે બેદીન છે. મતલબ એ છે કે સામાન્યતઃ માણસ ઝિના અથવા ઝિનાથી પહેલાં થતી ચીજો (સ્પર્શ, ચુંબન વગરે)માં ફસાય છે. રબ તઆલાનો ફઝ્લ છે કે અંગોની ગૈર ઈખ્તિયારી હરકતો તથા ગંદા ખયાલો પર પકડ નથી કરતો. હઝરત શૈખે "અશઅતુલ્ લમ્આત"માં ફર્માવ્યું કે ઝિનાના હિસ્સાથી મુરાદ ઝિનાના સબબ છે એ રીતે કે માણસ વાસના તથા સ્ત્રીઓ પ્રતિ આકર્ષણ કુદરતી રીતે પેદા કરવામાં આવેલ છે. રબ તઆલા ફર્માવે છે : وَهَمَّ بِهَا لَوْلَا أَنْ رَّاٰ بُرْهَانَ رَبِّهٖ (અર્થ) : "તેઓ પણ ખેંચાય જાત જો રબની દલીલ ન જોઈ લેત."

**૨.** પર સ્ત્રીઓ પર વાસનાથી. યાદ રાખશો કે **અચાનક (પ્રથમ) નજર પડવું માફ છે, જાણી જોઈને જોવા પર પકડ છે.** અહીં બીજી નજર મુરાદ છે.

**૩.** અજનબી (પરાયી) સ્ત્રીઓના હુસ્નની પ્રશંસા **જીભનો ઝિના** છે, તેને શોખપૂર્વક સાંભળવું લિજ્જત માટે એ **કાનનો ઝિના** છે. અમુક સ્ત્રીઓ પોતાના પતિઓને અન્ય સ્ત્રીઓની સુંદરતા વિશે વર્ણન કરે છે એ સખત જુર્મ છે.

**૪.** કાન લગાડીને ધ્યાનપૂર્વક એટલા માટે અહીં "ઈસ્તમાઅ" "બાબે ઈફતેઆલ"થી ફર્માવવામાં આવ્યું.

**૫.** ખુલાસો એ કે એક ઝિના ઘણા બધા નાના નાના ઝિનાઓનો સમૂહ છે. દરેક અંગનો ઝિના અલગ અલગ છે. **ઝાની (વ્યભિચારી) ઝિના કરે છે ત્યારે આંખ, કાન જીભ, હાથ, પગો, ગુપ્તાંગ સૌ જ ઝિના કરે છે એટલા માટે સંગસાર કરવામાં આવે છે** કેવળ ખસ્સી નથી કરવામાં આવતો.

**૬.** એટલા માટે માણસે ઝિના પ્રતિ લઈ જતી ચીજોથી પણ બચવું જોઈએ, સીનેમા તથા રેડિયો પર ફિલ્મી ગીતોના પ્રસારણ (ટી.વી. પર નાચગાન)નો અંજામ આપણે જોઈ જ રહ્યા છીએ. મિર્કાતમાં છે કે પર સ્ત્રીઓને નાજાઈઝ પત્રો લખવા કે પહોંચાડવા, તેણીઓ તરફ કાંકરીઓ ફેંકવી, ઈશારા કરવા સૌ **હાથનો ઝિના** છે.

شفا شریف شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક :** ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## *વિભાગ : ૧૭*

## માનવ જાતિ પર નબીએ કરીમ ﷺની મહેરબાની અને દયા

ફખ્રે દો આલમ ﷺની આ ખૂબીઓને બયાન કરતાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :–

لَقَدْ جَآءَ كُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَاعَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَؤُفٌ رَّحِيْمٌ ○

"બેશક ! તમારા પાસે પધાર્યા તમારામાંથી તે રસૂલ જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે (અગમ્ય) છે, તમારી ભલાઈના ખૂબ ચાહક, મુસલમાનો પર અતિશય મહેરબાન છે." *(સૂરએ તૌબા, આયત–૧૨૮)*

પછી અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

وَمَا اَرْسَلْنَاكَ اِلَّا رَحْمَةً لِّلْعَالَمِيْنَ "અને અમે તમને બધાય જગત માટે રહમત (બનાવીને) મોકલ્યા છે." *(પા. ૧૦૭, સૂ. અંબિયા, આ. ૧૦૭)*

કેટલાક મુફસ્સિરીને કિરામ ફર્માવે છે કે, આ વાત નબી કરીમ ﷺની વિશિષ્ટતાઓમાં છે કે, અલ્લાહ તઆલા એ પ્રથમ આયતમાં પોતાનાં બે નામને અર્પણ કર્યાં. જેવું કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે મારો હબીબ ઈમાનવાળા પર **"રઉફ"** અને **"રહીમ"** છે. અને એનું દૃષ્ટાંત ઈમામ અબૂબક્ર બિન ફુરક رحمۃ اللہ علیہએ પણ રિવાયત કરી છે.

કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અબૂ મુહમ્મદ અબ્દુલ્લાહ બિન મુહમ્મદ અલ્ખશની رحمۃ اللہ علیہ એ પોતાની સનદના સાથે હદીષ બયાન કરી. તેઓ ફર્માવે છે કે, અમારાથી હદીષ બયાન કરી ઈમામુલ્હરમૈન અબૂ અલી તિબ્રીએ, તેમનાથી અબ્દુલ ગાફર ફારસીએ, તેમનાથી અબૂ અહમદ જલૂદીએ, તેમનાથી ઈબ્રાહીમ બિન સુફયાને, તેમનાથી ઈમામ મુસ્લિમ બિન અલ્હજાજે, તેમનાથી અબૂ તાહિરે, તેમને ખબર આપી ઈબ્ને વહબે, તેમને યૂનુસે, તેમનાથી ઈબ્ને શહાબ رضی اللہ عنہએ ફર્માવ્યું કે, રસૂલલ્લાહ ﷺએ એક ગઝવા કર્યો ત્યારે સફવાન બિન ઉમૈયા رضی اللہ عنہને સો ઊંટ આપ્યાં. પછી બીજી વખત એટલાં જ, પછી ત્રીજી વખત તેટલાં જ. ઈબ્ને શહાબ رحمۃ اللہ علیہએ (વફાત : હિ.સ. ૯૪) આ હદીષ રિવાયત કરી અને હઝરત સફવાન رضی اللہ عنہને કહ્યું કે, રસૂલલ્લાહ ﷺ આ પુરસ્કારોના પહેલાં મારા નજીક તમામ જગતથી અધિક શત્રુ હતા પરંતુ આપના દરિયાએ કરમથી તૃપ્ત ફર્માવતા રહ્યા ત્યારે મારા નજીક આપ સારા જગતથી મહબૂબ બની ગયા.

### ★ એઅ્રાબીને સાંત્વન ★

એક એઅ્રાબી બારગાહે રિસાલતમાં હાજર થયા. આપે તેને કાંઈ અર્પણ કર્યું અને પૂછયું કે, મેં તમારા સાથે કેવો વર્તાવ કર્યો છે ? તેણે જવાબ આપ્યો કે આપે મારા સાથે કોઈ ખાસ વર્તાવ કર્યો નથી, કેમ કે પોતાની શાન (પ્રતિષ્ઠા)ના પ્રમાણે મહેરબાની કરી નથી. સહાબાએ કિરામને ગુસ્સો આવ્યો અને તેના પર તૂટી પડયા ત્યારે આપે ઈશારાથી તેમને રોકી દીધા. તેને પછી આપ કસરે નબુવ્વત (મકાન)માં તશરીફ લઈ ગયા અને પાછા આવી તેની ખૂબ ઈજ્જત કરી અને પૂછયું કે, મેં તારા સાથે કેવો વર્તાવ કર્યો છે ?! તેણે જવાબ આપ્યો કે, ઘણો સારો ! અલ્લાહ તઆલા આપને, અહલો અયાલ (કુટુંબ કબીલા)ને અને સગાંઓને સારો બદલો આપે.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, તમારા પહેલા જવાબથી મારા સહાબાના દિલમાં દુઃખ પૈદા થયું હતું. જો તમે યોગ્ય સમજો તો આપના હાલનો જવાબ શખ્સે રિસાલતના પરવાના (સહાબાએ કિરામ)ના સમક્ષ આપો જેથી તેમના દિલમાંનો રંજ નીકળી જાય. બીજા દિવસે અથવા સાંજના સમયે એઅ્રાબી ફરીવાર આવ્યો ત્યારે ફખ્રે દો આલમ ﷺએ ફર્માવ્યું કે, આ એ જ એઅ્રાબી છે જેમણે નાપસંદ વાત કહી હતી. તેના પછી અમે તેને માલ અર્પણ કર્યો તો તે ખુશ થઈ ગયા. આ ફર્માવીને એઅ્રાબીથી પોતાના બયાનની સચ્ચાઈ ઈચ્છી. ત્યારે એઅ્રાબી કહેવા લાગ્યા કે, ખરેખર આપે ઘણો સારો વર્તાવ કર્યો છે ! અલ્લાહ તઆલા આપને, અહલો અયાલ અને સગાંઓને સારો બદલો આપે.

સરવરે કોનૌં મકાં ﷺએ તેના પછી ફર્માવ્યું કે, આ બનાવનું દૃષ્ટાંત એવું છે જેવું કે એક શખ્સની ભડકેલી ઊંટણીને પકડવાના માટે દોડી રહ્યો હતો ત્યારે કેટલાક બીજા આદમી પણ દોડીને તેને પકડવા લાગ્યા ત્યારે તે વધારે ચમકવા અને દોડવા લાગી. માલિકે બીજા આદમીઓને હટાવતાં કહ્યું કે, તમે ઊંટણી અને મારા વચ્ચે અડચણ ઉભી કરવાના પ્રયત્ન ન કરો. તેઓ હટી ગયા અને ઊંટણી તો એક જગ્યાએ ચરવા લાગી અને માલિકે તેને પકડીને બેસાડી દીધી અને કાઠી બાંધીને સવાર થઈ ગયો. આપે સહાબાએ કિરામથી ફર્માવ્યું કે, જો તમે તેની નાપસંદ વાત સાંભળ્યા પછી કતલ કરી દેતા તો તે જહન્નમમાં દાખલ થઈ જતો.

## ★ ઉમ્મત પર મહેરબાની ★

નબી કરીમ ﷺએ ફર્માવ્યું છે કે, તમારામાંથી કોઈ શખ્સ મારા સહાબાની બુરાઈ મારા સુધી ન પહોંચાડે કેમ કે હું ઈચ્છું છું કે તમારાથી જુદા થતા સમયે પણ મારો સીનો સાફ હોય. રહમતે દો આલમ ﷺની ઉમ્મતની હાલત પર જે મહેરબાની હતી, આ વર્તાવ પણ તેનો જ એક ભાગ છે કે ઉમ્મતના માટે સહૂલત અને સરળતાના ઈચ્છુક રહેતા હતા અને કેટલીય વાતોને આપે કેવળ એ માટે નાપસંદ કરી કે તે ઉમ્મત પર ફર્ઝ ન થઈ જાય. જેવું કે આપે ફર્માવ્યું કે, મને ઉમ્મતની તકલીફનો સંદેહ ન હોતો તો હું તેમને દરેક નમાઝના સાથે દાતણ કરવાનો હુકમ આપતો, તેમજ તરાવીહની નમાઝ★ પઢાવવાથી ઈન્કાર કરી આપવો.

તેમજ રોઝા તથા નમાઝથી સહાબાએ કિરામને રોકી દેવું, તેમજ ઉમ્મતની તકલીફને જોતાં ખાન–એ–કાબામાં દાખલ થવાને પસંદ ન કરવું અને પોતાના રબની તરફ ધ્યાન કરી અર્ઝ કરવું કે જો કોઈના માટે મેં નુકસાનની દુઆ અથવા લા'નત કરી છે તો તેને રહમતમાં બદલી દેવામાં આવે. અને આપ કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળતા તો મહેરબાનીની લાગણીમાં નમાઝ ટૂંકાવી લેતા. તેમજ પોતાના રબથી દુઆ કરવી અને પ્રતિજ્ઞા કરવી કે જે મનુષ્યને મેં બુરો ભલો કહ્યો હોય અથવા લાનત કરી હોય ત્યારે મારા આ શબ્દોને તેમના માટે પવિત્રતા, રહમત, ઈબાદત, સફાઈ અને સમીપતામાં બદલી દેવામાં આવે જેથી કિયામતમાં તે મારા સમીપ થઈ જાય.

## ★ દુઆએ રહમત ★

સરવરે કોનૌં મકા ﷺની રહમત અને મહેરબાનીના બનાવોમાંથી એ પણ છે કે, જ્યારે કૌમે આપને જૂઠલાવ્યા અને હઝરત જિબ્રઈલ علیہ السلام બારગાહે રિસાલતમાં હાજર થઈને અર્ઝ કરવા લાગ્યા કે, બારી તઆલાએ તેમનો જવાબ

વધુ પેજ નં. ૩૨ પર...

*★જેવું કે કેટલીક રિવાયતોમાં છે કે આપે ત્રણ રાત નમાઝ પઢાવી અને તેના પછી ફર્ઝ થઈ જવાનો શક જોતાં વધુ પઢાવવાથી ઈન્કાર કરી દીધો અને ફર્માવ્યું કે, પોતાના ઘરોમાં પઢયા કરો. જે માટે ઈર્શાદ થયો :–*

فَصَلُّوْا اَيُّهَا النَّاسُ فِىْ بُيُوْتِكُمْ ۔ خَشِيْتُ اَنْ يَّكْتَبَ عَلَيْكُمْ

કાર્યાલય

# નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

## શરીરનો હક્ક઼ (Right of Body)

હદીષે પાકમાં છે :–

**૧.** ઈબાદતની અતિ અધિક્તા અને તકલીફથી પોતાના નફ્સને તકલીફ ન પહોંચાડો, ન આખી રાત જાગો અને ન હમેશાં રોઝા રાખો, નફ્સને આરામ પણ પહોંચાડો. *(સહીહ મુસ્લિમ, મિન્હાજુલ મુસ્લિમીન)*

**૨.** પોતાના નફ્સના સંબંધે એવું ન કહે કે, "મારો નફ્સ ખબીષ (ગંદો) થઈ ગયો છે." બલ્કે એવું કહે કે, "મારો નફ્સ સુસ્ત થઈ ગયો છે." *(સહીહ બુખારી, કિતાબુલ અદબ, મિન્હાજુલ મસ્લિમીન)*

**૩.** નફ્સને ગ઼ની બનાવો, માલ દૌલતની મહોબ્બતથી બચાવો. *(સહીહ બુખારી, કિતાબુર્રિક઼ાક઼, મિન્હાજુલ મુસ્લિમીન)*

**૪.** પોતાના નફ્સને એવી અજમાઈશમાં ન ફેંકો જે એના માટે અસહ્ય હોય. *(મિન્હાજુલ મુસ્લિમીન, ઈબ્ને માજહ, અહમદ)*

**૫.** પોતાના નફ્સ સાથે જેહાદ કરે, એટલે કે પોતાના નફ્સને અલ્લાહ તઆલાના હુકમોનો તાબે બનાવે. *(અહમદ, હાકિમ, મિન્હાજુલ મુસ્લિમીન)*

## નફ્સના હક્ક઼ો

આ દુનિયામાં જેટલા ધર્મો આવ્યા એમાંથી મોટા ભાગનામાં સામાજિક હક્ક઼ોને મહત્વ આપવામાં આવ્યું છે અને સૌથી વિશેષ માં બાપના હક્ક઼ોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જો સ્વભાવિકપણે એમાં વિચારણા કરવામાં આવે તો માં બાપ અને તેમના હક્ક઼ોનું મહત્વ પોતાના સ્થાને સિદ્ધ થયેલ છે. જ્યાં સુધી ઈસ્લામનો પ્રશ્ન છે તો ઈસ્લામ પણ માં બાપના હક્ક઼ોના મહત્વને સ્વીકારે છે પણ અન્ય ધર્મોની સરખામણીમાં એ એક અનોખી શાન ધરાવે છે. હક્ક઼ોના મામલામાં ઈસ્લામે જ એ વિશિષ્ટતા અપનાવી છે કે તેણે માનવ હક્ક઼ોની દરજ્જા પ્રમાણે વિગત પણ પૂરી પાડી છે અને હક્ક઼ોની યાદીમાં તમામ શક્ય તે બાબતોનો એ રીતે સમાવેશ કર્યો છે કે કોઈ મુદ્દો ઉલ્લેખ વિનાનો નથી રહ્યો. માનવોના માનવો પર જે હક્ક઼ો છે એની કક્ષાની નિયુક્તિ ઉપરાંત જાનવરો (પ્રાણીઓ) તથા વનસ્પતિ તથા પદાર્થો (પથ્થર, પહાડ વગેરે)ના હક્ક઼ોને પણ નથી છોડયા. અતિશય કક્ષાની સાવધાની તથા કાળજી છે કે માણસ પર તેના નફ્સનો પણ જે હક્ક઼ છે તેને પણ અતિશય કક્ષાની કક્ષાનું મહત્વ આપવામાં આવ્યું છે, બલ્કે માણસની હઠ તેની પોતાની બર્બાદી સમાન છે. જેમ કે સરકારે દો આલમ ﷺના કહ્યાનુસાર દરેક માણસનો ખૂદ તેના પોતાના ઉપર પણ હક્ક઼ છે, બલ્કે તેના એક એક અંગનો તેના પર હક્ક઼ છે. સહીહ બુખારીમાં છે કે આં હઝરત ﷺએ ફર્માવ્યું, "બેશક ! તારા જીવનો તારા પર હક્ક઼ છે."

અમુક અન્ય ધર્મોમાં એ વાતને તક઼વો તથા પરહેઝગારી સમજવામાં આવતું હતું કે માણસ પોતાના શરીરનાં અંગોને વધુને વધુ તકલીફમાં નાખે, નફ્સની ઈચ્છાઓને વિવિધ અપ્રાકૃતિક (ગૈર ફિતરી) તરીકાઓ વડે નષ્ટ કરવાની કોશિશ કરે, દુનિયાથી દૂર થઈ જાય અને વસ્તીથી અલગ થઈને ધ્યાનમગ્ન થઈને રહે. પણ ઈસ્લામે પૂરી તાકીદની સાથે એ અપ્રાકૃતિક નિયમો પર પાબંદી લગાડી આપી અને એણે એ તા'લીમ આપી કે રાહિબપણુ (રહબાનિયત, પાદરીપણુ) અને પોતાની ઉપર સખ્તીઓ લાગુ કરી લેવી ઈસ્લામની દૃષ્ટિએ ઈબાદતના હેતુ પ્રાપ્તિનો તરીકો નથી બલ્કે ઈસ્લામ તેનો સખત વિરોધી છે.

ઈસ્લામમાં એ વાતની ઈજાઝત નથી કે નફ્સને

મારી નાખવામાં આવે બલ્કે ઈસ્લામી શરીઅત ચાહે છે કે નફ્સના સર્વ હક્કો અદા કરવામાં આવે અને તેને જીવંત સક્રિય રાખવામાં આવે, પરંતુ એ રીતે કે નફ્સ અલ્લાહના ફર્માનના તાબે રહે. **ઈસ્લામની વિચાર દૃષ્ટિ એ છે કે નફ્સને મારી નાખવાનો નહીં બલ્કે કાબૂમાં રાખવો એ માણસનો તક્વો છે.** અને આત્મશુદ્ધિ થવી એ હેતુ પ્રાપ્તિ છે. એનું દૃષ્ટાંત એક તલ્વાર જેમ છે. તલ્વાર વડે નિર્દોષોનુ ખૂન કરી શકાય છે એટલા માટે આગલી શરીઅતો કહેતી હતી કે તલ્વારને તોડીને ફેંકી દો અથવા એને એ રીતે બુટ્ટી કરી દો કે તેનામાં કોઈ પાવર ન રહી જાય. એથી ઉલ્ટુ ઈસ્લામ કહે છે કે તલ્વારને ખૂબ જ સારી હાલતમાં રાખો પરંતુ એને અલ્લાહના ફર્માનના તાબે કરી આપો જેથી મઝલૂમોની રક્ષાના માટે કામ લાગે.

આં હઝરત ﷺ કદી નફ્સને તેના હક્કોથી મેહરૂમ કરવાની ઈજાઝત આપતા ન હતા. આપ ﷺની તાકીદ એ હતી કે **દુનિયામાં ખાવ, પીઓ, સારાં પોશાકો પહેરો, શાદી વિવાહ કરો પરંતુ દરેક સંજોગોમાં ઈસ્લામી શરીઅતની હદોમાં રહેવાની કોશિશ કરો, મધ્યમ માર્ગી તથા સમતોલ માર્ગી બનો.**

ઈબાદત બેશક ! અલ્લાહથી તાર જોડવાનો વસીલો છે પરંતુ ઈસ્લામ એ વાતને પસંદ નથી કરતો કે પોતાના શરીરને એનાથી વધારે તકલીફ આપવામાં આવે જેટલી તે સહન કરી શકે છે.

## બે સહાબીઓની હુઝૂરની ખિદમતમાં રજૂઆત

બે સહાબી رضی اللہ عنہما ખિદમતે અકદસ ﷺમાં આવ્યા અને અર્ઝ કરી કે અમારામાંથી એક જણે અન્ન ત્યાગ અને બીજાએ નિકાહનો ત્યાગ કરવાનો ઈરાદો કરી લીધો છે. આપ ﷺએ ફર્માવ્યું કે હું તો બંનેથી જોડાયેલો છે (અન્ન પણ ખાઉં છું અને નિકાહ પણ કરું છું). જેથી આપની મરજી ન જોતાં બંને સહાબીઓએ પોતાનો ઈરાદો બદલી કાઢયો. અરબમાં કેટલાય અરસાથી એ તરીકો હતો કે અમુક લોકો કેટ કેટલા દિવસો સુધી રોઝા રાખતા હતા. અમુક સહાબીઓએ ઈરાદો કર્યો પણ આપે સખ્તીપૂર્વક તેમને રોકી દીધા.

## પડોશી હો તો ઐસા !!

આપણા અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)નો વર્તાવ જોઈએ કે તેઓ પડોશીઓનો કેટલો ખયાલ રાખતા હતા. અલ્લાહ ! અલ્લાહ ! મદીના તયબાહમાં એક સાતઘરા (સાત ઘરવાળો) મહોલ્લો હતો. રહેવાવાળા લોકો ઘણા જ નિર્ધન હતા. પ્રત્યેક ઘરમાં ફાકાકશીની નોબત હતી. એક દિવસ તેમાંથી એક જણને ત્યાં બકરાની મૂંડી તોહફામાં આવી. પોતે ભૂખ્યા હોવા છતાં તેમણે એવું વિચારીને કે આપણા પડોશી આપણાથી વધારે ભૂખ્યા છે, ધિક્કાર છે જો પડોશી ભૂખ્યા હોય અને આપણે ખાઈએ ! કિયામતમાં અલ્લાહ તઆલાને શું મોઢું દેખાડીશું ? તે જ સમયે તે મૂંડી પડોશીના ઘરે મોકલી આપી. જ્યારે આ તોહફો બીજા ઘરે પહોંચ્યો તો તેઓ પણ ખુદાથી ડરનારા હતા. પડોશીના હક્કોનો ખયાલ કરતાં તેમણે પણ બે ટંકનો ફાકો હોવા છતાં તોહફો ત્રીજા ઘરે મોકલી આપ્યો. તેમણે ચોથા ઘરે એ જ વિચારીને મોકલી આપ્યો. આ રીતે તે તોહફો ફરતાં ફરતાં ફરી અસલ ઘરે પહોંચી ગયો. જ્યારે તેમણે જોયું કે આ તોહફો ફરીથી આપણા જ ઘરે આવ્યો છે તો એવું સમજીને કે આ હિસ્સો અલ્લાહ તઆલાએ આપણા નસીબમાં લખી દીધો છે, મજબૂરન્ તેને રાંધીને થોડુ થોડુ સર્વને વહેંચી આપ્યું. *(રૂહુલ બયાન)*

–રજૂકર્તા : ***ઈમરાન રઝા દયાદરવી***

**ભૂજ ખાતે બરકાતે ખ્વાજા (માસિક)નું લવાજમ ક્યાં નોંધાવશો ?**

મૌલાના સલીમ સાહબ, ઠે. મદીના મસ્જિદ, મુા. **ભૂજ** (કચ્છ)

# રહમતે દારૈનના صلی اللہ علیہ وسلم શયદાઈ

**રજૂકર્તા** : ફરઝાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ઈસ્લામના સિપાહી

બદર અને ઓહદના પછી હઝરત સઅદ رضی اللہ عنہ ને અહઝાબ, ખયબર, ફતહે મક્કા, હુનૈન, તાઈફ અને તબૂકમાં પણ રહમતે આલમ صلی اللہ علیہ وسلم ના સાથનો મોકો પ્રાપ્ત થયો અને દરેક જંગમાં પોતાની તલ્વારના કમાલો દેખાડયા.

સ.હિ. ૬માં એમને બયઅતે રિદ્‌વાન કરાવાવાળા એ ચૌદસો સહાબામાં સામેલ થવાનો મોકો પ્રાપ્ત થયો જેમને બારગાહે ઈલાહીથી **અસ્હાબે શજર**નો લક્બ પ્રાપ્ત થયો અને **ખુલ્લા શબ્દોમાં જન્નતની બશારત** આપવામાં આવી.

સ.હિ. ૧૦માં રહમતે આલમ صلی اللہ علیہ وسلم હજજતુલ વિદાઅના માટે મક્કા મોઅઝ્ઝમા તશરીફ લઈ ગયા તો હઝરત સઅદ رضی اللہ عنہ પણ હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે હતા. મક્કા પહોંચીને હઝરત સઅદ رضی اللہ عنہ ઘણા જ બીમાર થઈ ગયા. હુઝૂર صلی اللہ علیہ وسلم એ એમની સખત બીમારીનો હાલ સાંભળ્યો તો ખબર લેવા તશરીફ લઈ ગયા. હઝરત સઅદ رضی اللہ عنہ જિંદગીથી હતાશ થઈ ચૂક્યા હતા, હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું માલદાર માણસ છું અને એક બેટીના સિવાય કોઈ વારસ નથી, જો આપ صلی اللہ علیہ وسلم રજા આપો તો મારો ૨/૩ માલ સદકો કરું અને ૧/૩ ભાગ બેટીના માટે છોડી દઉં ?" આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "નહીં !" અર્ઝ કરી, ૨/૩ ? ફર્માવ્યું, નહીં ! તો ૧/૨ અડધો ખરો ?" હુઝૂર صلی اللہ علیہ وسلم એ પાછો નકારમાં જવાબ આપ્યો. હઝરત સઅદ رضی اللہ عنہ એ કહ્યું કે પછી ૧/૩ સદકો કરવાની રજા આપો. તો ફર્માવ્યું, ૧/૩ પણ ઘણો છે જો તમે પોતાના વારસોને માલદાર છોડો તો એ એનાથી બેહતર છે કે તેઓ ગરીબ હોય અને લોકોની સામે હાથ ફેલાવતા ફરે.

એના પછી હઝરત સઅદ صلی اللہ علیہ وسلم એ અશ્રુભીની આંખે અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું મક્કામાં મરી રહ્યો છું બલ્કે હું હક્કની રાહમાં આ સરઝમીનને હમેશાંના માટે સલામ કહી ચૂક્યો છું. હુઝૂર صلی اللہ علیہ وسلم એ એમને દિલાસો આપ્યો અને એમના ચેહરા, પેશાની અને પેટ પર દસ્તે મુબારક ફેરવીને દુઆ ફર્માવી, અય અલ્લાહ ! સઅદ رضی اللہ عنہ ને શિફા આપ અને એની હિજરતને સંપૂર્ણ કર.

રહમતે દો આલમ صلی اللہ علیہ وسلم ની દુઆ હઝરત સઅદ رضی اللہ عنہ ના માટે જિંદગી સાબિત થઈ અને એમની તબીઅત એ સમયથી સારી થવા લાગી ત્યાં સુધી કે તેઓ બિલકુલ તંદુરસ્ત થઈને મદીના પાછા ગયા. હઝરત સઅદ رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના દસ્ત મુબારકની ઠંડક આજ સુધી મારા જિગરમાં અનુભવુ છું.

એક રિવાયતમાં છે કે હઝરત સઅદ رضی اللہ عنہ ના ઈલાજના માટે હુઝૂર صلی اللہ علیہ وسلم એ મશહૂર તબીબ હારિષ બિન કલદહને બોલાવી મંગાવ્યો. એણે હઝરત સઅદ رضی اللہ عنہ ના માટે ખજૂર અને અલસીના આટાનો સીરો પસંદ કર્યો જેથી આપ એ સીરાના ઉપયોગથી તંદુરસ્ત થઈ ગયા. સહીહ બુખારીમાં છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ હઝરત સઅદ رضی اللہ عنہ ની ખબરના મોકા પર એમની સામે આ શબ્દો પણ ઈર્શાદ ફર્માવ્યા, "અય સઅદ ! કદાચ ખુદા તમને (બિસ્તરે મર્ઝ)થી ઉઠાવે અને તમારાથી અમુક લોકોને નફો અને અમુકને નુકસાન પહોંચે."

હુઝૂર صلی اللہ علیہ وسلم ની આ બશારત હઝરત સઅદ رضی اللہ عنہ ના હક્કમાં એ રીતે પૂરી થઈ કે તે તંદુરસ્ત થઈ ગયા. અને થોડાક વર્ષ પછી એમની સરદારીમાં ઈસ્લામના મુજાહિદોએ મજૂસી ઈરાનની શક્તિના ટુકડે ટુકડા કરી નાખ્યા.

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
[મુતઅલ્લિમ દારુલ ઉલૂમ કાદરિય્યહ ગરીબનવાઝ–લેડી સ્મીથ, આફ્રિકા]

## તૌબાના પ્રકાર

હઝરત ફરીદુદ્દીન મસ્ઉદ ગંજે શકર عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે તૌબા છ પ્રકારની હોય છે : પ્રથમ દિલની તૌબા, બીજી જીભની તૌબા, ત્રીજી કાનની, ચોથી હાથની, પાંચમી પગની અને છટ્ટી નફ્સની તૌબા.

### ★ દિલની તૌબા ★

આપ ફરીદુદ્દીન عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે જ્યાં સુધી દિલથી સ્વીકારી પોતાની જીભથી તૌબા નહીં કરો ત્યાં સુધી તૌબા દુરુસ્ત નહીં થાય. કારણ કે જ્યાં સુધી કોઈ માણસ દિલને દુનિયા તથા તેની લિજ્જતો અને બેહૂદા વાતોની ગંદકીથી પાક નહીં કરે અને સાચે જ આ બધી વસ્તુઓથી તૌબા નહીં કરે ત્યાં સુધી તેની તૌબા કબૂલ નહીં થાય. જેમ કે કુર્આને પાકમાં ઈર્શાદ છે, ''હે ઈમાનવાળાઓ ! તૌબા કરવામાં જલ્દી કરો ! અને જ્યારે તૌબા કરી લો તો હર પળે પોતાના પરવરદિગાર તરફ વળેલા રહો એટલે કે સાચી તૌબા કરો.''

અને સાચી તૌબાનો મતલબ દિલની તૌબા છે, **જ્યારે દિલને તમે બુરાઈઓથી પાક કરી લીધું તો આ સાચી તૌબા ગણાશે અને તમે પરહેઝગારોમાં ગણાશો**, જેમ કે હદીષે પાકમાં ઈર્શાદ છે : **"તૌબા કરનાર એવો છે જાણે તેણે ગુનાહ કર્યો જ નથી."** આ જ કારણે પરહેઝગાર તથા તૌબા કરનાર માણસ એક જ દર્જામાં આવે છે. અને અસલ તૌબા દિલની છે ભલે ને જીભથી ૧૦૦ વાર તૌબા તૌબા કરતા રહો પણ જ્યાં સુધી દિલ એનો સ્વીકાર નહીં કરે ત્યાં સુધી તૌબા કબૂલ નહીં થાય.

### ★ જીભની તૌબા ★

જીભની તૌબા એ છે કે દરેક અયોગ્ય વાતોથી પોતાની જીભને દૂર રાખે. ફાલતુ તથા બેહૂદા વાતચીત અને અપશબ્દોથી તૌબા કરે, બીજો તરીકો એ છે કે **વુઝૂ કરી બે રકાત નફ્લ નમાઝ પઢે અને કિબ્લા તરફ મોઢું કરી બેસી જાય અને અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરે, હે અલ્લાહ ! મારી આ જીભને બુરી વાતો બોલવાથી દૂર રાખ અને એની તૌબા કબૂલ ફર્માવ, ત્યાર પછી તેના પર અડગ રહે.**

અને જીભ કેવળ અને કેવળ નેક અને જાઈઝ વાતોના માટે જ હરકતમાં આવે. દા.ત. જીભ વડે કુર્આને પાકની તિલાવત કરો, ઝિક્ર તથા દુરૂદનો વિર્દ કરો, નઅત શરીફ પઢો, સારી સારી તથા પ્યારી પ્યારી દીનદારીવાળી વાતો કરો.

### ★ આંખની તૌબા ★

આંખની તૌબા એ છે કે વુઝૂ વગેરે કરીને બે રકાત નફ્લ અદા કર્યા બાદ દુઆ કરે કે, યા અલ્લાહ ! عَزَّوَجَلَّ હું એ તમામ અયોગ્ય તથા હરામ ચીજોથી તૌબા કરું છું જેને જોવાથી તું નારાજ થાય છે, જેમ કે પરાઈ (નામહરમ) સ્ત્રીઓ, ફિલ્મો, ડ્રામા વગેરે. ત્યારબાદ આંખોને હમેશાં માટે તમામ હરામ તથા નાજાઈઝ બાબતોથી બચાવીને રાખે અને આંખો ઉઠે તો કેવળ અને કેવળ જાઈઝ બાબતોની તરફ જ ઉઠે. આંખો વડે મસ્જિદોને જુઓ, કુર્આન મજીદ જુઓ, મઝારાતે ઔલિયાની ઝિયારત કરો, નેક બંદાઓના દીદાર કરો. અલ્લાહ عَزَّوَجَلَّ દેખાડે તો

કાબા મુઅઝ્ઝમાના અન્વાર જુઓ, મક્કા મુકર્રમાની મહકી મહકી ગલીઓની ઝિયારત કરો. સોનેરી જાળીઓના અન્વાર જુઓ, જન્નતની પ્યારી પ્યારી કયારીની બહાર જુઓ, મહેકતા મહેકતા મદીનાનાં દરો દીવાર જુઓ, લીલા લીલા ગુંબદ તથા મીનાર જુઓ, મીઠા મીઠા મદીનાનાં સહરા તથા ગુલઝાર જુઓ, માં બાપને પ્યાર તથા મહોબ્બતનની નજરે જુઓ કે મુસ્લિમ શરીફમાં છે કે **જે ઔલાદ માં બાપને મહોબ્બતથી જોશે તે મકબૂલ હજ્જનો સવાબ પામશે. દિવસમાં સો વખત જુએ તો સો વાર હજ્જનો સવાબ પામશે.** તેમના આજ્ઞાપાલન તથા ખિદમતગુઝારનો એનાથી કેટલાય અધિક સવાબ છે.

## ★ કાનની તૌબા ★

કાનની તૌબા એ છે કે તમામ નાજાઈઝ તથા બેહૂદા વાતોથી સાચા દિલથી અલ્લાહ ﷻ ની બારગાહમાં તૌબા પછી હમેશાં માટે તેમનાથી બચવાનો નિશ્ચય કરે. ત્યારબાદ કેવળ અને કેવળ જાઈઝ વાતો સાંભળે. દા.ત. કાનો વડે તિલાવત તથા નઅત સાંભળે, અઝાન તથા ઈકામત સાંભળે, સાંભળીને જવાબ આપે, કિરાઅત સાંભળે સારી સારી વાતો સાંભળે. ઢોલ, વાજાં, ત્રાંસાં તથા મ્યૂઝિક કદી પણ ન સાંભળે, ગીતો તથા ગાયનો તથા ઉલ્ટા સીધા જોક્સ, કોઈની ગીબત તથા ચુગલી વગેરે ન સાંભળે, કોઈની અયબો સાંભળવાથી બચે. હદીષે પાકમાં આવે છે, "જે કોઈની અયબ સાંભળે છે તેના કાનોમાં પીગાળેલુ સીસુ નાખવામાં આવશે."

## ★ હાથની તૌબા ★

હાથોની તૌબા એ છે કે તમામ નાજાઈઝ તથા હરામ બાબતોથી સાચી તૌબા કરે. દા.ત. કોઈના ઉપર જુલ્મની રીતે હાથ ઉઠયો હોય, લાંચ રુશ્વત, ચોરી ચકારી, ભેળસેળ, તાશ તથા પતંગબાજી વગેરે એમાં સામેલ છે, તેનાથી હમેશાંના માટે તૌબા કરીને સુરક્ષિત રહ્યા કરે. જયારે પણ હાથ ઉઠે તો કેવળ નેક કામોના માટે ઉઠે. દા.ત. કુર્આન મજીદને સ્પર્શે, **બની શકે તો હાથો વડે કોઈ અંધજનને લઈને ચાલે કે કદમ કદમ પર એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે.** નેક લોકોથી મુસાફા કરે, **શક્ય હોય તો કોઈ યતીમના માથા પર હેતપૂર્વક હાથ ફેરવે કે હાથની નીચે જેટલા વાળ આવશે દરેક વાળના બદલામાં એક એક નેકી મળશે.**

## ★ પગોની તૌબા ★

પગોની તૌબા એ છે કે અત્યાર સુધી જયાં જયાં બુરાં કામોને માટે પગો ઉઠતા હતા તે નાજાઈઝ કામો તથા જગાઓ પર જવાથી સાચા દિલથી તૌબા કરે અને ભવિષ્યના માટે પગો ઉઠે તો કેવળ નેક તથા જાઈઝ કામોના માટે ઉઠે. દા.ત. પગો ચાલે તો મસ્જિદની તરફ ચાલે, નેક સોહબતોની તરફ ચાલે, કોઈની મદદના માટે ચાલે, કાશ ! મક્કા મદીનાની તરફ ચાલે, તવાફ તથા સઈમાં ચાલે. કદી પણ સીનેમા ઘરની તરફ ન ચાલે, નાટયઘરની તરફ ન ચાલે, બુરા દોસ્તોની મજલિસોની તરફ ન ચાલે, શતરંજ, તાશ વગેરેની તરફ ન ચાલે. ★★★

### ગૌષ પાકના વઅઝનો અસર

આપનો વઅઝ ઘણો જ અસરકારક હતો. હાજરજનો બેચૈન તથા બેકરાર થઈ જતા અને તેમના પર વજદ તથા હાલની કૈફિયત છવાઈ જતી, કોઈ ગિર્યા તથા ફરિયાદ કરતુ, કોઈ પોતાનાં કપડાં ફાડીને જંગલની તરફ ભાગી જતું, કોઈ બહોશ થઈને જાન આપી દેતું. આપની વઅઝની મજલિસેથી મોટાભાગે લોકોના જનાઝા નીકળતા, જેનો સબબ એ હતો કે તેઓ આપના ઝૌક તથા શોખ, પ્રભાવ તથા તસર્રુફ, અઝમત તથા જલાલને સહન કરી શક્તા ન હતા અને દમ તોડી દેતા. પાંચસોથી અધિક યહૂદી અને ઈસાઈ લોકોએ ઈસ્લામ કબૂલ કર્યો અને એક લાખથી અધિક ડાકૂઓ અને બદ્માશોએ આપના હાથ પર તૌબા કરીને કુકર્મો છોડયાં. તદ્ ઉપરાંત અસંખ્ય આમ લોકો ફયૂઝયાબ થતા. *(અખ્બારુલ અખ્યાર, પેજ–૧૯)*

# ફતવા વિભાગ

-કાર્યાલય

## વર્તમાન રમતો વિશે શરીઅતનો સ્પષ્ટ ફતવો

**અઝ** : મુફતી અબુલ હસન સાહબ કાદરી, દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા

**અનુવાદક** : મૌલાના તૌસીફ રઝા હસન અલી દયાદરવી, લેડીસ્મિથ, સાઉથ આફ્રિકા

શું ફર્માવે છે ઉલમાએ કિરામ અને શરીઅતના મુફતીઓ નીચેના મસ્અલામાં કે એક મુસલમાન શરીઅતના એહકામની પાબંદીની સાથે કોઈ ખેલમાં (રમતમાં) મહારત પ્રાપ્ત કરવા માંગે છે. જેમ કે હરામ ચીજોથી બચે, હરામ રૂપિયા ન લે, સ્ત્રીઓ સાથે ન હરે મળે, અને કોઈપણ ફરાઈઝ ન છોડે, તો શું તે ખેલ શીખી શકે છે ? તેમાં મહારત (નિપૂણતા) હાંસલ કરી શકે છે કે નહીં ?!

**પ્રશ્નકર્તા** : રિસાલા "અલ્ કૌષર સાબરી ચિશ્તી" જહોનિસબર્ગ, સા. આફ્રિકા

### જવાબ

અલ્લાહ તઆલા ફર્માવે છે : "અને કેટલાક લોકો ખેલની વાતો ખરીદ છે વગર સમજ્યે અલ્લાહની રાહથી બેહકાવી દે અને તેને મજાક બનાવી લે તેમના માટે ઝિલ્લતનો અઝાબ છે." *(સૂ. લુકમાન-૬)* અને હદીષેપાકમાં અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે, "જે કામ અલ્લાહના ઝિક્રથી ગાફિલ કરી આપે તે જૂગારની જેમ છે."

આયતે કરીમા અને હદીષે પાકથી માલૂમ પડયું કે ખેલકૂદ કોઈપણ હોય જે ઝિક્રે ખુદાથી ગાફિલ કરે નાજાઈઝ છે. પરંતુ બીજી હદીષ જેને ઈમામ તિર્મિઝીએ જામેઅમાં અને ઈમામ અબૂ દાઊદ અને નિસાઈએ પોતપોતાની સુનનોમાં હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત કરેલ છે તેમાં હુઝૂર ﷺએ ત્રણ ખેલોને અપવાદ ઠરાવી આપ્યા છે એટલે કે જાઈઝ ફર્માવેલ છે. બાકી તમામ રમતો હરામ હોવાની ચોખવટ છે. જે જાઈઝ છે તે ત્રણ આ છે : (૧) તીરંદાઝી (૨) ઘોડા સવારી (૩) પોતાની પત્ની સાથે હસી મજાક. અને હદીષના શબ્દો નીચે પ્રમાણે છે :–

**كل ما يلهو به الرجل المسلم باطل إلا لقوس وتادبه فرسه وملاعبته أهله فانهن من الحق**

*(જામેઅ તિર્મિઝી, ભાગ-૧, પેજ-૨૯૩, સુનને નિસાઈ, ભાગ-૨, પેજ-૧૨૩, સુનને અબૂ દાઊદ, ભાગ-૧, પેજ-૩૪૦)*

આજ હદીષ હિદાયહ્માં ભાગ-૪, પેજ-૪૭૫ પર આ પ્રમાણે બયાન કરવામાં આવેલ છે :–

(અર્થ) : ત્રણ રમતોને છોડીને મો'મિનના માટે દરેક રમત બાતિલ (ખોટી) છે : **(૧)** ઘોડે સવારી **(૨)** તીરંદાઝી **(૩)** પોતાની પત્ની સાથે હસી મજાક.

ખુલાસો એ કે ઈસ્લામમાં ફક્ત ઉપર જણાવેલ ત્રણ રમતો જાઈઝ છે. તેને છોડીને દરેક રમતો બાતિલ અને નાજાઈઝ છે. **વર્તમાનકાળમાં જે નવી નવી રમતો ચાલી રહી છે જેમ કે ક્રિકેટ, ફૂટબોલ, હોકી, ટેનિસ બોલ વગેરે આ સર્વ રમતો મુસલમાન માટે એ શર્તની સાથે જાઈઝ થઈ શકે છે કે રમવાનો મકસદ ફક્ત કસરત હોય, હાર જીત વગેરેમાં કોઈ પણ પ્રકારની શર્ત ન હોય. શરીઅતના હુકમોનો અને નિયમોનો લેહાઝ કરવામાં આવે. નમાઝ, જુમ્આ, જમાઅત વગેરે અહકામે શરીઅત ન છૂટવા પામે.** ફત્વા આલમગીરીમાં એક ઈબારત

તેની નઝીર (દાખલો) છે જેનો અર્થ આ પ્રમાણે છે : શું કુસ્તી લડવી બિદઅત છે ? અને શું નવજવાનોને તેની છૂટ આપવી જાઈઝ છે ? તો ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે આ બિદઅત નથી, તેના વિશે અષર (હદીષ) મૌજૂદ છે. અલબત્ત તેમાં જોવામાં આવશે કે કુસ્તીથી મક્સદ ફક્ત ખેલ કરવો છે તો મકરૂહ અને મમનૂઅ (મના) છે, પણ જો મક્સદ એ છે કે તાક઼ાત પ્રાપ્ત થાય જેનાથી કાફિરો સાથે જંગ કરી શકે તો જાઈઝ છે અને તેના પર સવાબ પણ મળશે, અને એને છોડીને કોઈ મક્સદ હોય તો હરામ.

અને આજના જમાનામાં જે રમતો રમાઈ રહેલ છે તેમાં હરગિઝ ! હરગિઝ ! શરીઅતના એહકામનો લેહાઝ નથી હોતો, કાંઈને કાંઈ હાર જીતનો મામલો જરૂર રહે છે. અને ખેલમાં મુસ્લિમ, ગૈર મુસ્લિમ તમામ સામેલ થાય છે, અને તમામના મશ્વેરાથી રમતનો સમય નક્કી થાય છે. તો **નમાઝની જમાઅતનો લેહાઝ કેમ કરીને થઈ શકે છે ?** જ્યારે ઈસ્લામના દુશ્મનોનો મક્સદ જ મુસ્લિમોને રમતોમાં મશ્ગૂલ કરી નમાઝ અને ઈબાદતથી ગાફિલ કરવાનો છે, તો જ્યારે આવા ખેલોમાં મશ્ગૂલ થવું તે શરીઅતના એહકામની અદાયગીમાં વિઘ્નકર્તા છે. તો કદીયે આવા પ્રકારની કોઈપણ રમતમાં હિસ્સો લેવાની શરીઅતમાં ઈજાઝત નથી મળતી. અગર માની લેવામાં આવે કે કોઈ શખ્સ શરીઅતના એહકામની પાબંદી કરે, જેમ કે નમાઝની તથા જમાઅતની પાબંદી કરે, ફરાઈઝનો એહતેમામ કરે અને શરીરને છુપાવીને રમે, હરામ કામોથી બચે તો પણ પરવાનગી મળશે નહીં, કેમ કે આ રમતો શરીઅતના કાનૂનના પ્રમાણે થતી નથી, એટલા માટે આ રમતો રમવી જ હરામ થશે. તો આવા પ્રકારની રમતોમાં મહારત (નિપૂણતા) હાંસલ કરવાની પરવાનગી કેમ કરીને સોચી વિચારી શકાય ? મુસલમાનોએ જોઈએ કે મૌજૂદા જમાનામાં ચાલી રહેલ રમતોમાં કોઈ પણ પ્રકારનો ભાગ ન લે. એટલે કે ક્રિકેટ, ફૂટબોલ, વગેરે રમતોમાં સામેલ થાય, ન તો રમતો જોવામાં સામેલ થાય, અને ન તે રમતો રમવામાં, કેમ કે તેની મમનૂઈયત (મના હોવુ) જાહેર થઈ ગઈ. અને તેને ન જોવું નાજાઈઝ હોવાનું કારણ એ છે કે ફાલતુ સમય બરબાદ થાય છે અને બેકાર કામમાં મશ્ગૂલ થવું છે અને તેમાં શું શક કે હરામ કામ કરનારને જોવું પછી તેને હોંસલો તથા હિંમત આપવી તે ગુનાહ અને ગુનાહ પર મદદ કરવી છે, જ્યારે કે તે હરામ છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

''નેકી અને પરહેઝગારી પર મદદ કરો ! ગુનાહ અને સરકશી પર મદદ ન કરો.'' *(પા. ૬, રૂ. ૫, સૂ. માએદહ્)*

સાથે સાથે એ કે હરામ કામ કરવાવાળા હદથી આગળ વધવાવાળા તથા જાલિમ છે. અને જાલિમો પાસે ન રોકવાનો હુકમ છે. જેમ કે કુર્આનમાં છે : ''તો યાદ આવવા પર જાલિમો પાસે ન બેસો.'' (પા. ૭, રૂ. ૧૪, સૂ. અનઆમ)

તફસીરાતે અહમદિયામાં શૈખ અહમદ જીવન ફર્માવે છે કે, કૌમે જાલિમથી મુરાદ કાફિર, બદ્મઝહબ, ફાસિક઼ છે. *(તફસીરાતે અહમદિયા, પેજ–૨૪૪)*

અને એ વાત જાહેર છે કે ક્રિકેટ વગેરે રમતો રમનારા ક્યાં તો કાફિર અથવા બદ્મઝહબ કે મુસલમાન ફાસિક઼ પણ હોય છે, તો તેમનો ખેલ જોવો તેમના ખેલ પર દાદ અને હિંમત આપવી ગુનાહનો સબબ છે. (અલ્લાહ સર્વ મુસ્લિમોને તાફીક઼ે ખૈરથી નવાઝે.)

**લખનાર** : (મુફતી) અબુલ હસન કાદરી (દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ લેડીસ્મિથ, સા. આફ્રિકા)

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## એથા અને પરસેવાનું વર્ણન

**મસ્અલો** : પુરૂષ પછી ભલે તે જનાબતના ગુસલની હાજતવાળો હોય અને સ્ત્રી ભલે હૈઝ કે નિફાસમાં હોય એમનું એથું (ખાધેલું, પીધેલું) પાક છે. *(ખાનિયાહ્ અને હિન્દયહ્)*

**મસ્અલો** : કાફિરોનું મોં વાળું ખાધેલું–પીધેલું (એથું) પાક છે પરંતુ એનાથી બચવું જોઈએ જેમ કે થૂંક, લીંટ, ગળાના ગળફા પાક છે પરંતુ માણસ તેનાથી ધૃણા (નફરત) કરે છે એનાથી ઘણુ ખરાબ કાફિરના એથાને સમજવું જોઈએ. *(હિંદિયા વગેરે)*

**મસ્અલો** : જે જાનવરોનો ગોશ્ત (માંસ) ખાવામાં આવે છે તેમનું મોં વાળું એથું પાક છે પછી તે ચોપગાં હોય કે પક્ષીઓ. (જેમ કે ગાય, બળદ, ભેંસ, બકરી, કબૂતર, તેતર વગેરે)

**મસ્અલો** : જે મરઘી છૂટ્ટી ચરતી ફરતી હોય અને નાપાકી ઉપર પણ ચાંચ નાંખતી હોય તેનું એથું મકરૂહ છે, પરંતુ જો બંધ રહેતી હોય તો પાક છે.

**મસ્અલો** : ઘોડાના મોં વાળું એથું પાક છે. *(હિંદયા વગેરે)*

**મસ્અલો** : સુવ્વર, કૂતરાં, વાઘ, ચિત્તા, વરૂ, હાથી, ગીધ અને બીજાં માંસાહારી –ફાડી ખાનાર પ્રાણીઓના મોં વાળું એથુ નાપાક છે. *(હિંદીયા, ખાનિયા વગેરે)*

**મસ્અલો** : ઘરમાં રહેવાવાળાં જાનવરો જેમ કે બિલાડી, ઉંદર, સાપ, સબકલીનું મોં વાળું મકરૂહ છે. *(ખાનિયા આલમગીરી)*

**મસ્અલો** : પાણીમાં રહેતાં જાનવરોનાં મોં વાળું પાક છે ભલે તેમની પેદાશ પાણીમાં હોય કે ન હોય.

**મસ્અલો** : ઉડવાવાળાં શિકારી જાનવરો (જેમ કે બાઝ, શકરો, સમડી વગેરે)નું મોં વાળુ મકરૂહ છે.

**મસ્અલો** : કાગડાનું બોટેલું (એથું) મકરૂહ છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બાઝ, શકરો, બેહરી, સમડીને પાળીને શિકાર કરતાં શીખવ્યું હોય અને એની ચાંચમાં નાપાકી ન લાગી હોય તો તેનું બોટેલું પાક છે.

**મસ્અલો** : ગધેડા અને ખચ્ચરનું એથુ કરેલું શકવાળું છે, એનાથી વુઝૂ નથી થઈ શક્તું. એટલે કે એનાથી નાપાકી દૂર કરવામાં શક છે. કેમ કે યકીની નાપાકી શકવાળી પાક વસ્તુથી દૂર થતી નથી.

**મસ્અલો** : જે બોટેલું એથુ પાણી પાક છે તેનાથી વુઝૂ ગુસલ જાઈઝ છે. પરંતુ જનાબતના ગુસલની હાજતવાળા નાપાક માણસે કોગળો કર્યા વિના પાણી પીધું તો તે બોટેલાં એથા પાણીથી વુઝૂ જાઈઝ નથી. એટલા માટે કે એ મુસ્તઅમલ પાણી (વાપરેલું પાણી) થઈ ગયું.

**મસ્અલો** : સારું પાણી હોવા છતાં મકરૂહ પાણીથી વુઝૂ અને ગુસલ મકરૂહ છે પરંતુ ગરીબ અને મોહતાજ માણસને માટે કરાહત વિના જાઈઝ નથી.

**મસ્અલો** : મકરૂહ એથી બોટેલી ચીજને માલદાર માણસે ખાવી–પીવી મકરૂહ છે પરંતુ ગરીબ અને મોહતાજ માણસને માટે કરાહત વિના જાઈઝ છે.

**મસ્અલો** : સારા પાણીની મૌજૂદગીમાં શકવાળા પાણીથી વુઝૂ અને ગુસલ જાઈઝ નથી. પરંતુ સારું પાણી ન હોય તો શકવાળા પાણીથી વુઝૂ અને ગુસલ કરી લેવું સાથે તયમ્મુમ પણ કરવું અને આ પરિસ્થિતિમાં વુઝૂ અને ગુસલમાં નિય્યત કરવી પણ જરૂરી છે. ઉપરાંત ફક્ત તયમ્મુમ અથવા ફક્ત વુઝૂ અને ગુસલ કરવું ચાલશે નહીં, બલ્કે બંનેવ કરવું પડશે.

**મસ્અલો** : શકવાળુ બોટેલું, ખાણું–પીણું ખાવુ–પીવું નહીં.

**મસ્અલો** : શકવાળું પાણી સારા પાણી ભેગું મળી ગયું તો જો સારુ પાણી વધારે હતું તો એનાથી વુઝૂ થઈ શકે છે નહીં તો નથી થઈ શક્તું.

**મસ્અલો** : જેનું એથુ બોટેલું નાપાક છે તેનું થૂંક અને પરસેવો પણ નાપાક છે અને જેનું એથુ પાક છે તેનું થૂંક અને પરસેવો પણ પાક છે અને જેનું એથુ મકરૂહ છે તેનું થૂંક અને પરસેવો પણ મકરૂહ છે.

**મસ્અલો** : ગધેડા અને ખચ્ચરનો પરસેવો કપડાં ઉપર લાગે તો કપડું પાક છે ભલે ગમે તેટલો વધુ લાગ્યો હોય.




## પ્રેમનો દિવસ કે બેહયાઈની છૂટછાટનો ?!

અનુવાદ : **મૌલાના મુહમ્મદ ઈમરાન રઝા દયાદરવી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

હાલમાં જ ફેબ્રુઆરીની ૧૪ તારીખની આસપાસ વર્તમાન પત્રોએ "વેલેન્ટાઈન ડે"નો ખૂબ જ પ્રચાર કર્યો અને જાણે પોતાની સંસ્કૃતિ તથા સમાજની આબરૂને કલંકરૂપ નવયુવાન યુવતીઓએ આ પશ્ચિમી તહેવારના નામ પર ચાલતા સેક્સી વહેવારને અપનાવતાં દશ્યો ભજવ્યાં તેને જોઈને દરેક સમાજ ચિંતકના દિલને ઠેસ પહોંચી હશે. ખાસ કરીને દરેક મુસલમાનને તો અતિ દર્દ થવું જોઈએ કે ઈસ્લામે આપણને કેટલી પવિત્રતા આપી અને કેટલી ઈજ્જતદાર કૌમ બનાવી તેને ભૂલવી દઈને જો આપણી નવી નસલ આમાં પડે તો શું પરિણામ આવશે ? માટે અગમચેતીરૂપે આ લેખ રજૂ કરીએ છીએ જેમાં દરેક દિલવાળા માટે ઈસ્લાહનો સામાન છે. "વેલેન્ટાઈન ડે" એ ઈસાઈઓના ધાર્મિક પ્રસંગના નામે "ગંદા વહેવાર કરવાનો દિવસ" છે કે પછી યુવાન હૈયાંઓને ગૈર માર્ગે દોરી વિશ્વકક્ષાએ વેપારીઓનો નાણા રળી લેવાનો દિવસ છે કે શું છે ?!

નિઃશંક ! પશ્ચિમી સંસ્કૃતિ વિભિન્ન રોમાની સંસ્કૃતિઓની ઉપજ છે. એ જ ખુરાફાતી (ગંદી) વિચારધારા અને સિદ્ધાંતો પૈકી એક ખુરાફાત (ગંદકી) "વેલેન્ટાઈન ડે"નો ખયાલ પણ છે જેને આમ રિવાજ આપવામાં પશ્ચિમે એડી ચોટીનું જોર લગાડયું અને ઘણી જ ચાલાકીપૂર્વક આ બુરાઈને પ્રત્યેક સમાજ અને સોસાયટીમાં ફેલાવવા રાતદિવસ સક્રિય છે. શું મુસ્લિમ, શું ગૈર મુસ્લિમ ? સર્વે એના કુપરિણામની પરવા કર્યા વિના આ કુરિવાજને હાથો હાથ લઈ રહ્યા છે. શહેરી અને ગ્રામીણો સુદ્ધાં આ દુષ્કર્મ કરવામાં જાણે સ્પર્ધા કરી રહ્યા છે અને આજની યુવા પેઢી તો આ શૈતાની જશ્નને ઘણી જ ધુમધામથી ઉજવે છે.

### વેલેન્ટાઈન ડેનો ઈતિહાસ

"વેલેન્ટાઈન ડે"ના ઈતિહાસ વિશે કહેવામાં આવે છે કે રૂમીઓ પોતાના મઅબૂદ "યૂનો"ની યાદમાં આ દિવસ મનાવતા હતા પરંતુ તેની ઉજવણી આ રીતે ન થતી હતી જેમ કે આજે થાય છે, ત્યારે યુવાનો યુવતીઓ ઘણી જ આતુરતાપૂર્વક આ દિવસની પ્રતિક્ષા કરતાં કે જેથી તે દિવસે પોતાની નફ્સાની ખ્વાહિશાત (વાસના) પૂર્ણ કરી શકે. જ્યારે આ દિવસ આવતો ત્યારે યુવા સ્ત્રીઓ પોતાનાં નામ લખી એક ગ્લાસમાં નાંખી દેતી અને મોહલ્લાના નવયુવાનો તે ગ્લાસ પાસે એકત્રિત થઈ ચીઠ્ઠીઓ ફરકાવતા જેના હાથે જેનું નામ આવતું એ નવયુવાન તે નામની સ્ત્રી સાથે એ દિવસનો જશ્ન મનાવતો.

આ દરમ્યાન રોમનો બાદશાહ પોતાની ફૌજ લઈ દુશ્મનથી યુદ્ધ કરવા નીકળ્યો પરંતુ સતત કેટલીયે વાર પરાજીત થયો. છેવટે તેણે આ પરાજયનું કારણ શોધ્યું તો જાણ થઈ કે ફૌજના નવયુવાનો પરાઈ સ્ત્રીઓ અને પોતાની પ્રેમિકાઓ સાથે નાજાઈઝ સંબંધ રાખે છે જેના કારણે તેઓ સંપૂર્ણ આત્મબળ અને જોશથી લડી નથી શક્તા. માટે તેણે આદેશ આપ્યો કે કોઈપણ ધર્મગુરૂ ફૌજના નવજવાનોનો વિવાહ ન કરાવે સૌએ આદેશ સ્વીકાર્યો પરંતુ "વેલેન્ટાઈન" નામી એક રાહિબ (પાદરી) ચોરી છુપી ફોજીઓનો વિવાહ તેમની મા'શુકાઓ સાથે કરાવી આપતો. જ્યારે રાજાને આની જાણ થઈ તો ઘણો જ ગુસ્સે ભરાયો અને તે રાહિબને કૈદ કરી દેવામાં આવ્યો. તો ત્યાં જ જેલરની પુત્રી તેના પર આશિક થઈ અને તેઓ

પ્રેમદોરમાં બંધાઈ ગયાં. તક મળતાં એકાંતમાં જેલરની પુત્રી તેની પાસે જઈ તેને તોહફામાં ફૂલ આપતી, મહોબ્બતનો ઈઝહાર કરતી. બાદશાહને આ બાબતની જાણ થઈ તો તેણે રાહિબને સંદેશો મોકલ્યો કે તે રૂમી ધર્મ સ્વીકારી લે તો મુક્ત કરી દેવામાં આવશે નહીં તો ફાંસીની સજા આપવામાં આવશે. પરંતુ આ રાહિબ પોતાના ધર્મમાં ઘણો જ ચુસ્ત હતો, તેણે બાદશાહના પ્રસ્તાવને નકારી કાઢયો. પરિણામ સ્વરૂપે એને ૧૪ ફેબ્રુઆરીએ ફાંસી આપવામાં આવી. પરંતુ ઈસાઈઓએ ધર્મ વિરુદધ અને નાજાઈઝ સંબંધના આ ભયંકર જુર્મથી આંખો મીચીને તે રાહિબને મહા વિદ્વાન તથા ધર્મગુરૂનું પદ આપ્યું અને તેની યાદમાં ૧૪ ફેબ્રુઆરીના દિવસને ઉજવવા માંડયા જેનું નામ "વેલેન્ટાઈન ડે" પડયું.

એટલા માટે તે જ દિવસથી પ્રત્યેક પ્રેમી પ્રેમિકાઓ, આશિકો મા'શુકો એકબીજાને ગિફટમાં ફૂલ, મીઠાઈઓ આપી મુબારકબાદ પાઠવે છે, કાયમી પ્રેમદોરમાં બંધાઈ રહેવાના વાયદા કરે છે. **(જો કે નિકાહ વિનાનો આવો પ્રેમ ઈસ્લામમાં સખત હરામ છે, નિકાહ વિના જોવું, એકાંત, મુલાકાત, સ્પર્શ કરવો જે હાલ ચાલે છે એ સખત હરામ છે.)** નિઃસંકોચ ! નસ્રાની(ઈસાઈ)ઓ માટે આ દિવસ ધાર્મિક છે કારણ કે આ દિવસે તેમના એક ધર્મગુરૂએ ધર્મ ખાતર પોતાના પ્રાણની કુર્બાની આપી હતી પરંતુ પશ્ચિમે ઘણી જ મક્કારીથી (તેમની) આ ધાર્મિક પ્રથાને ઈશ્કો મહોબ્બતના તહેવારમાં ફેરવી નાખ્યો ! આ કુરિવાજની ઉજવણીને પ્રગતિ અને રોશન ખ્યાલી (ફોરવર્ડ વિચારધારા)નું શિર્ષક આપ્યું જેથી અન્ય કૌમો પણ તેને ઉજવી શૈતાનના માથે સફળતાનો સહેરો બાંધે, ઈન્સાન તમામ ધાર્મિક સામાજિક પાબંદીઓથી આઝાદ થઈને કલબો, પાર્કો, રેસ્ટોરન્ટો અને કોલેજોમાં પશુઓની જેમ બેશર્મી, બેહયાઈ અને બેપર્દગીનો નગ્ન નાચ નાચે.

"વેલેન્ટાઈન ડે" કેટલી ગંદકી ઉભી કરે છે તેને દર્શાવતા આ એક તાજા સમાચાર પણ જોઈ લો :–

## વેલેન્ટાઈન ડે થાઈ કિશોરીઓ માટે કૌમાર્યભંગનો શ્રેષ્ઠ દિવસ

થાઈલેન્ડમાં ત્રીજા ભાગની કિશોરીઓ તેમના કૌમાર્યભંગ માટે વેલેન્ટાઈન ડેને શ્રેષ્ઠ દિવસ હોવાનું માને છે એમ તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં બહાર આવ્યું છે. જો કે અપરાધીઓ પર લગામ કસવા માટે અને કડકાઈ માટે જાણીતી થાઈ પોલીસ તેમને અટકાવવા માટે સજ્જ થઈ ગઈ છે.

કિશોરીઓ અંગેનો આ સર્વે બહાર આવતાં જ પોલીસ સતર્ક થઈ ગઈ છે અને આવતી કાલે વેલેન્ટાઈન ડેના રોજ રાતના ૧૦ વાગે કરફયુ જાહેર કરી દીધો છે.

બેંગકોકના નાયબ પોલીસ વડા કમોલ કેઉવસુવાને જણાવ્યું હતું કે પ્રેમાંધ કિશોરો જો પકડાશે તો તેમને ક્યાં તો તેમના ઘરે મોકલી દેવામાં આવશે ક્યાં તો તેમને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવશે જ્યાં તેમના માતા પિતાના આવ્યા પછી જ તેમને મુક્ત કરાશે...... આટલું જ નહીં પોલીસ શોપિંગ મોલ, સિનેમા અને તેના જેવાં જાહેર સ્થળોએ ૧૮ વર્ષથી નાના કિશોરોને શોધતી ફરશે.

પોલીસ કર્નલ અને બાળકો, યુવાનો અને મહિલાઓ સાથે થતા અત્યાચાર માટેના ખાસ સેલના વડા ચોકચાઈ દીપ્રાશર્વીથના જણાવ્યા અનુસાર જાહેરમાં કોઈને આલિંગન આપવું અને ચુંબન કરવું અનુચિત (અયોગ્ય) છે.

યુનિવર્સિટી દ્વારા ગત સપ્તાહમાં જાહેર કરવામાં આવેલા સર્વેક્ષણમાં જણાવાયું હતું કે એક તૃતિયાંશ જેટલી કિશોરીઓ પોતાનું કૌમાર્યભંગ કરવા માટે વેલેન્ટાઈ ડેને શ્રેષ્ઠ દિવસ માને છે. *(દિવ્ય ભાસ્કર દૈનિક, વડોદરા, બુધવાર, ૧૪ ફેબ્રુ. ૨૦૦૭)*

આ ફક્ત થાઈલેન્ડની જ વાત નથી પણ શરમ,

વધુ પેજ નં. ૦૮ પર..

### ભ્રામક કિતાબ "અલ ફુર્કાનુલ્ હક્ક઼" થકી

# કુર્આનની હક્ક઼ાનિયત સામે અમેરિકાની નિષ્ફળ ટક્કર !!

લેખક : **હઝરત અલ્લામા મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી**
અનુવાદક : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી**
*(મુતઅલ્લિમ જામિઆ અશરફિયહ્, મુબારકપુર ,યુ.પી.)*

યહૂદીઓની માયાજાળમાં સપડાયેલું અમેરિકા જે વિશ્વવ્યાપી આક્રમણ અને આતંકવાદના યુદ્ધની આગેવાની કરી રહ્યું છે તેનું પરિણામ ટૂંક સમયમાં અમેરિકાની બેઈજ્જતી બદનામી અને અમેરિકી પરાજયના રૂપે જાહેર થશે. બ્રિટન પણ તે જ અમેરિકી વર્તાવની રાહે ચાલી રહ્યું છે જેથી પરાજય અને હારનાં પરિણામથી તેને પણ ભેટવું પડશે, જેનો પ્રારંભ થઈ ચૂક્યો છે. અમેરિકા અને બ્રિટન બંને આમ તો વિશ્વની પબ્લિક અદાલતની દૃષ્ટિએ પહેલાંથી જ અપરાધી ગણવામાં આવતાં હતાં, પરંતુ આ ગુનાહની કબૂલાત અને અપરાધને સ્વીકાર્યા પછી તેઓ એ સમયે ડબલ મુજરિમ ઠરાવવામાં આવ્યાં જ્યારે તેઓએ ઈરાક પર આક્રમણને પોતે જ જૂઠી અને બોગસ ઈન્ફોર્મેશનના આધારે ભરાયેલા પગલાંની કબૂલાત કરી અને યૂરોપમાં પોતાની સ્થાપેલી ગુપ્ત જેલો તથા કેદખાનાઓનો મિડીયા સામે સ્વીકાર કરી લીધો. આ છે આ બંને દેશોની અખ્લાકી પરિસ્થિતિ અને આ પરિસ્થિતિ જ તેઓની ભૌતિક, વેપાર સંબંધિત અને રાજકરણ સંબંધિત તબાહીના પ્રાથમિક તબક્કાના કારણો છે.

અરબની ધરતીના દિલમાં ભોંકેલા ખંજર અને પોતે જન્મ આપેલા ઈઝરાઈલની રક્ષાની પૂરેપૂરી જિમ્મેદારી પોતાના માથે લઈ રાખી છે. અને તેને (ઈઝરાઈલને) લોહી પણ ચૂંસી લે એવા જુલ્મો અને આક્રમણની ખુલ્લી છૂટ આપી રાખી છે. તેના તબાહી મચાવનારાં હથિયારો અને એટમબોંબથી તેઓએ આંખો મીંચી રાખી છે અને પોતે પણ જાતજાતના આતંકવાદને રાતદિવસ અપનાવી રહ્યા છે. અફઘાનિસ્તાન અને ઈરાક તેઓના અત્યાચાર અને જુલ્મનાં શિકાર છે અને તેમના તમામ આબાદ અને વિરાન વિસ્તારોમાંથી અમેરિકી અને બ્રિટનની ત્રાસજનક અને ભયાનક વર્તાવની તથા તેઓની માનવતાથી વંચિત ગતિવિધિઓની દુર્ગંધ ફરી રહી છે. આ કાંઈ જૂની વાત નથી પરંતુ આજની વાત છે જેને સંપૂર્ણ વિશ્વ પોતાની નજરોથી જોઈ રહ્યું છે, અને દુનિયાનો ઈતિહાસ તેઓના અત્યાચારની ખૂની દાસ્તાનો લખી રહ્યો છે.

મુસલમાનોની માત્ર જાન નહીં પરંતુ તેઓના અક઼ીદાઓ અને માન્યતાઓ ઉપર પણ છાપા મારવાની પરંપરા ચાલી રહી છે અને ઈસ્લામ તથા ઈસ્લામી જગત સાથે સંઘર્ષની અમેરિકી પોલીસી વર્તમાનકાળમાં ઘણી જોશો શોરથી ચાલી રહી છે. પોતાની સંપૂર્ણ શક્તિ અને દક્યાનૂસી કળાની સાથે અમેરિકા અને તેના પક્ષના યૂરોપી સંશોધકો અને નિષ્ણાતો ઈસ્લામ અને મુસ્લિમ હિતનાં કાર્યો પર ઊંડો ઘા મારવાનું નાપાક કાવતરું અને ધૃણાસ્પદ કોશિશોમાં લાગેલા છે અને ઈસ્લામી જગતને નીચા પાડવા અને લાચાર કરવાના શૈતાની મનસૂબાઓને અંતિમરૂપ આપવા માટે એડી ચોટીનું જોર લગાડી રહ્યા છે. જો કે યહૂદીઓ, નસરાનીઓ, કાફિરો અને મુશ્રિકોની મક્કારીભરી અને આક્રમક પ્રવૃત્તિઓ હોવા છતાં થશે તો તે જ જે અલ્લાહની મશિયત અને તેની મરજી છે. અને તેનું એલાન કુર્આને મજીદમાં આ રીતે ફર્માવ્યું છે :–

يُرِيدُونَ اَنْ يُّطْفِئُوا نُورَاللّٰهِ بِاَفْوَاهِهِمْ وَيَاْبَى اللّٰهُ
اِلَّآ اَنْ يُّتِمَّ نُورَهٗ وَلَوْ كَرِهَ الْكٰفِرُونَ ۝ هُوَ الَّذِيْٓ
اَرْسَلَ رَسُولَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ عَلَى
الدِّيْنِ كُلِّهٖ ۙ وَلَوْ كَرِهَ الْمُشْرِكُونَ ۝

**તર્જુમો : તેઓ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોઢાથી ઓલવી નાખે અને અલ્લાહ જરૂર પોતાના નૂરને સંપૂર્ણ કરશે ભલે કાફિરો બુરું માને. અલ્લાહ એ જ છે જેણે પોતાના રસૂલને હિદાયત અને સાચા દીનની સાથે મોકલ્યા કે તેને સમગ્ર ધર્મો ઉપર ગાલિબ કરી આપે ભલે મુશરિકો બુરુ માને.** *(પા. ૧૦, સૂ. તૌબા, રુકૂઅ-૧૧)*

યહૂદી અને ઈસાઈ લોબીનો હાલનો ઉપદ્રવ અને ષડયંત્ર એ છે કે તેઓએ ''અલ ફુર્કાનુલ હક્ક'' **The True Furqan**ના નામથી એક પુસ્તક લખ્યું છે જેને અમેરિકી સંસ્થા ''ઈર્વાંજીલી''ના પ્રોજેક્ટ ઓમેગાએ ઈ.સ. ૨૦૦૧થી પ્રકાશિત કરીને તેની દુનિયાભરમાં વહેંચણી કરવામાં આવી રહી છે. ઈબ્રાની, અરબી અને અંગ્રેજીમાં છપાયેલ આ પુસ્તકને એકવીસમી સદીના કુર્આનની હૈસિયતથી રજૂ કરવામાં આવે છે. બાર (૧૨) ભાગોની સીરીઝનો આ પહેલો ભાગ છે જે ૩૬૬ પેજો પર આધારિત છે. ભારતે તો તેની આયાત પર પ્રતિબંધ લાગુ કર્યો છે, પરંતુ અરબ દેશો અને યૂરોપ વગેરેમાં ઘણી તે જ ગતિએ તેને પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. ઈ.સ. ૨૦૦૫ના આરંભથી તેનો પ્રચાર અને પ્રસાર થઈ રહ્યો છે. આ પુસ્તકની અંદર જેવી રીતે યહૂદિયત અને ઈસાઈયતની રૂહ સામેલ છે એની સાથે સાથે જ આ પુસ્તકની અંદર ઈસ્લામ વિરોધી ઉપકરણોની પણ સંખ્યા પુષ્કળ પ્રમાણમાં છે. દષ્ટિ ધરાવનારાઓ અને સલાહકારો જ્યારે તેનો વિસ્તૃત અભ્યાસ કરી દીન, દયાનત અને જ્ઞાનના અનુસંધાનની કસોટી પર રાખીને તેને પારખશે તો તેઓને એ પરિણામ સુધી પહોંચવામાં કોઈપણ જાતની તકલીફ નહીં થાય કે આ ''અલ ફુર્કાનુલ્ હક્ક''નું સંપાદન કરવાનો અને લખવાનો મકસદ એના સિવાય બીજો કોઈ નથી કે મુસલમાનોને દિમાગી અને રૂહાની પીડામાં ધકેલવામાં આવે, કેમ કે તે પુસ્તકના લખનારાઓને પણ ઘણી સારી રીતે માલૂમ હશે કે કુર્આનની તા'લીમાત (આદેશો) બરહક્ક છે. અને તેનો જવાબ સંભવિત નથી જેનું ચેલેંજ ચૌદસો વર્ષોથી જેવી રીતે લાજવાબ છે, એ જ પ્રમાણે કયામત સુધી લાજવાબ રહેશે. એવું કાંઈ નથી કે ફ્રાંસિસી અને અંગ્રેજી તથા બીજી વિશ્વ ભાષાઓ કુર્આને હકીમ સંબંધિત સત્ય અહવાલ અને માલૂમાતથી વંચિત છે અને તે ભાષાઓના જાણકારો અને કલમકારો કુર્આનની મહાનતા અને અઝમતથી અજ્ઞાન હોઈ એવું પણ નથી, પરંતુ હા! એ વાત જરૂર છે કે તેઓની આંખો ઉપર સદ્ભાવના અને વેરભાવનું આંજણ લાગેલું છે. અને તેઓ ઘણુ બધુ જાણતા હોવા છતાં પણ અજ્ઞાન બની રહ્યા છે.

મારી સમક્ષ હાલમાં એક પુસ્તક છે, ''બાઈબલ કુર્આન અને સાઈન્સ'' જેને ''મોરીસસ બોકાઈ''એ આથી પેહલાં ફ્રાંસિસી ભાષામાં લખ્યું ત્યારબાદ અંગ્રેજી ભાષામાં તેનો અનુવાદ કર્યો. આ પુસ્તકના બીજા પ્રકરણમાં કુર્આનની સચ્ચાઈના વિષય પર મોરીસસ લોકાઈએ એ લખ્યું છે કે, ''કુર્આનની ખંડન ન કરી શકાય તેવી સચ્ચાઈ અને સત્યતાના લીધે જ તેનું (મતન) મૂળ લખાણ આસ્માની કિતાબોમાં અનોખુ સ્થાન ધરાવે છે, જે સ્થાન ન તો અહદનામા પ્રાચીન અને ન તો અહદનામા અર્વાચીન ધરાવે છે★.

જ્યાં સુધી કુર્આનની વાત છે તો તેનું રૂપ અલગ છે. જ્યારે વહીનું આગમન શરૂ થયું તો હઝરત મુહમ્મદ ﷺ અને તેમના ઉપર ઈમાન લાવનારાઓએ તેના (કુર્આન)ના મૂળ લખાણને

---

★ *અહદનામા કદીમ (પ્રાચીન) એટલે ઈંજીલનો એ ભાગ જેમાં હઝરત ઈસા علیہ السلام ના આગમન પહેલાની હાલતનું વર્ણન છે. અહદનામા જદીદ (અર્વાચીન) એટલે ઈંજીલનો એ ભાગ જેમાં હઝરત ઈસા علیہ السلام અને તેમના ખાસ મુરીદોના યુગના હાલાતનું વર્ણન છે.*

યાદ કરી લીધું. આ ઉપરાંત આપ ﷺના કાતિબો (કુર્આનની વહીને લખનારા)એ તેને લેખિત સ્વરૂપ આપવાનું ચાલુ કરી આપ્યું. આ પ્રમાણે તેનો આરંભ સ્વસ્થતા અને સચ્ચાઈના આ બે મૂળ તત્વોથી થયો જે ઈંજીલના તમામ ભાગોને પણ પ્રાપ્ત ન હતો. આ પરંપરા હઝરત મુહમ્મદ ﷺની વફાત (જાહેરી) સુધી ચાલુ રહી. તે સમયે જ્યારે દરેક વ્યક્તિ લખી શકતી ન હતી પરંતુ મૌખિક રીતે તેનું પુનરાવર્તન દરેક વ્યક્તિ કરી શકતી હતી. યાદ શક્તિથી તિલાવત કરવી, તે આધારે વધુ ફાઈદામંદ સાબિત થતી હતી કે જયારે નિર્ણાયક તથા ફેંસલાજનક મૂળ લખાણને સંપાદિત કરવામાં આવ્યું તે વખતે સંભવિત હતું કે બંને પક્ષો (લખનારાઓ અને યાદ કરનારાઓ)ની યાદ શક્તિ સાથે જાંચ પડતાલ (કસૌટી) કરી લેવામાં આવે. આ કુર્આનની વહીનું આગમન હઝરત જિબ્રઈલ علیہ السلام દ્વારા હઝરત મુહમ્મદ ﷺ પર થયું." *(પેજ–૨૦૫, બાઈબલ કુર્આન અને સાઈન્સ)*

કુર્આન સ્વંય પારસ્પારિક રીતે એ હકીકતની તરફ ઈશારો કરે છે કે તેની કિતાબત (લખાણ) રિસાલતકાળમાં થઈ ગઈ હતી. આપ ﷺના અનુયાયીઓમાં ઘણા કાતિબો (લખનારાઓ) હતા જેમાં સૌથી મશહૂર હઝરત ઝૈદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہ હતા જેમનું નામ આવનારી નસલોમાં પણ બાકી રહ્યું.

પ્રોફેસર હમીદુલ્લાહએ પોતાના ફાંસિસી કુર્આનના તર્જુમાની પ્રસ્તાવનામાં તે હાલતોને ખૂબ જ શાનદાર શબ્દોમાં વર્ણન કરી છે જે હાલતો તે સમયે ચાલી રહી હતી જ્યારે કુર્આનના મતન (મૂળ લખાણ)ને લખાણનું રૂપ અર્પણ કરવામાં આવ્યું હતું અને તેનો ક્રમ રસૂલલ્લાહ ﷺની વફાત સુધી ચાલુ રહ્યો.

તમામ આધારો એ વાત પર સહમત છે કે જ્યારે કુર્આનનો કોઈ જુઝ (ટુકડો) નાઝિલ થતો તો હઝરત મુહમ્મદ ﷺ પોતાના ભણેલા ગણેલા સહાબામાંથી કોઈ એકને બોલાવતા અને તે વહીને મોઢેથી બોલીને તેમની પાસે લખાવતા, તે જ સમયે એ વાતનો પણ નિર્દેશ કરી આપતા કે જે કાંઈક પહેલાં નાઝિલ થઈ ચૂક્યું છે તેના કયા સ્થાને આ નવા જુઝ (ટુકડા)ને લખવામાં આવે.

રિવાયતોથી જાણવા મળે છે કે હઝરત મુહમ્મદ ﷺ કાતિબો (લખનારા)ને ઈર્શાદ ફર્માવ્યા કરતા કે જે કાંઈ તેઓને લખાવવામાં આવ્યું છે તેને આપ ﷺની સમક્ષ વાંચી સંભળાવે જેથી અગર કોઈ કમી રહી ગઈ હોય તો આપ ﷺ તેને સુધારી આપતા.

એક બીજી રિવાયત મુજબ એ પણ છે કે દર વર્ષે રમઝાનુલ મુબારક માસમાં હઝરત મુહમ્મદ ﷺ સંપૂર્ણ કુર્આન મજીદ જેટલું નાઝિલ થઈ ચૂક્યું હોતુ હઝરત જિબ્રઈલ علیہ السلامની સમક્ષ પઢી સંભળાવતા હતા.

અને એ પણ છે કે હઝરત મુહમ્મદ ﷺની વફાત શરીફના આગલા મહીનામાં હઝરત જિબ્રઈલ علیہ السلامએ આપ ﷺથી બે વાર કુર્આન પઢાવીને સાંભળ્યું હતું.

એ વાત સ્પષ્ટ થઈ કે કઈ રીતે હઝરત મુહમ્મદ ﷺના યુગથી જ મુસલમાન રમઝાન માસ દરમિયાન રાત્રિઓનું જાગરણ કરવા અને આમ નમાઝો સિવાય પૂરા કુર્આનની તિલાવત કરવાના આદી (ટેવવાળા) થઈ ગયા છે. કેટલાય પુરાવાઓથી વધુ સ્પષ્ટ થાય છે કે હઝરત મુહમ્મદ ﷺના કાતિબો ઝૈદ رضی اللہ عنہ મતનો (કુર્આનના મૂળ લખાણો)ને અંતિમ રૂપે જમા કરવાના મોકા ઉપર ઉપસ્થિત હતા. આ ઉપરાંત બીજી રિવાયતોમાં બીજા કાતિબોના નામનું વર્ણન પણ મળે છે.

આ પહેલી કિતાબતના (લખાણ) માટે ઘણી બધી અલગ અલગ પ્રકારની વસ્તુઓ કામમાં લેવાતી હતી. જેમ કે જાનવરના ગોશતની બારીક

ચરબી, લાકડાની તખ્તીઓ, ચામડું, ઊંટના હાડકાં, નરમ પથ્થર કોતર કામ માટેના વગેરે.

પરંતુ આ ઉપરાંત હઝરત મુહમ્મદ ﷺએ મો'મિનોને એ હિદાયત પણ ફર્માવી હતી કે તેઓ કુર્આને કરીમને હિફ્ઝ (મોઢે યાદ) કરી લે, આ પ્રમાણે જો સંપૂર્ણ મતન નહીં તો તેનો અમુક ભાગ જેની કિરઅત નમાઝમાં કરવામાં આવતી હતી તેને જરૂર હિફ્ઝ કરી લેતા હતા. આ પ્રમાણે એવા હાફિઝોની એક જમાઅત પૈદા થઈ ગઈ જેમને સંપૂર્ણ કુર્આન મોઢે યાદ હતું અને તેને (કુર્આનને) તેઓ દૂર દૂરના ઈલાકાઓ સુધી પણ ફેલાવતા હતા.

મતન (મૂળ લખાણ)ને બે પ્રકારે એટલે કે લેખિત અને મૌખિક રીતે સંગ્રહ કરવાનો આ ફાયદો બેહદ લાભદાયક સાબિત થયો.

હઝરત મુહમ્મદ ﷺની વફાત ઈ.સ. ૬૩૨ના થોડા અરસા પછી આપ ﷺના જાનશીન પહેલા ખલીફા હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ હઝરત મુહમ્મદ ﷺના અગાઉના ખાસ કાતિબ હઝરત ઝૈદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہને કુર્આનની એક નકલ તૈયાર કરવા માટે કહ્યું અને તેમણે (ઝૈદ ઈબ્ને ષાબિતે) તે કામ અંજામ આપ્યું. ત્યાર પછી હઝરત ઉમર رضی اللہ عنہ (બીજા ખલીફા)ની ચળવળ હેઠળ હઝરત ઝૈદ رضی اللہ عنہએ જેટલી પણ માલૂમાત ભેગી થઈ શકતી હતી તેને હાંસલ કરી. હાફિઝોની ગવાહી, અલગ અલગ વસ્તુઓ ઉપર અનેક સહાબાઓની વ્યક્તિગત રીતે લખેલી કુર્આનની નકલો, આ બધું એ મક્સદ માટે હતું કે નકલ કરવામાં દરેક સંભવિત ગલતીઓથી બચવામાં આવે, આ પ્રમાણે કુર્આનની એક બેહદ ભરોસામંદ નકલ તૈયાર થઈ.

અમુક પુરાવાઓથી જાણવા મળે છે કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ જેઓ હઝરત અબૂબક્ર رضی اللہ عنہના ઈ.સ. ૬૩૪માં જાનશીન (અનુગામી) થયા. તેમણે એક જીલ્દ (ધર્મગ્રથ, કુર્આન) તૈયાર કરવી અને તેને તેમણે સુરક્ષિત કરી લીધી તથા પોતાની વફાતના સમયે પોતાની સાહબઝાદી હઝરત હફ્સા رضی اللہ عنہا ઉમ્મુલ મો'મિનીનને સોંપી.

ઈસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉષ્માન رضی اللہ عنہએ જેમની પાસે ખિલાફતનો હોદ્દો ઈ.સ. ૬૪૪થી ઈ.સ. ૬૫૫ સુધી રહ્યો, તેમણે જાણકારોની એક ખાસ જમાઅતને તે સુધારણા કરેલ નુસ્ખો તૈયાર કરવાનું કામ સોપ્યું જેની ઉપર તેઓનું નામ નોંધેલ છે. તે જમાઅતે એ ગવાહીની સચ્ચાઈની પરખ (કસૌટી) કરી જે હઝરત અબૂબક્ર رضی اللہ عنہની સમક્ષ પેશ થઈ હતી જે તે સમય સુધી હઝરત હફ્સા رضی اللہ عنہا પાસે હતું. તે જમાઅતે એ મુસલમાનો સાથે વિચાર વિમર્શ કર્યો જેઓ સંપૂર્ણ (મતન) કુર્આનના મૂળ લખાણના હાફિઝ હતા મતનની સત્યતાનું વિવેચનાત્મક વિશ્વેલષણ ઘણી સખતાઈથી કરવામાં આવ્યું એથી પહેલાં કે કોઈ એવી મામૂલી આયતને પણ જે આયતમાં બેમત હોય કબૂલ કરી લેવામાં આવતી અને કાયમ રાખવામાં આવતી ગવાહોની સહમત રાયને જરૂરી સમજવામાં આવી. *(કન્ઝુલ ઈમાન માસિક, ઉર્દૂ, ફેબ્રુ. ૦૭)*


**૪૯૭ મો ઉર્સે દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ**

બીરપુર શરીફથી સજ્જાદાનશીન પીરે તરીકત હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા સાહબ જણાવે છે કે દર વરસની જેમ આ વરસે ચાંદ ૭ થી ૧૩ રબીઉલ આખરમાં હઝરત કાઝી મેહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہનો ૪૯૭મો ઉર્સ શાનો શૌકતથી મનાવવામાં આવશે. દસમીની રાત્રે કુર્આન ખ્વાની, સંદલ, શજરા શરીફનું પઠન... વગેરે વિધિ શરીઅતના વર્તુળમાં રહીને થશે. ઉર્સ ૧૧મીના મનાવાશે જેમાં હજારોની સંખ્યામાં અકીદતમંદો હાજરી આપશે. બીમારો, જિનની અસરવાળા લોકો આ દરબારમાં તંદુરસ્ત તથા સાજા થાય છે, અને મુસીબતઝદાની મુસીબતો દૂર થાય છે તો સર્વ ચાહકોને ફયૂઝે દરિયાઈ પામવા માટે હાર્દિક આમંત્રણ છે. **–હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા**

સ્ત્રીઓના હક્કો વિશે ઈસ્લામ પર વાંધાઓ તથા તેના લાજવાબ જવાબો

# સ્ત્રીઓના હક્કો અને ઈસ્લામ

કાર્યાલય

ઈસ્લામે જે ચીજોના પાલનનો હુકમ આપ્યો છે એમાં આપણું, આપણા રાષ્ટ્રનું તેમજ આખા જગતના ઈન્સાનોનું ભલુ સમાએલું છે. અને જે ચીજોથી દૂર રહેવાનો હુકમ આપ્યો છે તેનું કારણ કેવળ અને કેવળ એક જ છે કે એમાં આપણુ, આપણા રાષ્ટ્રનું તથા સર્વ દુનિયાવાળાઓનું નુકસાન છે.

પુરૂષ હોય કે સ્ત્રી બંનેના પોત પોતાના હક્કો છે અને દરેકની પોત પોતાની ફરજો છે. મુસ્લિમ સમાજમાં પુરૂષ તથા સ્ત્રી બંનેને સમાન હક્કો મળ્યા છે, પરંતુ ઈસ્લામના ન્યાયપૂર્ણ કાનૂનોની વિરુધ્ધ પશ્ચિમની પોકળ બૂમો ઉઠી અને ધડ માથા વિનાના વાંધાઓ કરવાનું શરૂ કરી આપ્યું કે :–

૧. ઈસ્લામ સ્ત્રીઓના શિક્ષણનો વિરોધી છે.
૨. સ્ત્રીઓ પુરૂષોની સમાન છે પરંતુ ઈસ્લામ તેમનાથી સમાનતાનો હક્ક છીનવે છે જેથી ઈસ્લામ સ્ત્રીઓ પર જુલ્મ કરે છે.
૩. નમાઝની ઈમામત સ્ત્રી કેમ નથી કરી શક્તી ?
૪. તલાકનો અધિકાર પુરૂષોને જ શા માટે ?
૫. છેવટે પુરૂષ જ ચાર શાદી શા માટે કરી શકે ?
૬. ઈસ્લામે સ્ત્રીઓને પર્દાનો હુકમ આપીને તેણીઓ પર જુલ્મ કર્યો છે !

**વાંધો : ૧** ઈસ્લામ વિરોધી બળો ઈસ્લામ પર હુમ્લો કરવા માટે જેવી રીતે અન્ય માધ્યમોનો ઉપયોગ કરી રહેલ છે તેવી જ રીતે ઈસ્લામના લાગુ કરેલા કાનૂનો પર આંગળી ચીંધીને તેના અનુયાયીઓને તેનાથી નફરત કરાવવાની કોશિશ કરી રહેલ છે. ક્યારેક એવું કહીને ઈસ્લામી તા'લીમાત તથા કાનૂનોથી અજ્ઞાન હોવાની સાબિતી રજૂ કરી રહ્યા છે કે ઈસ્લામ સ્ત્રી શિક્ષણનો વિરોધી છે.

**જવાબ** : અમે તેમને જવાબમાં પૂછીએ છીએ કે કોણ કહે છે કે ઈસ્લામ સ્ત્રી શિક્ષણનો વિરોધી છે ? ઈસ્લામે તો પુરૂષોની જેમ સ્ત્રીઓને પણ વ્યક્તિગત સ્વતંત્રતા આપી છે કે પુરૂષોની જેમ સ્ત્રીઓ પણ જે ઈલ્મ હાંસલ કરવા ચાહે અને જે ઈલ્મોમાં નિષ્ણાત બનવા ચાહે તો પોતાના પૂરા અધિકારની સાથે અને સંપૂર્ણ આઝાદી સાથે શરીઅતની હદોમાં રહીને હાંસલ કરી શકે છે. એના બારામાં ઈસ્લામ તદન કોઈ રુકાવટ નથી નાખતો, જેમ કે હુઝૂર ﷺની જાહેરી હયાતમાં અને આપ ﷺના દુનિયાથી પર્દો કર્યા બાદ ખુલફાએ રાશિદીનના જમાનામાં સર્વ સ્ત્રીઓને ઈલ્મો તથા વિદ્યા પ્રાપ્તિની સંપૂર્ણ આઝાદી હતી. કમસે કમ દીનની પાયાની વાતોને જાણવી અને જિમ્મેદારીઓથી માહિતગાર થવું એ તો સ્ત્રી પુરૂષ બંનેના માટે અનિવાર્ય છે અને જો સ્ત્રી તેનાથી અજાણ છે તો ખૂદ પતિ તેણીને શીખવાડે અથવા બીજો કોઈ બંદોબસ્ત કરે. જો પતિ ન શીખવાડે અથવા અન્ય બંદોબસ્ત એના માટે ન કરે તો સ્ત્રી ઈલ્મ પ્રાપ્તિ માટે શરીઅતની તથા સંસ્કારિક હદોમાં રહીને ઘરથી બહાર જઈ શકે છે, ઈસ્લામ ધર્મ તેના માર્ગમાં કોઈ રુકાવટ ખડી નથી કરતો. જે ધર્મના નબી ﷺનો એ આદેશ હોય કે, **''ઈલ્મ (વિદ્યા) પ્રાપ્ત કરવી દરેક મુસલમાન પુરૂષ સ્ત્રી પર ફરજ છે.''** તેના પર જ આ આક્ષેપ ! બતાવો કોઈ ધર્મમાં આવો આદેશ ? આટલી વિદ્યા પ્રાપ્તિની તાકીદ ? ક્યાંય નહીં મળે ! છતાં વિરોધીઓ આંધળા બની ઈસ્લામ વિરુધ્ધ ચિલ્લાઈ રહ્યા છે.

**વાંધો : ૨** કહે છે કે ઈસ્લામમાં સ્ત્રીઓનો દરજ્જો પુરૂષોથી ઉતરતો છે જ્યારે કે "સ્ત્રીઓ પુરૂષની સમાન છે" વિરોધીઓ આ નારો લગાડતાં થાકતા નથી !

**જવાબ** : આ અક્કલના ઓથમીર લોકોને સમજાવવા માટે કુર્આન અલલ એલાન જાહેરાત કરી રહ્યું છે કે :–

خَلَقَكُمْ مِنْ نَفْسٍ وَّاحِدَةٍ وَّ خَلَقَ مِنْهَا زَوْجَهَا

"અલ્લાહે તમને સૌને એક જીવ વડે પેદા કર્યા અને એ જ જિન્સ (જાત)થી એના જોડાને પેદા કર્યું."

અને ફર્માવ્યું :–

لِلرِّجَالِ نَصِيبٌ مِّمَّا اكْتَسَبُوا وَلِلنِّسَاءِ نَصِيبٌ مِّمَّا اكْتَسَبْنَ

"પુરૂષ જેવો અમલ કરે તેનું ફળ તે પામશે અને સ્ત્રીઓ જેવો અમલ કરશે તેનું ફળ તેણીઓ પામશે."

રબ તઆલાના આ આદેશોના પ્રકાશમાં જાણવા મળે છે કે **ઈસ્લામે દુનિયાવાળાઓને દર્શાવી આપ્યું કે સ્ત્રી પણ તેવી જ માનવ છે જેવો કે પુરૂષ.**

હવે અમે તે પશ્ચિમી જાનવરોને પૂછવા ચાહીએ છીએ કે પશ્ચિમના વાસનાના પૂજારીઓ ! "સમાનતા"નો નારો તો તમો ખૂબ લગાડો છો પણ તમારા ગરેવાનમાં ઝાંકીને જુઓ કે તમે સ્ત્રીઓને કેટલા હક્કો આપ્યા ? આજે તો દેશોમાં જ્યાં સમાનતાના ઝંડાધારીઓના કહ્યાનુસાર સ્ત્રી સંપૂર્ણ આઝાદ છે અને પુરૂષના કદમથી કદમ મિલાવીને પ્રગતિના પંથે દોડી રહી છે, મોટા હોદ્દાઓ પર સ્ત્રીઓ જરૂર હોય છે પણ અફસોસ ! કે મોટા હોદ્દાઓ ઉપર પુરૂષની સરખામણીમાં સ્ત્રીઓ મુશ્કેલીથી અમુક જ ટકા જોવા મળે છે.

સૌ પ્રથમ અમેરિકાનું નિરીક્ષણ કરો જ્યાં ગવર્નમેન્ટી હોદ્દાઓ પર અમુક ટકા સ્ત્રીઓ જરૂર મળશે પણ આજ સુધી કોઈ ખુશનસીબ સ્ત્રી અમેરિકાની પ્રમુખ ન બની શકી અને ગયા વરસે પોપ જોન પાલના મૃત્યુ પછી બીજા પોપની ચૂંટણીના માટે ડઝનબંધી પુરૂષો લાઈનમાં હતા પણ એક સ્ત્રીને જગા પણ આપવામાં ન આવી ! ક્યાં છે સમાનતા ? સ્ત્રીને પણ પોપ બનાવો !

સમાનતાના સૂત્રો પોકારનારાઓનો સ્ત્રીઓ સાથે ભેદભાવ ભર્યો વર્તાવ ખૂદ તેમના નિયમો હેઠળ જોતાં કેટલો જુલ્મભર્યો છે ?

હાલમાં જ એક ફિલ્મી અદાકારે કહ્યું કે, "ફિલ્મી દુનિયા પુરૂષોના પ્રભાવ હેઠળ છે." અને એક અન્ય સ્ત્રી ફિલ્મી કલાકારે કહ્યું કે, "હોલીવુડ પર પુરૂષોનો પ્રભાવ છે." એ વિચારવાની વાત છે કે **જે ક્ષેત્રમાં સ્ત્રીઓને સૌથી વિશેષ આઝાદ સમજવામાં આવે છે ત્યાં પણ તેણીની હૈસિયત બીજી કક્ષાની છે. તો શું સ્ત્રીઓને કેવળ પૈસા કમાવા માટે નગ્ન કરી નચાવીને પુરૂષોનું મનોરંજન જ કરવામાં આવી રહ્યું છે ?! આ તેમને આઝાદી મળી છે કે તેણીઓનું શોષણ થઈ રહ્યું છે ?**

**વાંધો : ૩** એક મહત્વનો વાંધો તેઓ એ પણ કરે છે કે સ્ત્રી નમાઝની ઈમામત કેમ નથી કરી શકતી ?! જ્યારે કે તમે કહો છો કે ઈસ્લામ સ્ત્રી તથા પુરૂષ બંનેને સરખા હક્કો આપે છે. તો જેવી રીતે પુરૂષ ઈમામતનો હક્કદાર છે તો સ્ત્રીને પણ તેણીનો હક્ક મળવો જોઈએ અને સ્ત્રીને પણ ઈમામતની ઈજાઝત આપવી જોઈએ.

**જવાબ** : સંસ્કારિક સભ્યતા તથા સંસ્કારથી પર લોકોને અમે જવાબ આપીશું કે નમાઝ ખુદા તથા બંદાની વચમાં એક રહસ્ય છે, નફ્સની પવિત્રતાનો એક ઝરીયો છે, નમાઝ ખુદાની નિકટતાનો એક જબરદસ્ત તરીકો છે, એના માટે દિલની એકાગ્રતા અને અને તલ્લીનતા જરૂરી છે, એટલા માટે હુઝૂર ﷺ સ્ત્રીઓનું આગલી સફોમાં રહેવાને નાપસંદ કરતા હતા, કેમ કે એ સ્થિતિમાં

સ્વભાવિકપણે પુરૂષોનું ધ્યાન ભંગ થાય અને નમાઝનો હેતુ મરી પરવાડે. હવે જો સ્ત્રીને આગલી સફથી પણ આગળ ઈમામતના સ્થાને ઉભી કરી દેવામાં આવે તો શું સ્થિતિ ઉભી થશે ?! પછી શું એ નમાઝ ઈબાદત રહેશે કે ખરાબી ઉત્પન્ન કરશે ?! તેમજ એને પણ છોડો, પણ સ્ત્રીઓના માટે મહીનામાં અમુક દિવસો એવા હોય છે જેમાં ઈસ્લામી શરીઅત તેમને નમાઝ, રોઝા વગેરેથી રોકે છે, તો જો સ્ત્રીને ઈમામ બનાવી દેવામાં આવે અને ઈમામત દરમ્યાન જો માસિકનું લોહી આવી જાય તો તેણીની પણ નમાઝ જશે અને અન્યોની પણ. હવે તમે મને જણાવો કે શું આવા સંજોગોમાં સ્ત્રી પોતાનો આ અંગત મામલો મુક્તદીઓ સમક્ષ જાહેર કરી શકે છે ?! સ્ત્રી હયાનું પૂતળુ છે, જેથી તેણી કદી એવી હિંમત નથી કરી શક્તી. જો જાહેર કરશે તો આ સંજોગોમાં પણ લોકો રમૂજપૂર્વક તેણીની આ સ્થિતિની ચર્ચા કરશે. તો જરા બુદ્ધિ તથા સમજને હાજર કરીને બતાવો કે આવી હાલતમાં સ્ત્રીની ઈજ્જત થશે કે બેઈજ્જતી ? કે તેની ફજેતી ?!

**વાંધો : ૪** એક વાંધો એ પણ કરવામાં આવે છે કે ઈસ્લામે તલાક઼નો હક્ક઼ કેવળ પુરૂષોને આપ્યો છે અને સ્ત્રીઓને એનાથી વંચિત રાખી. આ રીતે ઈસ્લામ સ્ત્રીઓ પર જુલ્મ કરે છે અને સમાનતા નથી રાખતો.

**જવાબ** : આ વાંધાનો જવાબ અમે એ આપીએ છીએ કે ઈસ્લામે સ્ત્રીની તમામ જિમ્મેદારીઓ દા.ત. ભરણપોષણ વગેરે પુરૂષોના જ માથે રાખેલ છે. તો જો એ કારણે તલાક઼નો હક્ક઼ પણ પુરૂષોને આપ્યો છે તો એ યોગ્ય વાત છે. કેમ કે પતિ પત્ની પર વિ□ાસ કરીને કે તેણી મારી પત્ની છે અને તેણી મારાથી અલગ નથી થઈ શકતી તે દેર પરદેશ ચાલ્યો જાય છે. (અને એ વાત સિદ્ધ થયેલી છે કે સ્ત્રી અપૂર્ણ બુદ્ધિવાળી છે અને પુરૂષની સરખામણીએ દિમાગી એતબારથી પણ કમજોર છે અને તેણીની લાગણીઓ જલ્દી ભડકી ઉઠે છે અને તે કાંઈ સોચ્યા સમજ્યા વિના ફૈંસલો કરી લે છે. એનો અંદાજો એ વાતથી પણ સારી પેઠે કરી શકાય છે કે, હાલના દિવસોમાં એક ફિલ્મી હિરોઈને પોતાના પતિથી તલાક઼ની માંગણી કરી અને સાથોસાથ સુપ્રિમ કોર્ટનો દરવાજો ખટખટાવી દીધો, કેવળ એ કારણે કે તે પોતાની પુત્રીને પોતાની સાથે પરદેશ લઈ જવા દેતો ન હતો.) તમે બે મિનિટના માટે દિમાગને હાજર કરીને વિચારો કે જો તલાક઼નો હક્ક઼ બંનેને આપવામાં આવે તો પત્ની પતિની ગેરહાજરીમાં તેની માલ મત્તાને લઈને અથવા છોડીને રફુચક્કર થઈ જાય તો ?! વળી તેમનો આ વાંધો ઉઠાવવો કે ઈસ્લામે સ્ત્રીઓને તલાક઼ના હક્કથી વંચિત રાખી છે એ વાંધો સરાસર ગલત છે, કેમ કે ઈસ્લામે સ્ત્રીઓને ખુલઅ (નિકાહથી મુક્તિ પામવી) તથા તફ્વીઝના રૂપમાં તલાક઼નો હક્ક઼ આપ્યો છે. એટલે કે પુરૂષ તલાક઼નો હક્ક઼ પત્નીને સુપરત કરી આપે અથવા સ્ત્રી અમુક રકમ આપીને તલાક મેળવી લે.

**વાંધો : ૫** દુનિયાના પૂજારીઓ અને ઈસ્લામના દુશ્મનો તરફથી એક વાંધો એ પણ કરવામાં આવે છે કે ઈસ્લામ પુરૂષોને ચાર શાદીઓનો હક્ક઼ આપીને નફ્સ પરસ્તી અને ઐયાશીની તા'લીમ આપે છે. જો એવું જ હોય તો પછી એકલા મર્દો જ શા માટે ?! સ્ત્રીઓને પણ એની ઈજાઝત મળવી જોઈએ !

**જવાબ** : આ પૂર્વગ્રહનું આંજણ આંજનારાઓને ખબર નથી કે ઈસ્લામનો કોઈપણ ક઼ાનૂન હિકમતથી ખાલી નથી હોતો. સ્ત્રીઓને ચાર શાદીની રજા એટલા માટે નથી આપવામાં આવી કે સ્ત્રીના પેટથી પેદા થનાર બાળકોનો વંશ ગુમનામ થઈ જશે અને તે ખ્વાહિશ કરનારા પુરૂષોમાં પણ ટકરાવ ઉભો થશે. એથી ઉલ્ટુ પુરૂષ બાબતે કે તે ચારમાંથી જેની સાથે ચાહે સંભોગ કરી શકે છે અને એના કારણે

વંશની નિશ્ચિતતા પણ સલામત રહે છે. **પરંતુ એ ઈજાઝત પુરૂષને ઈસ્લામે એ સંજોગોમાં આપી છે કે જ્યારે કે તે એ સર્વ પત્નીઓમાં ન્યાય તથા સમાનતા રાખી શક્તો હોય. જો ન્યાય તથા સમાનતા કરવાથી લાચાર છે તો ઈસ્લામ ચાર પત્નીઓ કરવાની રજા હરગિઝ નથી આપતો.**

અલ્લાહ તઆલા કુર્આને મુકદ્દસમાં ઈર્શાદ ફર્માવે છે :–

فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِنَ النِّسَاءِ مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ فَاِنْ خِفْتُمْ اِلَّا تَعْدِلُوْ فَوَاحِدَةً

''જે સ્ત્રીઓ તમને પસંદ આવે તેમને નિકાહમાં લાવો, બે–બે, ત્રણ–ત્રણ, ચાર–ચાર. પછી જો ડરો કે ન્યાય તથા સમાનતા નહીં કરી શકો તો એક જ કરો.''

## અધિક સંખ્યામાં પત્નીઓ શા માટે?

**૧.** સ્ત્રી વાંઝિયી છે અને પુરૂષની ઈચ્છા છે કે બાળ જન્મ થાય.

**૨.** પ્રથમ પત્નીને એવી બીમારી લાગી ગઈ જેના કારણે પતિ પત્નીના વચ્ચે સંભોગ થવો મુશ્કેલ છે.

**૩.** કોઈ આકસ્મિક સંજોગોના કારણે કોઈનાથી મહોબ્બત થઈ જાય અને સામી બાજુથી તેને સમર્થન હોય.

**૪.** તંદુરસ્તી તથા ખુશહાલીના સબબે અમુક પુરૂષોમાં વાસના અધિક હોય છે, જો અધિક પત્નીઓની રજા ન હોય તો પુરૂષનું હરામ કામોમાં સપડાઈ જવાનો ભય રહે છે.

**૫.** જે તલાક઼ પામેલ તથા વિધવા સ્ત્રીઓ હોય છે તેમની શાદીનો મામલો મુશ્કેલ હોય છે, જો પત્નીવાળો પુરૂષ આવી તેણી સાથે શાદી કરી લે તો તે સ્ત્રી સુકૂન તથા ઈત્મિનાનની જિંદગી પસાર કરી શકે છે.

**૬.** બીજી વાત એ છે કે દુનિયાના ઘણા ઈલાકાઓ યુદ્ધોમાં બર્બાદ થઈ જાય છે, એમાં પુરૂષો જ કામ આવે છે જેથી પુરૂષોની કમી થઈ જાય છે અને સ્ત્રીઓની અધિક્તા , તો હવે એ વિધવાઓનો ઈલાજ શું થાય ?!

આ સબબોના કારણે બહુપત્નીત્વ એક ન રોકી શકાય તેવી બાબત છે. પરંતુ સ્ત્રીઓને બહુપતિત્વ આપવામાં આવે તો જીવન વ્યવસ્થા વેરવિખર થઈ જાત. દા.ત. વંશમાં ભેળસેળ થતી અને ખબર ન પડત કે બાળકનો પિતા કોણ છે ? અને પછી તેના કારણે બાળકની તા'લીમ તથા કેળવણી પર અસર પડત. અને બીજું એ કે એ બેહયાઈનું ઉઘાડુ પ્રકરણ છે, જો કોઈ દિવસે ચારેવ પતિ એવો ઈરાદો કરી લેત કે અમારે પત્ની પાસે જવું છે તો એવા સંજોગોમાં તે બીચારીની હાલત અકથ્ય થઈ જાત અને એ પુરૂષોમાં પણ દુશ્મનીનો દરવાજો ખુલી શક્તો હતો.

આ સર્વ મસ્લેહતોને નજર સમક્ષ રાખીને ઈસ્લામે પુરૂષોને તો ચાર શાદીની ઈજાઝત આપી અને સ્ત્રીઓને એનાથી મના કર્યું. હવે જો કોઈ બુદ્ધિવાન અને સમજદાર આ સર્વ હિકમતો અને મસ્લેહતોને જોઈને પણ ઈસ્લામના આ કા઼નૂન પ્રતિ આંગળી ચીંધે તો એનાથી મોટો બેવકૂફ કોઈ નહીં હોય.

**વાંધો : ૬** પશ્ચિમી સંસ્કૃતિના પૂજારીઓ હજી વાંધાઓ કરવાથી થાક્યા નથી. આટલા વાંધાઓ કરવા છતાં પણ તેમનું પેટ નથી ભરાતુ અને પોતે જ્ઞાનથી કોરા હોવાના ડંકા વગાડી રહ્યા છે. તેઓ એક વાંધો એ પણ કરી રહ્યા છે કે ઈસ્લામે સ્ત્રીને પર્દાનો હુકમ આપીને તેણી પર જુલ્મ કર્યો છે અને તેમને ઘરોમાં કેદ કરીને કેન્સર જેવી જીવલેણ બીમારીને ઉત્તેજન આપ્યું છે. એટલા માટે કે કેવળ ઘરોમાં કેદ રહેવાથી બહારની તાજી હવાથી વંચિત રહેવાના કારણે કેન્સર જેવો જીવલેણ રોગ જન્મ લે છે !

**જવાબ**: સૌ પ્રથમ તો અમે તેમને એ પૂછવા ચાહીએ છીએ કે જો ઘરોમાં કેદ રહેવાથી અને તાજી હવા ન ખાવાથી કેન્સર થાય છે તો એ બીમારીમાં સ્ત્રી જ શા માટે ખાસ છે પુરૂષો તો ઘરોમાં કેદ નથી રહેતા અને એ તો તાજી હવા પણ ખાય છે તો પછી પુરૂષોને કેન્સર શા માટે થાય છે ?

હવે આ નિરર્થક વાંધાનો જવાબ પણ સાંભળો ! ઈસ્લામે સ્ત્રીઓને પર્દાનો હુકમ આપીને તેમના પર મહાન એહસાન કર્યું છે, જો ઈસ્લામે આ સુંદરતાની પૂતળીઓને પર્દાનો હુકમ ન આપ્યો હોત તો સૃષ્ટિની વ્યવસ્થામાં કેટલી ખરાબીઓ જન્મ લેત એ ગણત્રી બહાર છે. વર્તમાનકાળમાં જે બેહયાઈ તથા બિભત્સતાની ભરમાર છે તે આ જ બેપર્દગીની ભેટ છે એની ભાળ ડો. સ્ટીફનના આ લખાણથી સારી પેઠે મળે છે. ડો. સ્ટીફન કલાર્ક લખે છે :–

''સ્ત્રી તથા પુરૂષની ભેળસેળ, નામહરમો (ભલે સગાં હોય)નું ઘરમાં વિના રોકટોક આવવું જવું, આમ સંબંધીઓનું ઘરોમાં વિના ઈજાઝત ઘુસી જવું, ચાય પાણી કરવું આ સર્વ ચીજો મારી દષ્ટિએ નુકસાનકર્તા છે અને એની અસર પેઢીઓ સુધી પહોંચે છે. મેં આ ભેળસેળથી પુરૂષોને સ્ત્રીઓની પ્રતિ આકર્ષિત જોયા, ઘરોને ઉજડતાં જોયાં, સ્ત્રીઓ અને પુરૂષોને જેલ જતાં જોયાં, તેનું કારણ ઘરમાં વિના રોકટોકની આવજા છે અને બસ.''

પશ્ચિમના સંકૂચિત દષ્ટિવાળાઓએ ઈસ્લામના આ કાનૂનને ગંભીરતાથી ન લીધો અને તેઓ લે પણ કેમ કરીને ! જ્યારે કે પર્દો તેમની વાસના ભૂખ અને હવસખોરીના માર્ગમાં આડ ઉભી કરી રહ્યો છે.

આજે પશ્ચિમના ગુલામો સ્ત્રી આઝાદીની જે વાત કરી રહ્યા છે એમાં એમની ખતરનાક ચાલ સામેલ છે. પર્દો તથા હિજાબના બારામાં ગૈરો પણ મુસલમાનોની સાથે સાથે તેના ફાયદા તથા મહત્વનો સ્વીકાર કરી રહ્યા છે કે યકીનન ! ઈસ્લામે સ્ત્રીઓને પર્દાનો હુકમ આપીને તેમના પર મહાન એહસાન કર્યું છે. ઈસ્લામે સ્ત્રીઓને પર્દામાં અને હિજાબનો હુકમ આપીને ખરેખર સાચી ઈજ્જતનો માર્ગ બતાવ્યો અને તેણીને ઘરમાં રાખીને તેની આબરૂ તથા ચારિત્રની રક્ષાનો સામાન પૂરો પાડયો છે. જો સ્ત્રી ઘરથી બહાર બેપર્દા ઘુમતી ફરતી અને સંપૂર્ણ આઝાદ થઈ જાત તો ખબર નહીં મુસ્લિમ સમાજનો શો હાલ થાત. એ સર્વ વાંધાઓ અને તેના જવાબોથી એ વાત ચમકતા, સૂરજ જેમ સ્પષ્ટ થઈ જાય છે કે ઈસ્લામે સ્ત્રીઓને રૂહાની, અંગત, સાંસ્કૃતિક, સામાજિક અને તા'લીમી હેસિયતોથી શું શું નથી આપ્યું.

## વર્તમાનકાળમાં આઝાદીના નામ પર સ્ત્રી શોષણ

આજકાલ સ્ત્રીઓ જેને સમાનતા તથા આઝાદી સમજી રહી છે પણ હકીકતમાં એની આડમાં ખરેખર તેણીઓનું શોષણ થઈ રહ્યું છે. પશ્ચિમી વાસના ભૂખ્યાઓએ પોતાની વાસના સંતોષવાના માટે સ્ત્રીઓને એક ઘોકામય સૂત્ર આપ્યું કે, ''સ્ત્રીઓ પુરૂષો સમાન છે.'' જાહેરી રીતે આ દિલને મોહી લેનાર સૂત્ર સ્ત્રીઓને ખૂબ જ ગમ્યું અને પછી તેણીઓએ પણ પશ્ચિમી જાનવરોની સાથે મળીને સમાન હક્ક તથા આઝાદીનો નારો લગાડયો. પણ અફસોસ ! આ બહેનો એનાથી બેખબર છે કે આ મૂડીવાદીઓ ''સમાનતા''નો નારો આપીને તેણીઓનું શોષણ કરી રહ્યા છે.

આજે આપણે કોઈ પણ ખાતા, વિભાગ કે ડિપાર્ટમેન્ટનું નિરીક્ષણ કરીએ તો એ વાત આપણા પર ખૂબીપૂર્વક જાહેર થઈ જાય છે કે એમાં અધિક્તા કોની છે, પુરૂષની કે સ્ત્રીની ? આજે પણ ઓફીસના કામોમાં તે જ હસીનાઓને ઓફર મળે છે જેમનામાં આકર્ષણ તથા ગ્રાહકોને પોતાના પ્રતિ આકર્ષવાની ભરપૂર કાબેલિયત હોય છે. જેમ કે મેગેઝીનો વર્તમાનપત્રો તથા પેમ્પલેટોમાં વારંવાર જોવામાં આવ્યું છે કે ઓફીસ વર્કના માટે એ શરતની સાથે જાહેરાત આપવામાં આવે છે કે તે જ છોકરીઓ

સંપર્ક કરે જે દેખાવડી તથા મનોહર હોય. અને જાહેર છે કે આ સર્વ ચીજો સરાસર સ્ત્રીઓના શોષણના માટે છે, તેણીઓના હક્કો પૂરા પાડવાના માટે હરગિઝ નથી. આજના દરેક સમજદાર પુરૂષ તથા સ્ત્રીના માટે જરૂરી છે કે તે એ વાત પર વિચાર કરે કે, ''સમાનતા''ના આ સૂત્ર (નારા) પાછળ પશ્ચિમવાસીઓની અંદર સ્ત્રીઓ માટે કેટલી હમદર્દી છે ?! અમે તો કહીએ છીએ કે પશ્ચિમી શૈતાનોએ હોટલો, રેસ્ટોરન્ટો, નાટયગૃહો, પાર્કો, ફરવાના સ્થળો, સીનેમા હોલો, કંપનીઓ, વેપાર તથા કારોબારના અને ''ફેશન શો''ના નામ પર તેણીઓનું બ્લેક મેલિંગ કરીને તેણીઓનો ઉપયોગ કર્યો છે અને તેમના પર જુલ્મ કર્યો છે, એવો જુલ્મ જેનું ઈતિહાસમાં કોઈ દષ્ટાંત નથી મળતું.

આજે ખાસ કરીને સ્ત્રીઓને સ્વતંત્ર રીતે વિચારવાની અને નિષ્પક્ષપણે ચિંતન કરવાની જરૂર છે કે પશ્ચિમના ''સમાનતા''ના સૂત્ર પાછળ તેમના માટે હમદર્દી છે કે છેપરપિંડી ?!

## સ્ત્રીઓમાં વધી રહેલ ગુમરાહીનો જિમ્મેદાર કોણ ?!

ઈસ્લામે સૌથી અધિક ધ્યાન સ્ત્રી વર્ગ પર આપ્યું છે પરંતુ આજના આ પ્રગતિ પામેલ ધોકાબાઝ દૌરની ચમક દમકને જોઈને સ્ત્રીઓ ઈસ્લામી બંધારણને પૂરાણુ અને જૂનવાણી સમજે છે, તેમની નજીક ખુદાઈ કાનૂન જેલ ખાનુ છે, જ્યારે કે ખરેખર તો ખુદાઈ કાનૂન તેણીઓ માટે હિફાઝતખાનુ (સલામતીનું સ્થળ) છે. આવા વિચારો કેવળ તે જ સ્ત્રીઓ ધરાવે છે જેઓ ઈસ્લામી શિક્ષણથી અજ્ઞાન છે અથવા તો પછી એ કે એમનાં માથાંઓ પર આઝાદીનું ભૂત સવાર છે.

લગભગ એક દસકાથી અધિક અરસાથી દરેક નેક દિમાગ તથા નેક ચિંતન રાખનાર તથા પવિત્ર સમાજનો ઈચ્છુક શખ્સ સ્ત્રીઓની ઈજ્જત તથા આબરૂને લઈને એક અજીબ ઉલઝનમાં સપડાયેલ છે. કોઈ પણ સમજદાર એ ફૈંસલો નથી કરી શક્તો કે છેવટે તેણીઓની ઈજ્જતની પાયમાલી તથા તેણીઓ ભટકી જવાનો જિમ્મેદાર કોણ છે ?!

ઈસ્લામે ૧૪૦૦ વરસ પહેલાં તેણીઓની જાનોની હિફાઝત કરતાં એ એલાન કર્યું હતું કે, ''તેણીઓને જીવતી ન દાટો ! તેમને પણ માંઓનાં પેટોએથી બહાર આવીને જિંદગી ગુજારવાનો હક્ક આપો.''

બરાબર એ જ પ્રમાણે ઈસ્લામે તેણીઓની ઈજ્જત આબરૂ તથા પવિત્રતા તથા ચારિત્રને પણ ધ્યાનમાં રાખીને એ હુકમ આપ્યો હતો કે હે ઈજ્જતદાર સ્ત્રીઓ ! તમે ઘરની અંદર જ રહેશો, જરૂરત વિના ઘરની બહાર બેપર્દા ન નીકળશો, ઘરથી બહાર નીકળતી વખતે પર્દાનો જરૂર ખયાલ રાખશો, એવાં કપડાં ન પહેરશો કે જેનાથી નગ્ન જણાવ અને કોઈની વાસનામય નજરો તમારા હુસ્નને પી લે. રસ્તે ચાલતી વખતે એક કિનારેથી ચાલજો, એવી પાઝેબ (સેમ્પલ) અને ખુશ્બુ લગાડીને ન ચાલશો જેનો અવાજ તથા સુગંધથી લોકોનાં દિલમાં હલચલ પેદા થાય. જુઓ ! ખબરદાર ! નાઈટ કલબો, ડાન્સ પાર્ટીઓ, ફેશન શોઓ તથા ફિલ્મોની શોભા ન બનશો. હોટલો, રેસ્ટોરેન્ટો તથા પિકનિકના સ્થળોમાં સૈર કરવી એ તમારી પાકી તથા ચારિત્રના માટે ખતરનાક રહેશે અને સમાનતાનો નારો તમારા હક્કમાં ઝેરીલો સાબિત થશે. પણ અફસોસ ! કે જ્યારે સ્ત્રીઓને આ તા'લીમ આપવામાં આવે છે તો તેણીઓ તેને હક્ક મારવું, જૂનવાણીપણુ તથા રૂઢીચુસ્તતા જેવા ન જાણે કેટલા અને કયા કયા વિશેષણોથી સંબોધે છે અને નિઃસંકોચ એવું કહી આપે છે કે, મિયાં ! આ એકવીસમી સદી છે ! મોર્ડન કલ્ચર તથા મોર્ડન સોસાયટીની સદી છે, હવે પૂરાણી વાતો કરવી એ તમારા વિચારો તથા એહસાસોના મુર્દા હોવાની દલીલ છે ! વળી તેણીઓની હઠધર્મી તથા મોર્ડન પસંદી તથા પશ્ચિમી ગુલામીનું પરિણામ તેણીઓને

માટે વ્યભિચાર, અપહરણ, બળાત્કાર તથા બ્લેકમેલિંગ જેવા દુઃખદ આઘાતજનક સ્વરૂપોમાં જાહેર થાય છે.

આ થોડાક લખાણનો અભ્યાસ કરીને વાંચકો જાતે જ ફેંસલો કરી શકે છે કે સ્ત્રીઓના સ્વચ્છંદી થઈ ભટકી જવાનો જિમ્મેદાર કોણ છે ?! અમારા ખયાલ પ્રમાણે આ સ્ત્રીઓની ગુમરાહીમાં અન્યોની જેટલી દખલ છે એનાથી વિશેષ સ્ત્રીઓનો એમાં મહત્વનો રોલ સમાયેલો છે. ખૈર, આ તો રહી સ્વચ્છંદીપણાની વાત પરંતુ હવે એ ફેંસલો કરવાનો રહેશે કે આ સ્વચ્છંદીપણાનું નિવારણ કેવી રીતે કરવામાં આવે અને તેના નિવેડાના બારામાં કોણ મહત્વનો ભાગ ભજવી શકે છે ? તો તેના માટે થોડીક અદના તદબીરો રજૂ કરી રહ્યા છીએ, જો તેના પર અમલ કરવામાં આવે તો ઘણી હદ સુધી સ્ત્રીઓની ઈજ્જતની પાયમાલી, બેઆબરૂપણુ તથા ગુમરાહીને કંટ્રોલ કરવામાં આવી શકે છે.

જેમ કે જો આજે નેક સમાજ બનાવવો છે તો સ્ત્રીઓએ પોતાના કદમો પાછળ લઈ જવા પડશે અને ફરીથી તેણીઓને ભૂતકાળની રવિશને અપનાવવી પડશે અને ઈજ્જત તથા આબરૂ, પાકદામની તથા ચારિત્ર્યની પોતાના શિયળની રક્ષાના માટે સૌ પ્રથમ પોતાનું તેમજ માહોલનું નિરીક્ષણ કરવું પડશે અને પકડ કરવી પડશે. એના અનુસંધાનમાં માં બાપ પણ બેહતરથી બેહતર કિરદાર અદા કરી શકે છે. એક તો એ કે પોતાની દીકરીઓને સહીહ તા'લીમાત, દીની વાતો તથા સભ્યતા તથા સુઘડપણાથી માહિતગાર કરાવે. અને બીજુ એ કે તેમના પહેરવા ઓઢવા તથા હરવા ફરવા પર તીવ્ર દષ્ટિ રાખે. બીજું તેણીઓ ઘરેથી જવાના સમયો પર ધ્યાન આપે અને તેણી કેવી રીતે લોકો સાથે મેલજોલ રાખે છે તેનો પણ ખયાલ રાખે. અને બાળપણથી જ તેણીને દીની સમજ ઈજ્જત આબરૂ તથા દુનિયાની બુરાઈ તથા બુરી સ્ત્રીઓની સોહબતથી દૂર રહેવા સમજાવે તો જરૂર એ યુવાન થતાં સાવધાન જિંદગી જીવીને ઈજ્જતદાર સચત્રિવાન યુવતી બનશે.

*(અશ્રફિયહ, મુબારકપુર, ઉર્દૂ–ડિસેમ્બર–૦૬)*

પેજ નં. ૧૧ નું ચાલુ....

સાંભળી લીધો જે કૌમના તરફથી આપને મળ્યો છે, એ માટે ખાલિક઼ વ માલિકે પહાડોના નિરીક્ષક ફરિશ્તાને મોકલ્યા છે, આપ તેમને જે પણ હુકમ આપશો તેનું તેઓ પાલન કરશે. પહાડના ફરિશ્તાએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ જો આપ હુકમ આપો તો હું ફલાણો પહાડ ઉઠાવીને કુરૈશના કાફિરો પર રાખી દઉં ! સઘળુ સાંભળ્યા પછી તે મુજસ્સમએ રહમતે દુનિયાના ઈતિહાસનાં પાનાંઓ પર મહાન ફૈંસલો લખાવી દીધો કે, અલ્લાહ તઆલા તેમના વંશથી એવી વ્યક્તિઓ પૈદા કરશે જે કોઈને ખુદાનો શરીક ઠરાવશે નહીં અને કેવળ એક જ મહાન અને શ્રેષ્ઠ ખુદાની ઈબાદત કરશે, હું તેના વિશે સંપૂર્ણ આશાવાદી છે.

ઈબ્ને અલ્મકન્દ رضی اللہ عنہથી રિવાયત છે કે, હઝરત રૂહુલ અમીન علیہ السلامએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી હતી કે, અલ્લાહ તઆલાએ આસમાનો, જમીનો અને પહાડોને આપની પૈરવીનો હુકમ આપી દીધો છે, જેથી આપ જે પણ હુકમ કરશો તેનું માથુ ઝુકાવી સ્વીકારી અને તેનું પાલન કરશે. આપે ફર્માવ્યું, દૂરોગામી પરિણામને નજર સમક્ષ રાખતાં અઝાબનાં વિલંબ ઈચ્છું છું, શક્ય છે કે અલ્લાહ તઆલાનો કરમ થાય અને તેઓને તૌબાની તૌફીક પ્રાપ્ત થાય.

## ★ ઊંટથી નરમી ★

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہما (વફાત : હિ.સ. ૩૨) ફર્માવે છે કે, રસૂલલ્લાહ ﷺ અમારી પરેશાનીઓ દૂર કરવા માટે ક્યારેક ક્યારેક આશ્વાસન આપતા. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે, એક દિવસે હું એવા ઊંટ પર હતી જે મને તંગ કરી રહ્યો હતો ત્યારે મેં તેને આમ તેમ દોડાવવાનું શરૂ કરી દીધું. નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે, નરમી ધારણ કરો !

હરમ શરીફ હોય કે દુનિયાનો ગમે તે ખૂણો હોય...

# વહાબી પાછળ દુનિયામાં ક્યાંય નમાઝ થશે નહીં !

અઝ : હઝરત અલ્લામા મુફ્તી ગુલામ જીલાની મિસ્બાહી-દયાદરા

ગતાંકથી શરૂ.... (છેલ્લો હપ્તો)

અનુવાદક તથા સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

માસ્તર સાહબના પત્રમાં "તન્વીરુલ્ હુજ્જહ્ બિજવાઝિ ઈલ્તિવાઈલ હજ્જહ્"નામની પુસ્તિકાના હવાલાથી કે જેમાં એક પ્રશ્નનો જવાબ લખવામાં આવ્યો છે, એ જવાબના સંબંધે એટલી વાત રજૂ કરવી જરૂરી સમજુ છું કે એ ફત્વાનો ધ્યાનપૂર્વક અભ્યાસ જરૂરી હતો કેમ કે **ફિક્હનો મશ્હૂર નિયમ છે કે જો હજ્જનો માર્ગ વગેરે સંપૂર્ણ સલામત ન હોય તો શક્તિ (ઈસ્તિતાઅત) માન્ય ગણાશે નહીં એટલે કે તેના પર હજ્જ વાજિબ નથી થતો ત્યાં સુધી કે અમ્નો શાંતિ તથા સલામતિ યથાવત ન થઈ જાય.** એ કિતાબમાં પ્રશ્નકર્તાએ એ જ વાત પૂછી છે, જેમ કે હઝરત મુફ્તી સાહબના લખેલા શબ્દો પરથી અંદાજો થાય છે : **"પ્રશ્નકર્તાના વર્ણન કર્યા પ્રમાણે તેમજ અન્ય હાજીઓ તથા ફાઝિલોના વર્ણન કર્યા પ્રમાણે સલામતિ નથી તો હજ્જની ફર્ઝિયત સાકિત છે અને અદા કરવું લાઝિમ નથી."** અસલામતિની જે સ્થિતિ પ્રશ્નકર્તાએ પોતાના પ્રશ્નમાં રજૂ કરી છે તેને લક્ષમાં રાખીને આ જ ફત્વો આપી શકાય છે, કેમ કે એ જ શરીઅતનો હુકમ છે, ભલે અસલામતિની આ સ્થિતિ વરસો વરસ સુધી રહે. અને આ કોઈ આશ્ચર્યની વાત નથી કેમ કે **જો કોઈ માણસ પર બેહોશી છવાઈ જાય અને લંબાતી ગઈ ત્યાં સુધી કે પાંચ સમયોની નમાઝ બેહોશીની સ્થિતિમાં પસાર થઈ ગઈ તો તેની એ સર્વ નમાઝો માફ થશે, ભલે વરસોના વરસ સુધી બેહોશી લંબાતી રહે.** એ જ પ્રમાણે હજ્જના ફર્ઝની અદાયગી સહીહ થવાના અદા કરવાના માટે સલામતિ તથા નિર્ભયતા હોવી અનિવાર્ય છે અને **જ્યારે સલામતિનો અભાવ હોય તો કોઈ મુફ્તી ઈસ્તેઆત (શક્તિ)ની સાબિતીનો ફત્વો નથી આપી શક્તો, કેમ કે જ્યારે શર્ત બાકી ન રહી તો જેના માટે શર્ત છે તે પણ ન રહેશે, જેમ કે નમાઝની શર્ત ન રહી તો નમાઝ પણ ન રહી.** અને એવું કહેવું કે وَمَنۡ دَخَلَهٗ كَانَ اٰمِنًا ના આધારે અમ્ન અમાન (સલામતિ) ન હોવાનો સવાલ જ પેદા નથી થતો, તો એ ઐતિહાસિક વાસ્તવિક્તોની ઠેકડી ઉડાડવું છે અને આ આયતની સાચી તફસીરથી ગફલતનું પરિણામ છે, કેમ કે કા'બા શરીફના આમિન (સલામતીવાળા) હોવાનો મતલબ એ નથી કે ત્યાં જુલ્મો સિતમની શક્યતાની કલ્પના પણ ન થઈ શકે જેમ કે મેં આગળ જવાબ રજૂ કર્યો છે, બલ્કે એનો ભાવાર્થ એ છે કે જો કોઈ ત્યાં પણ જુલ્મ તથા સિતમ ચાલુ રાખે છે તો તે અતિ સખત કબીરા ગુનાહમાં સપડાશે, એટલા માટે કે ત્યાં એક નેકીનો બદલો એક લાખ છે તો એક ગુનાહનો અઝાબ પણ

એક લાખથી કમ નથી, જેથી જો કોઈ ત્યાં જુલ્મ કરીને કા'બાની હુરમત પાયમાલ કરે છે તો એ તેની બદ્‌નસીબી તથા કમબખ્તી છે. ખૂદ આ જ નજદી વહાબીઓ થકી હરમૈન શરીફૈનમાં થયેલા જુલ્મોની દાસ્તાનો "તારીખે નજદો હિજાઝ"માં વાંચો અને જાણ્યા પછી તમે શું મંતવ્ય આપશો ?! શું એઓ હરમ શરીફમાં અમ્ન સલામતિ ઉઠાવવા માટે અપવાદ છે ? એમને છૂટ મળી હતી ?!

માસ્તર સાહબની હજ્જ તો શરીઅતની રૂએ દુરુસ્ત થઈ ગઈ કેમ કે એમાં (હજ્જમાં) ઈમામની ઈક્‌તેદા નથી જેમ કે નમાઝમાં જમાઅત વખતે ઈમામની ઈક્‌તેદા કરવાની હોય છે અને જો કોઈ બદ્‌અકીદાની ઈક્‌તેદા ભૂલથી પણ કરી તો પણ નમાઝ જ દુરુસ્ત નથી. અને આ સર્વસંમત ફેંસલો છે. કોઈ એનો મુન્કિર (નકારનાર) નથી. અને વહાબી નજદી જમાઅતની બદ્‌અકીદગી પર સાક્ષીઓની લાંબી યાદી રજૂ કરી શકાય છે ત્યાં સુધી કે **મસ્અલો એ છે કે કોઈ બેવુઝૂ અથવા જુનૂબી (જેના પર ગુસલ ફર્ઝ હોય તે) ઈમામની ઈક્‌તેદામાં જાણીબુઝીને નમાઝ પઢનાર પોતાની નમાઝ સહીહ થવા વિશે વરસો વરસ સુધી એલાન કરતો ફરે તો પણ તેની નમાઝ સહીહ થવાનું સ્વીકારી નથી શકાતું તો પછી કેવી રીતે કોઈ ગુમરાહ બદ્‌અકીદાની પાછળ ભલે તે હરમનો ઈમામ હોય નમાઝ સહીહ થઈ શકે ?! એક માણસના અક્‌ીદા તથા ઈમાન જો સહીહ તથા દુરુસ્ત છે તો તેના પર અમલો તથા નેક કાર્યોની ઈમારત બાંધી શકાય છે અને બારગાહે ઈલાહીમાં તેની મક્‌બૂલિયતની અપેક્ષા રાખી શકાય છે, પરંતુ જો અક્‌ીદો જ મરદૂદ તથા બાતિલ છે તો તેના પર નેક અમલોનો મહેલ મૂરખના ખ્વાબથી કમ નથી.** બારગાહે રબ્બુલ આલમીનમાં એવા નેક અમલો તથા ઈબાદતોની કોઈ કિંમત નથી જેનો પાયો ગુમરાહી તથા બદ્‌અક્‌ીદગી પર હોય. જો કોઈ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત, રસૂલે પાક તથા ઔલિયાએ કિરામની બારગાહોમાં ગુસ્તાખી બેઅદબી અને કુફ્રી વાક્યો વાપરે તો તેની પાસે ઈમાન તથા યક્‌ીનની જમીન ક્યાં રહી જેના પર નેક અમલોનો મહેલ બાંધી શકાય ?!

જ્યાં સુધી બાતિલ ફિર્કાઓના સંબંધે હુઝૂરે અક્‌દસ ﷺની પેશનગોઈ થકી (સાવચેત) કરવા વિશેનો સવાલ છે, તો જરૂર અલ્લાહના મહબૂબ દાનાએ ગોયૂબ ﷺએ પેશનગોઈ (આગાહી) કરી આપી છે. હદીષોની કિતાબોમાં તે રોશન આઈનાઓ મૌજૂદ છે જેમાં તેમના ચહેરા સ્પષ્ટપણે જોઈ શકાય છે. જન્નતી તથા જહન્નમી ફિર્કાના હવાલાથી જે હદીષે પાક હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવી છે એમાં એ વાત સ્પષ્ટ કરી આપી છે કે **મારી ઉમ્મતના ૭૩ ફિર્કા થશે જેમાંથી ૭૨ ફિર્કા નારી (દોઝખી) થશે અને એક ફિર્કો નાજી (નજાત પામનાર જન્નતી) થશે.** નાજી ફિર્કાની ઓળખ હુઝૂરે બયાન ફર્માવી **"મા અના અલૈહિ વ અસ્હાબિહી"** (જેના પર હું અને મારા સહાબા છીએ). આ મુબારક કથનની શરહ (ખુલાસો) કરતાં મુહક્કિકે અલલ્ ઈત્લાક હઝરત શૈખ અબ્દુલહક્ક્ મુહદ્દિષે દહેલ્વી رحمة الله عليه જેમના ઈલ્મ તથા ફઝ્લની વ્યાપકતા અને હદીષની જાણકારી ક્ષેત્રે ઊંડી સમજ વિશે સર્વ મસ્લકવાળાઓની એકમતિ છે તેઓ ફર્માવે છે કે, **નાજી (નજાતી) ફિર્કાથી મુરાદ અહલે સુન્નત વ જમાઅત છે.** અને એના પર દલીલ કરતાં એક લાંબી ચર્ચા આપે કરી છે જેને અશ્અતુલ લમ્આત શરહે મિશ્કાત, બાબુલ એઅ્તેશામ, ભાગ–૧, પેજ–૧૪૦ પર જોઈ શકાય છે. અન્વારુલ હદીષ, પેજ–૯૪ ઉપર પણ આ ચર્ચા એ કિતાબની જોઈ શકાય છે.

બીજી હદીષે પાક મુસ્લિમ શરીફમાં આ પ્રમાણે છે :

عن ابی هریرة قال قال رسول الله ﷺ یکون فی اخر الزمان دجالون کذابون یا تونکم من الا حادیث بمالم تسمعوا انتم ولا آباتکم فایاکم وایاھم لا یضلو نکم ولا یفتنو نکم

ઉપરોક્ત હદીષનો ખુલાસો કરતાં શયખ મુહક્કિક હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : (અર્થ) : **"એક જમાઅત પેદા થશે જેઓ પ્રપંચથી ઉલમા તથા મશાઈખ તથા સાલેહ લોકો બનીને પોતાને મુસલમાનોના શુભેચ્છક અને સુધારક જાહેર કરશે જેથી તેઓ પોતાની જૂઠી વાતો ફેલાવે અને લોકોને પોતાના બાતિલ અકીદાઓ અને ફાસિદ (ગલત) ખયાલોની દા'વત આપે.** *(અશ્અતુલ લમ્આત, ભાગ–૧, પેજ–૧૩૩)*

ઉપરોક્ત હદીષની રોશનીમાં ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ પોતાની મશહૂર કિતાબ "અન્વારુલ હદીષ"માં પેજ નં. ૯૮ પર ખૂબ જ ઉમદા ચર્ચા કરી છે જેનાથી સાબિત થાય છે કે આ હદીષ સંપૂર્ણપણે બાતિલ ફિર્કા વહાબી તથા દેવબંદી વગેરે પર ફીટ થાય છે. તદ્ઉપરાંત મિશ્કાત શરીફ, ભાગ–ર, પ્રકરણ "યમન તથા શામની ચર્ચા"માં બુખારીના હવાલાથી રિવાયત થયેલ છે કે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે એક દિવસ રહમતનો દરિયો જોશમાં હતો, બારગાહે ઈલાહીમાં હાથ ઉઠાવીને દુઆ ફર્માવી : "હે અલ્લાહ ! અમારા શામમાં બરકત આપ ! હે અલ્લાહ ! અમારા યમનમાં બરકત આપ !" હાજરજનોમાંથી અમુકે કહ્યું, "અને નજદમાં યા રસૂલલ્લાહ ! ﷺ" તો **હુઝૂરે દુઆ ફર્માવી અને યમન તથા શામનું નામ લીધું અને નજદનું નામ ન લીધું.** હાજરજનોએ ફરી ધ્યાન દોર્યું કે, "અને અમારા નજદમાં યા રસૂલલ્લાહ ! ﷺ" કેટલીયેવાર ધ્યાન દોરવા છતાં દુઆમાં નજદનું નામ ન લીધું અને શામ તથા યમનના માટે દુઆ ફર્માવી, બલ્કે નજદનું નામ લેવા પર જવાબરૂપે હઝરતે ઈર્શાદ ફર્માવ્યો :–

هُنَاكَ الزَّلَازِلُ وَالْفِتَنُ وَبِهَا يَطَّلِعُ قَرْنُ الشَّيْطَانِ

**"ત્યાં ધરતીકંપ તથા ફિત્ના થશે અને ત્યાંથી શૈતાની ટોળી પેદા થશે."** એના પરથી જણાયું કે હુઝૂર પ્યારે મહબૂબ દાનાએ ગોયૂબ ﷺની નિગાહે પાકમાં **દજ્જાલના ફિત્ના ઉપરાંત એક મહાન ફિત્નો નજદનો પણ હતો જેનાથી પોતાની ઉમ્મતને સાવધાન કરી આપી.** એ જ પ્રમાણે મિશ્કાત શરીફ, ભાગ–૧, કિતાબુલ કિસાસ બાબુ કત્લે અહ્લે રુદ્દહ્માં નિસાઈના હવાલાથી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર એકવાર ગનીમતના માલની વહેંચણી કરી રહ્યા હતા. એક શખ્સે કહ્યું કે, મુહમ્મદ ! તમે વહેંચણીમાં ઈન્સાફ ન કર્યો ! હુઝૂર ﷺએ ગઝબનાક થઈને ફર્માવ્યું કે, "મારા પછી તમને મારાથી વધીને કોઈ ઈન્સાફ કરનાર (આદિલ) મળશે નહીં." પછી ફર્માવ્યું, "આખર જમાનામાં એક કૌમ એના (એ આક્ષેપ કરનાર) થકી પેદા થશે જેઓ કુર્આન પઢશે પણ કુર્આન તેમના ગળાની નીચે ઉતરશે નહીં અને તેઓ ઈસ્લામથી એવી રીતે નીકળી જશે જેવી રીતે કમાનથી તીર નીકળી જાય છે." પછી ફર્માવ્યું :–

سیما ھم التحلیق لایزالون یخرجون حتی یخرج اٰخرھم مع الدجال فاذا لقیتموھم ھم شر الخلق والخلیقة

**(અર્થ):** "તેમની ઓળખ માથુ મૂંડાવવું છે, તેઓ નીકળતા જ રહેશે ત્યાં સુધી કે તેમની અંતિમ ટોળી દજ્જાલની સાથે હશે. જો તમારી મુલાકાત તેમનાથી થશે તો જાણી લેશો કે તેઓ તમારા મખ્લૂકમાં બદ્તર છે."

મુબારક હદીષોમાં તેમની વિવિધ ઓળખ કરાવવામાં આવી છે. ઉપરોક્ત હદીષમાં તેમની

ઓળખ માથુ મૂંડાવવું છે. મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી વહાબી ધર્મ અંગીકાર કરનારના વાળો મુંડાવતો હતો કે એ જાહિલિયતના જમાનાના છે. અને વર્તમાનકાળમાં વહાબીઓ તથા દેવબંદીઓ પર નજર દોડાવીએ તો ઘણા જ થોડા એનાથી ખાલી મળશે. ક્યાંક એની નિશાની એ બતાવવામાં આવી કે **તેઓ કુર્આન પઢશે એટલી ઈબાદત કરશે કે તમે એની સામે તમારી ઈબાદતને તુચ્છ ગણશો, પરંતુ કુર્આન તેમના ગળા નીચે ઉતરશે નહીં અને ઈબાદત તેમના માથાથી ઉપર જશે નહીં.** ક્યાંક ફર્માવવામાં આવ્યું કે **મૂર્તિપૂજકોને છોડશે અને મુસલમાનોને કત્લ કરશે.** તેની વિગત બુખારી શરીફ, ભાગ–૧, કિતાબુલ અંબિયા વ મુત્તસિલ કિ઼સ્સા યાજૂજ માજૂજમાં છે. મુસ્લિમ અને મિશ્કાતુલ મસાબીહ, બાબુલ મોજિઝાત, ભાગ–૧ તેમજ એ જ જગાએ મિશ્કાતમાં આ પણ છે :–

**لئن ادر كتهم لاقتلنهم قتل عاد ''જો હું તેમને પામત તો ક઼ૌમે આદની જેમ કત્લ કરી આપત.''**

આજે આ બાતિલ ફિર્કાઓની ઈબાદતો તથા રિયાઝતોની સ્થિતિ એવી છે કે આખી દુનિયા તેનાથી પ્રભાવિત છે. હક્ક઼વાળાઓની ઈબાદતો એમની ઈબાદતોની સરખામણી થોડી જણાય છે. અને અંગ્રેજ દોસ્તી તથા મુસ્લિમ દુશ્મની પણ તેમની ખૂબ જ જાહેર છે. દીનના દુશ્મનોની મહોબ્બત તેમનાં દિલોમાં એટલા પ્રમાણમાં વસી ગયેલી છે કે દરેક કદમ પર તેમના ભવાંના ઈશારાના મોહતાજ છે. અફઘાનિસ્તાન અને ઈરાકની તબાહી પછી જે તેમની ઈસાઈઓની દોસ્તી પર પડદો હતો તે તદ્દન ઉઠી ગયો છે. તેમના સહકારથી જે રીતે લાખો મુસલમાનોની કત્લેઆમ કરવામાં આવી અને દિન પ્રતિ દિન જે આ ક્રમ આગળ વધી રહ્યો છે તે કોઈનાથી છુપુ નથી. આજે જો તેમનાં દિલોમાં અક઼ીદત તથા મહોબ્બત છે તો અમેરિકી તથા બ્રિટિશ લોકોની અને ત્યાંની બનાવેલી ચીજોની છે ન કે મુસ્લિમ જગતની. મુહક્કિ઼ક઼ીન ઉલમાએ કિરામે એ જ હદીષે પાકના હેઠળ બારમી સદી હિજરીમાં નજદની ભૂમી પરથી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીના મહાન ફિત્નાને ઉઠતો જોયો છે. જે સ્થળ નજદના માટે હુઝૂર ﷺએ વારંવાર ધ્યાન દોરવા છતાં બરકતની દુઆ ન કરી અને છેવટમાં

**هُنَاكَ الزَّلَازِلُ وَالْفِتَنُ وَبِهَا يَطَّلِعُ قَرْنُ الشَّيْطَانِ**

**''અહીંથી ઝલઝલા તથા ફિત્ના થશે અને શૈતાની શિંગ જાહેર થશે.''** કહીને આ પ્રદેશની મેહરૂમી અને એ બદ્‌તરીન શખ્સની ખૌફનાક ફિત્નાખોરીઓ અને મુસ્લિમ દુશ્મનીનું એલાન કર્યું હતું અને હુઝૂર ﷺની પેશનગોઈ શબ્દસઃ સાબિત થઈ. કેમ કે તે ખબીષ નફ્સવાળાએ મુસલમાનોને ખાસ કરીને હરમૈન શરીફૈન (મક્કા–મદીના)વાળાઓ પર તે ભયાનક જુલ્મો કર્યા છે જેની લોહીયાળ દાસ્તાન ''સૈફુલ જબ્બાર'' તથા ''બવારિકિ઼ અલા ઈર્ગામાતિન્નજદિય્યહ્'' વગેરે ઈતિહાસની કિતાબોમાં નોંધાયેલી છે.

ઉમ્દતુલ મુહક્કિ઼ક઼ીન સૈયદુલ ફુક઼હા વલ્ મુહદ્દિષીન હઝરત અલ્લામા શામી رضی اللہ عنہ પોતાની કિતાબ રદ્દુલ મુહ્‌તાર, ભાગ–૩, બાબુલ બુગાત (બાગીઓનું પ્રકરણ)ના પ્રારંભમાં કેટલાક નજદી જુલ્મો સિતમના બનાવો રજૂ કર્યા બાદ લખે છે : (અર્થ) : **''જેવું કે આપણા સમયમાં ઈબ્ને અબ્દુલ વહહાબના માનવાવાળાઓનો પ્રસંગ બન્યો કે એ લોકો નજદથી નીકળ્યા અને મક્કા તથા મદીના શરીફ પર તેમણે કબ્જો મેળવ્યો. પોતાને હંબલી મઝહબથી સંબંધિત કરતા હતા પરંતુ તેમનો અક઼ીદો એ હતો કે કેવળ અમે જ મુસલમાન છીએ અને જેઓ અમારા અક઼ીદાની વિરુધ્ધ છે તેઓ મુશ્રિક છે. એટલા માટે તેમણે અહલે સુન્નત વ**

**જમાઅતના કત્લને જાઈઝ ઠરાવ્યું અને તેમના ઉલમાને કત્લા કર્યા**, એટલે સુધી કે અલ્લાહ તઆલાએ વહાબીઓની શૌકત ખતમ કરી અને તેમનાં શહેરોને વિરાન કર્યા અને તેમના પર ઈસ્લામી લશ્કરોને જીત આપી." આ પ્રસંગ હિ.સ. ૧૨૩૩માં થયો. એ ઉપરાંત "સૈફુલ જબ્બાર" અને બવારિકિ મુહમ્મદિયહ્ વગેરેમાં ઈબ્ને અબ્દુલ વહહાબના અનુયાયીઓની તે જુલ્મો સિતમની દાસ્તાનો લખેલી છે કે જેને વાંચીને શરીર ધ્રુજી ઉઠે છે અને કલેજુ મોઢે આવવા લાગે છે.

માસ્તરનો એ પ્રશ્ન કે **આપણા આક઼ા ﷺએ આપણને એનાથી સાવધાન કેમ ન કર્યા ?!** તો એ તેમની અજ્ઞાનતા અથવા પૂર્વગ્રહ પર આધારિત વાત છે, કેમ કે હદીષોના ભંડારોમાં પુષ્કળ હદીષો એ છે જેના પર ઉલમાએ બરહક્કે ખૂબ તેહક઼ીક઼ કરી અને ફર્માવ્યું કે આ હદીષો બાતિલ ફિર્કાઓ પર સંપૂર્ણપણે ફીટ થાય છે. વધુ વિગતના માટે કિતાબ **"બુઝુર્ગોં કે અક઼ીદે"**નો અભ્યાસ કરો. **"તબ્લીગી જમાઅત હદીષોની રોશનીમાં"** પણ ફાયદામંદ રહેશે. હક઼ીકતમાં આ સર્વ સચ્ચાઈઓને નિષ્પક્ષપણે દિલોના દરવાજા ખોલીને સમજવાની જરૂરત છે, નહીં તો અબૂ જહલ તથા અબૂ લહબ વગેરેની દુશ્મની તથા પૂર્વગ્રહ જાહેર છે જેમની રૂબરૂ રસૂલે આ'ઝમ ﷺ પોતાની જાહેરી હયાતે મુકદસામાં મૌજૂદ હતા છતાં એ દીનના દુશ્મનો ઈમાનની દૌલતથી વંચિત રહ્યા.

માસ્તરનો બીજો પ્રશ્ન એ કે, **"જ્યારે આપણો મસ્લક હક્ક઼ છે અને વહાબીઓ બાતિલ પર છે તો અલ્લાહે આપણને બયતુલ્લાહ શરીફ અને મસ્જિદે નબવી પર કબ્જો કેમ નથી આપ્યો ?"** એના અનુસંધાનમાં જણાવવાનું કે **આવા બાતિલ ખયાલો** તથા શંકાઓ હક઼ીક઼તમાં **શૈતાની દિમાગની ઉપજ છે** અને બાતિલ ફિર્કાવાળાઓની મહોબ્બત તથા તરફદારીમાં જીભ પર આવી રહેલ છે, કેમ કે એનાથી વહાબિયત તથા દેવબંદિયતની હક્ક઼ાનિયત (સાચા હોવું) અને અહલે સુન્નત વ જમાઅતના બાતિલ (ગલત) હોવાનો અર્થ જાહેર થાય છે જે નિઃશંક ! ગુમરાહી છે. આ એક એવો બાતિલ ખયાલ છે જેના હેઠળ અલ્લાહ તઆલાનો પસંદીદા દીન ઈસ્લામ પણ આવી શકે છે, કેમ કે કોઈ માથા ફરેલ ગુમરાહ એવી હિંમત કરી શકે છે કે **જો અલ્લાહનો આ પસંદીદા દીન હોત તો આખા જગતમાં ઈસ્લામની જ બોલ બાલા હોત અને પૂરી કાઈનાતમાં મુસલમાનો જ ઈલ્મ (એજ્યુકેશન), વિદ્યા, કળા, પ્રગતિ તેમજ દૌલત સંપત્તિ, કલા કારીગરી, ટેક્નોલોજી સારાંશ કે દરેક ક્ષેત્રે ચમકતા હોત એના આખા જગતથી બાતિલ ધર્મો તથા તેમના અનુયાયીઓનો ખાત્મો થઈ જાત !**

જ્યારે કે એવું નથી બલ્કે દુનિયાવી કક્ષાએ દરેક મેદાનમાં તેઓ (બાતિલ ધર્મોવાળા) જ આગળ આગળ છે. અને આ પ્રકારના ઘણા આક્ષેપમય પ્રશ્નો કોઈ બદ્દીન જંગલી દિમાગવાળો કરી શકે છે. જાહેર છે કે તેના આક્ષેપો સમક્ષ તમે માથુ નીચુ નહીં કરો, બલ્કે જવાબ આપવા ચાહશો.

આજે હક્ક઼વાળા લઘુમતીનો શિકાર છે, આર્થિક તંગીનો શિકાર હોવા છતાં અહલે સુન્નત દા'વત તથા તબ્લીગમાં પણ શક્તિ અનુસાર પ્રયત્નશીલ છે. આ પ્રસંગે હુઝૂર ﷺનો મુબારક ઈર્શાદ યાદ આવી રહ્યો છે કે, **"ઈસ્લામ ગરીબાઈમાં શરૂ થયો અને ગરીબોમાં ઉછરશે અને ગરીબોમાં જ તે પૂર્ણ થશે."** فطوبیٰ للغر باء એટલે હે ગરીબો ! તમારા માટે બશારત (ખુશખબરી) છે !"

અરબી ભાષામાં ગુર્બત (ગરીબી)નો અર્થ "બેવતની" અને "બેકસી" છે જેમ કે ડિક્ષનરીમાં આવેલ છે અને ક્યારેક એનો ઉપયોગ "મોહતાજી" તથા "મુફલિસી"ના અર્થમાં પણ થાય છે. આ

ખુલાસાની રોશનીમાં તમો અહલે ઈમાન (અહલે સુન્નત વ જમાઅત)ની સ્થિતિઓનું નિરીક્ષણ કરો તો પૂરાણા સમયથી હાલના દૌર સુધી અન્યોની સરખામણીએ વધુ પ્રમાણમાં ગરીબો જ જોવા મળશે. એટલે સુધી કે રિસાલતકાળમાં જો કોઈની પાસે એકથી વધુ કપડાં હોતાં તો આશ્ચર્ય પ્રદર્શિત કરવામાં આવતું. એ જ કારણે જ્યારે હિરક્લ બાદશાહે મુસલમાનોના અહવાલ પૂછયા તો હઝરત અબૂ સુફયાને કહ્યું હતું કે, **"તેના અનુયાયીઓ કમજોર તથા કંગાળ લોકો છે."** અને **દરેક દૌરમાં અન્યોની સરખામણીમાં અહલે સુન્નતનો આ જ હાલ રહ્યો છે.**

હવે આજે જરા નફ્સના ગુલામો (વહાબીઓ, દેવબંદીઓ)ની સ્થિતિનું નિરીક્ષણ કરો તો તેમના કારોબાર, તેમની બિલ્ડિંગો, તેમના મદ્રસાઓ તથા કોલેજો અને તેમની તેહરીકો તથા તન્ઝીમો શાનો શૌકત સાથે ચાલી રહી છે એ જગજાહેર છે. આજે ચોતરફથી પોતાના અંગત ખયાલોને ફેલાવવાના માટે રિયાલ તથા ડોલરની વર્ષા થઈ રહી છે. પરંતુ એ હક઼ીક઼તમાં અલ્લાહના તરફથી ઢીલ છે કે તેઓ ગરીબી તથા મુફલિસીનો શિકાર નથી. હદીષના ભાવાર્થની રોશનીમાં ઈસ્લામ તથા ઈમાનની મજબૂતી અને રૂહાનિયત તેમની પાસે નથી. દુનિયાવી જાહોજલાલી તથા શાનો શૌકત એમની પાસે મળશે પરંતુ ઈમાન તથા યક઼ીન મળશે નહીં. જો આ અમૂલ્ય દૌલત મળશે તો તમને ગરીબોની પાસે જેઓ અડધું પેટ ભરીને લોકોના દિલોમાં ઈશ્કે મુસ્તફવીનો ચિરાગ રોશન કરવાના માટે સતત કાર્યરત છે, અને આ એવા રસૂલના આશિકેઝાર છે કે અમેરિકાના ડોલર તથા સઊદિયાના રિયાલ તેમની ગરીબ તંગદસ્ત આંખોને આંજી નથી શક્તા. બીજી હદીષમાં ઈર્શાદ મુબારક જુઓ : (અર્થ) : "એ જમાનો નિકટ છે કે મુસલમાનોની શ્રેષ્ઠ સંપત્તિ બકરીઓ હશે જેને લઈને તેઓ પહાડની ટોચો તથા ચટીયલ મેદાનોમાં ચાલ્યા જશે જેથી તેઓ પોતાના ઈમાનને ફિત્નાઓના હુમ્લાઓથી બચાવી શકે." એક હદીષમાં આ પ્રમાણે કહ્યું છે કે, "નિકટમાં જ એ જમાનો આવશે કે ઈમાનનો દામન થામવો એટલો કઠીન હશે જેટલો કે હાથમાં આગનો અંગારો લેવો."

આ ચિંતનનો મુક઼ામ છે કે શું તે લોકો જંગલમાં વસવાટ કરવા માટે મજબૂર થશે જેમની પાસે દૌલત તથા સંપત્તિનો અંબાર છે, જેમને દરેક પ્રકારની દુનિયાવી શાનો શૌકત, જાહોજલાલી, એશો આરામની સગવડો પ્રાપ્ય છે અને જેમની પાસે મોજમજા કરવા માટે ઊંચા ઊંચા મહેલો છે, જેમને પોતાના ઈમાનને બચાવવાની રજ માત્ર ફિકર નથી, જ્યાં ચાહે અને જે બાતિલ ફિર્કાની ઈક઼્તેદા મળે (તેમની પાછળ) નમાઝ અદા કરીને મિલ્લતની એકતાનો શોર ખડો કરે. અથવા તે લોકો મજબૂર થશે જેઓ પોતાની ગરીબી તથા મુફલિસી, તંગદસ્તીની સ્થિતિ, આર્થિક નિર્બળતા અને વસ્તીના પ્રમાણમાં લઘુમતિ થઈને વિચારે છે અને બારગાહે ઈલાહીમાં દુઆ કરે છે કે, **હે મૌલા કરીમ ! જેવી રીતે તેં અમને દુનિયાની દૌલતની અધિક્તા કે જે ઈમાન માટે આફતથી કમ નથી તેનાથી મેહફૂઝ રાખ્યા છે એવી જ રીતે અમારા ઈમાનને પણ બાતિલ ફિર્કાઓના ફિત્નાઓથી મેહફૂઝ તથા સલામત રાખ.**

જો બહુમતિ તથા લઘુમતિની સરખામણીને હક઼્ તથા બાતિલનું માપદંડ ઠરાવવામાં આવે **તો હિંદુસ્તાનમાં કાફિરો તથા મુશ્રિકોની સંખ્યા મુસલમાનોની સંખ્યાથી ત્રણ ગણી વધારે છે, તો શું કોઈ મુસલમાન તેમની અધિક્તાને જોઈને એવું કહેવાની હિંમત કરી શકે છે કે હિંદુત્વ બરહક઼્ છે ?! આજે દરેક ક્ષેત્રે, દરેક મોરચે ખ્યાતિ તથા ભલાઈનો ઝંડો લહેરાવવામાં યહૂદી તથા ઈસાઈ અગ્ર સ્થાને છે, તો શું દરેક ક્ષેત્ર ટેક્નોલોજી તથા કારીગરીમાં તેમની પ્રગતિ તથા અગ્રિમતાને**

**જોઈને કોઈ તેમની હક્કાનિયતને માનનારો થઈ શકે છે !**

માસ્તર સાહબના લખાણમાં અધિક સંખ્યાથી પ્રભાવિત થવા વિશેનું લખાણ ખૂબ જાહેર થાય છે અને લઘુમતિના હવાલાથી તેમનું લખાણ કાંઈક જુદો જ ભાવાર્થ રજૂ કરતું જોવા મળે છે, જ્યારે કે દરેક યુગમાં ઈસ્લામના ફરઝંદો (મુસ્લિમો)ની સંખ્યા બાતિલ ધર્મોવાળાઓ કરતાં ઓછી જ રહી છે. ઈસ્લામી ગઝવાત પર એક દષ્ટિ ફેંકો તો કોઈ પણ ગઝવહ એવો નહીં મળે જેમાં હક્કવાળાઓની સંખ્યા અધિક કે સરખી પણ હોય, પરંતુ જંગના દરેક મોરચે આખા ઈસ્લામી ઈતિહાસમાં એ લઘુમતીને જ આગળ વધતા જોશો. જંગે બદર હોય કે જંગે ઓહદ અથવા કર્બલાનું મેદાન હોય દરેક સ્થળે હક્કવાળાઓની સંખ્યા ઓછી જ જોવા મળશે, છતાં કોઈ પણ તે ગઝવાત કે જંગોની બહુમતિને હક્કાનિયત પર હોવાનો દાવો નથી કરી શક્તો, જ્યારે કે તમારા કથન અનુસાર અધિક સંખ્યામાં હોવું એ વાતનો તકાઝો દર્શાવે છે કે તેને હક્ક પર કહેવામાં આવે અને ઓછી સંખ્યાવાળાઓને નાહક્ક ઠરાવવામાં આવે.

રબ તઆલાનો ઈર્શાદ છે :–

**كم من فئة قليلة غلبت فئة كثيرة باذن الله والله مع الصابرين**

(અર્થ) : ''ઘણી નાની જમાઅતો મોટી જમાઅતો પર સરસાઈ મેળવી લે (ગાલિબ આવી જાય) છે, અને અલ્લાહ સબ્ર કરનારાઓ સાથે છે.'' વર્ણવેલ આયત મુબારકથી પત્રમાં રજૂ કરેલો અંદેશો દૂર થઈ ગયો કે ઓછી સંખ્યાને જોઈને કાંઈ જુદો ભાવાર્થ પ્રદર્શિત કરવામાં આવે અને સંખ્યાની અધિક્તાને જોઈને અને તેનાથી પ્રભાવિત થઈને તેને હક્ક હોવાનો નિર્દેશ પ્રદર્શિત કરવામાં આવે. અને મહત્વની વાત તો એ છે કે અલ્લાહના મહબૂબ દાનાએ ગોયૂબ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**ان بنى اسرائيل تفرقت على ثنتين وسبعين ملة وتفرق امتى على ثلث وسبعين ملة كلهم فى النار الا ملة واحدة قالوا من هى يارسول الله ﷺ قال ما انا عليه واصحابى-**

અર્થ : ''બેશક ! બની ઈસ્રાઈલ ૭૨ ફિર્કાઓમાં વહેંચાયેલી હતી અને **મારી ઉમ્મતમાં ૭૩ ફિર્કા થશે. તમામ જહન્નમી છે સિવાય એકના.** સહાબાએ કહ્યું, તે કોણ છે ?! આપ ﷺએ ફર્માવ્યું, **જેના પર હું છું અને મારા સહાબા છે.''** *(તિર્મિઝી, મિશ્કાત)*

ઉપરોક્ત હદીષે પાકથી જાણવા મળ્યું કે **શરૂમાં જમાઅત એક જ હતી પછી એનાથી વિવિધ બાતિલ અકીદાઓ અને ફાસિદ ખયાલોના ધરાવનારા બહાર પડતા ગયા અને બહાર પડતા જશે.** વિચારવાની વાત એ છે કે જે જમાઅતથી ૭૨ ફિર્કા બહાર પડશે (છૂટા થશે) તે જમાઅત ઓછી સંખ્યાવાળી થશે કે મોટી સંખ્યાવાળી થતી જશે, આ બારીક વાતને દરેક બુદ્ધિવાળો સમજી શકે છે, જ્યારે કે બીજી બાજુ બાતિલ ફિર્કાવાળાઓની સતત ભરપુર કોશિશો ચાલુ છે કે હક્કવાળાઓને નેસ્તોનાબૂદ કરી દેવામાં આવે અને આ બુરા તથા મરદૂદ મનસૂબાને અંતિમ સ્વરૂપ આપવા માટે બાતિલ ફિર્કાવાળાઓ સમક્ષ માલ દૌલતની તીજોરી ઉઘાડી કરી દેવામાં આવી છે કે કોઈ પણ યુક્તિ વડે અહલે સુન્નતને દબાવવામાં આવે જેથી કોઈ ઉફ ન કરી શકે.

**જો આભને આંબતી ઈમારતો અને બિલ્ડિંગોને જોઈને જ હક્કાનિયતનો અંદાજો કરવાનો હોય તો કાફિરો મુશ્રિકો તથા યહૂદ તથા નસારાની પાસે તેમની તા'લીમ તથા કેળવણી અને પ્રગતિ માટેના સેન્ટરોની એવી અજાયબી જેવી ઈમારતો મળશે કે મુસ્લિમ જગત તેનો ખ્વાબ પણ નથી જોઈ**

**શક્તું !** આજે તેઓ દરેક ક્ષેત્રે તથા દરેક મોરચે જીત તથા કામયાબીનો ઝંડો લહેરાવતા જઈ રહ્યા છે, એટલે સુધી કે આખુ જગત તેમની સતત પ્રગતિની ગતિથી પ્રભાવિત થઈને માનસિક ગુલામીની જંજીરમાં જકડાઈ ચૂક્યું છે, ત્યાં સુધી કે આજે મુસ્લિમ હુકૂમતો તેમની ખરીદાયેલી લોંડીઓ બની ચૂકી છે ! જ્યારે કે કુર્આને અઝીમનું સાફ સાફ એલાન છે કે : **انتم الا علون ان كنتم مؤمنين** (અર્થ) : **"અને તમે જ બુલંદ રહેશો જો તમે મો'મિન છો."** તો શું તેના અનુસંધાનમાં એ વાત કહી શકાય છે કે યહૂદિયત હક્ક઼ પર છે અને ઈસ્લામ નાહક્ક઼ પર ?!

ઉપરોક્ત ચર્ચાનો સાર એ કે હક્ક઼ તથા બાતિલનો આધાર ન લઘુમતિ છે ન બહુમતિ, અને ન આભને ચૂમતી ઈમારતોની શાનો શૌકત તથા જાહોજલાલી છે ન તો દરેક ઠેકાણે તેમના સાહિત્યોની ભરમાર, બલ્કે હક્ક઼ તથા બાતિલનો દારોમદાર કુર્આન તથા હદીષની રોશનીમાં કાઢવામાં આવેલા સાચા ઈસ્લામી અક઼ીદાનું સમર્થન તથા સ્વીકાર કરવું છે અને દરેક તે વાણી તથા વર્તનથી બેઝારીનો ઈઝહાર જેમાં કુફ્ર તથા શિર્ક અને રસૂલે પાક ﷺની બારગાહની ગુસ્તાખીનો અંશ સામેલ હોય, તેમ જ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતના મક઼બૂલ તથા મહબૂબ બંદાઓની અઝમત તથા બુલંદી અને તેમની અક઼ીદત તથા મહોબ્બતને દિલોમાં જગા આપવી, કેમ કે એ સાબિત થયેલો અક઼ીદો છે કે બારગાહે રિસાલત મઆબ ﷺમાં મામૂલી સરખી ગુસ્તાખી કુફ્ર છે અને બારગાહે રબ્બુલ ઈઝ્ઝતના મકબૂલ બંદાઓની શાનો અક઼દસમાં બેઅદબી ગુમરાહી છે અને એના પર તમામ ઉલમાએ હક્ક઼નો ઈજમાઅ છે.

એના પ્રકાશમાં વહાબી નજદીઓની કિતાબોથી તેમના ગંદા અક઼ીદા તથા બુરા ખયાલોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીને ફૈસલો કરી શકાય છે. જેઓ ઉઘાડે છોગે શફાઅતની હદીષોનો ઈન્કાર કરે છે અને ગુંબદે ખદ્રાને "સનમે અકબર" (મહાન મૂર્તિ) જણાવે છે. એ ઉપરાંત એમના બાતિલ અક઼ીદાઓને "કિતાબુત્તૌહીદ" તથા "તકવિયતુલ ઈમાન"માં જોઈ શકાય છે. પ્રથમ કિતાબ બીજીની ઉર્દૂ આવૃત્તિ છે. તેમાં તૌહીદની આડ હેઠળ નબી વલીની શાનમાં ખૂબ ગુસ્તાખીઓ લખી છે. નબી વલીના મઝારની ઝિયારત કરવાને શિર્ક દર્શાવ્યું. કિતાબુત્તૌહીદની રદમાં ઈબ્ને અબ્દુલવહહાબના જ ભાઈ જે સુન્ની હતા તેમણે જ તેની રદમાં કિતાબ "અસ્સવાઈકલ્ ઈલાહિયા ફી રદ્દે અલલ્ વહાબિયા" લખી. દેવબંદી કિતાબ "તકવિયતુલ ઈમાન"માં છે કે, **"દરેક મખ્લૂક મોટી (નબી, વલી) કે નાની (સામાન્ય જનો) અલ્લાહની શાન સામે ચમાર (મોચી)થી પણ વધુ ઝલીલ છે."** (મઆઝલ્લાહ !) શું આ શબ્દો નબી વલી માટે અપમાનજનક નથી ?! હજીય એવાની જાહોજલાલીથી અંજાઈને તેને હક્ક઼ પર માનશો ?! (*વધુ માટે દયાદરાથી "રહનુમાએ હક્ક" ગુજરાતી કિતાબ મંગાવો.*) એક સુન્ની સહીહુલ અક઼ીદાનો જીવનપર્યંત એ અડગ નિશ્ચય છે કે જે રસૂલે આ'ઝમ ﷺ તથા બારગાહે રબ્બુલ ઈઝ્ઝતના મક઼બૂલ બંદાઓની બારગાહમાં અપમાનજનક શબ્દો તથા નીચ અક઼ીદા તથા કુફ્રી લખાણો લખે અને બોલે છે એમની સાથે કોઈ પણ દૌરમાં વહેવાર તથા ભાઈચારો નથી કરી શકાતો. અમારો અકીદો એ જ છે જે રુશ્દો હિદાયતના સિતારાઓ સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين નો હતો અને એ નજદી વહાબી દેવબંદીઓનો અકીદો એ જ છે જે ઈબ્લીસ લઈન (લઅનતી)નો હતો.

મારું લખાણ ખાસ્સુ લાંબુ થઈ ગયું જેની મેં ધારણા કરી ન હતી, છતાં ખૂબ જ સંક્ષિપ્તમાં લખાણ પતાવ્યું છે જેથી લાંબુ વર્ણન વાંચવામાં ભારે ન પડી જાય. છેવટમાં એ કે શક્ય છે કે આ લખાણામાં વર્ણનનો અંદાઝ ક્યાંક કડક થઈ ગયો હોય જે ભારે લાગ્યો હોય તો દરગુઝર કરવા વિનંતિ છે.

وما علينا الا البلاغ المبين- والسلام علىٰ من اتبع الهدىٰ

# પડોશીના હક્કો સંબંધે ઈસ્લામની તાકીદ અને આપણે

અઝ : **મુહમ્મદ તાહિર અલી જામનગરી** *(મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અશરફિયહ્, મુબારકપુર)*

**લેખ હરિફાઈમાં પ્રથમ આવનાર લેખ**

**એક શજર ઐસા મહબ્બત કા લગાયા જાએ**
**કે હમસાયા કે ઘર મેં ઉસકા સાયા જાએ**
*(શજર–ઝાડ, હમસાયા–પડોશી)*

ઈસ્લામ એક એવો વિશ્વવ્યાપી અને કુદરતી મઝહબ છે જેણે જિંદગી ગુજારવા માટે એવા શ્રેષ્ઠ, મહાન તથા ઉચ્ચ નિયમો બનાવ્યા છે જે દુનિયાના બીજા મઝહબોમાં જોવા નથી મળતા. ઈસ્લામે જિંદગી ગુજારવાના જે તરીકા બતાવ્યા છે તેના વર્તુળમાં રહીને ઈન્સાની જિંદગી પ્રસન્નતા અને આનંદથી પસાર થઈ શકે છે.

ઈસ્લામમાં જેવી રીતે હુકૂકુલ્લાહ (અલ્લાહના હક્કો)ને અદા કરવા વાજિબ તથા જરૂરી છે તેવી રીતે બંદાના હક્કો પણ છે જેમને અદા કરવા જરૂરી છે. મારે ફક્ત હુકૂકે જાર એટલે કે પડોશીના હક્કો વિશે થોડુક લખવું છે. પડોશીના હક્કોનું શું મહત્વ છે અને કેટલી તાકીદ તેના માટે આવેલ છે ? ટૂંકમાં કુર્આન, અહાદીષ અને વાક્યાની રોશનીમાં પડોશીના હક્કોનું મહત્વ સ્પષ્ટ કરવાની કોશિશ કરીશ.

અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે :–

وَاعْبُدُو اللّٰهَ وَلَا تُشْرِكُوْابِهٖ شَيْئًا وَ بِالْوَالِدَيْنِ اِحْسَانًا۔۔

**ભાવાર્થ :** "અને અલ્લાહની બંદગી કરો અને કોઈને તેનો ભાગીદાર ન ઠેરવો અને માં બાપ સાથે ભલાઈ કરો અને સગાં સંબંધીઓ અને યતીમો અને મોહતાજો અને નજીકના પડોશીઓ અને દૂરના પડોશીઓ અને કરવટના સાથી (સાથે બેસનાર) અને મુસાફિર અને પોતાની બાંદી, ગુલામ સાથે (ભલાઈ) કરો. બેશક ! અલ્લાહને (ખુશી નથી આવતી) પસંદ નથી ઘમંડી અને બડાઈ મારવાવાળો." *(પારા–૫, રુકૂઅ–૩, સૂ. નિસાઅ્, આ. ૩૬, કન્ઝુલ ઈમાન)*

ઉપર દર્શાવેલ આયતમાં અલ્લાહ તઆલાએ આપણા પર લાગુ થવાવાળા ફર્ઝોને ઘણી જ સરળતા અને સાદાઈથી પેશ કર્યા છે કે બધા માણસો સાવ આસાનીથી સમજી શકે છે કે કયા કયા લોકો સાથે ભલાઈ અને એહસાન કરવો જોઈએ. મા બાપ, સગાં સંબંધીઓ, મિસ્કીનો, બાંદી, ગુલામો સુધી જ વર્તુળ સીમિત નથી પરંતુ પડોશીઓ સાથે પણ ભલાઈ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે ભલે તે પડોશી સગો અથવા મુસલમાન ન હોય.

ઈસ્લામમાં ચાલીસ ઘરો સુધીના લોકો પડોશી કહેવાય છે. *(હાશિયા જલાલૈન શરીફ)* જે ઘરનો દરવાજો સૌથી નજીક હોય તે સૌથી નજીકનો પડોશી છે. ઈસ્લામમાં પડોશી ત્રણ પ્રકારના છે : (૧) તે મુસલમાન જે સંબંધી હોય અને પડોશમાં રહેતો હોય. તેના માટે ત્રણ પ્રકારના હક્કો છે : સંબંધી હોવાનો હક્ક, મુસલમાન હોવાનો હક્ક અને પડોશી હોવાનો હક્ક (૨) તે પડોશી જે સંબંધી નથી પણ મુસલમાન છે તેના માટે બે હક્કો છે : મુસલમાન ભાઈ હોવાનો હક્ક અને પડોશી હોવાનો હક્ક. (૩) તે પડોશી જે ન સગો છે અને ન મુસલમાન, તેના માટે ફક્ત પડોશી હોવાનો હક્ક છે.

પડોશીના હક્કોને અદા કરવા અને તેમની સાથે ભલાઈ કરવી ઈસ્લામી કાનૂન અને નિયમોમાં દાખલ છે. અહાદીષે પાકમાં તેની ઘણી સખ્ત તાકીદ આવેલ છે. રસૂલે પાક ﷺએ ફર્માવ્યું કે, "મને જિબ્રઈલ علیہ السلام સતત પડોશીઓના વિશે વસિય્યત કરતા રહ્યા ત્યાં સુધી કે મને એમ લાગ્યું કે પડોશીઓને વારિસ બનાવી દેવામાં આવશે. *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૩૨૯, બુખારી, ભાગ–૨, પેજ–૮૮૯)*

આજના જમાનાના મુસલમાનોએ એથી વિપરિત પડોશીને તકલીફ પહોંચાડવાનો રસ્તો અપનાવી લીધો છે. પડોશીઓને જાતજાતની આપત્તિઓમાં ફસાવવા માટે ષડયંત્રો રચાય છે, એક ફૂટ જગા માટે અને સહેજ પાણી કચરા માટે પડોશી સાથે ગાળા ગાળી, મારપીટ જ નહીં ખૂનો પણ થાય છે ! જે મુસ્લિમ સમાજનું અત્યંત દુઃખદ પાસુ છે. એના પર જેટલો અફસોસ કરવામાં આવે ઓછો છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''ખુદાની કસમ ! તે મો'મિન નથી ! ખુદાની કસમ ! તે મો'મિન નથી ! ખુદાની કસમ ! તે મો'મિન નથી !'' સહાબાએ કિરામ رضوان اللہ تعالی علیہم اجمعین એ અર્ઝ કરી, ''કોણ યા રસૂલલ્લાહ ﷺ ?!'' આપ ﷺએ ફર્માવ્યું, ''જેની તકલીફોથી તેના પડોશી સુરક્ષિત ન હોય.'' *(બુખારી શરીફ)*

નબીએ કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે, ''જાણો છો પડોશીનો શું હક્ક છે ?! તે જાતના સોગંદ જેના કબ્જામાં મારા પ્રાણ છે ! પડોશીનો હક્ક અદા નહીં થઈ શકે પણ અલ્લાહના ફઝલો કરમથી.'' *(મિશ્કાત)*

દરેક માણસની નેકી અથવા બુરાઈનો અંદાજો એના પડોશીથી થાય છે. જો પડોશીની સાથે ભલાઈ કરી તો તેના પડોશી તેનાથી ખુશ રહે છે. એવા માણસ પર અલ્લાહ તઆલા પોતાની ખાસ રહમત નાઝિલ ફર્માવે છે અને તે માણસ દુનિયા અને આખેરતમાં અફઝલ અને શ્રેષ્ઠ ગણાય છે. ઈબ્ને માજામાં છે કે એક માણસે હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમને કેવી રીતે જાણ થશે કે અમે સારુ કર્યું અથવા બુરુ ?! હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, ''જ્યારે તમે પોતાના પડોશીને આમ કહેતાં સાંભળો કે તમે સારુ કર્યું, તો બેશક ! તમે સારુ કર્યું અને જ્યારે આમ કહેતાં સાંભળો કે તમે બુરુ કર્યું તો બેશક ! તમે બુરુ કર્યું !''

આજકાલ પડોશીઓથી એટલી બેતઅલ્લુકી પેદા થઈ ગઈ છે કે મુસલમાન ભાઈ પડોશમાં ભૂખ્યો રહે છે અને તંગીની જિંદગી ગુજારે છે, પરંતુ તેનો ધનવાન અને ખુશહાલ પડોશી તેની ખબર પણ નથી લેતો, મદદની વાત તો દૂર રહી ! હુઝૂર રહમતે આલમ ﷺએ ફર્માવ્યું, ''તે મો'મિન નથી જે જાતે પેટ ભરીને ખાય અને તેનો પડોશી ભૂખ્યો રહે.'' એટલે કે એવો માણસ કામિલ મો'મિન નથી અને શક્તિ હોવા છતાં પોતાના પડોશી તરફ ધ્યાન નથી રાખતો. હદીષે પાકમાં છે કે રસૂલે આ'ઝમ ﷺએ ફર્માવ્યું, ''જ્યારે કોઈ માણસ શાક બનાવે તો રસો વધારે બનાવે અને એમાંથી થોડુક પડોશીને પણ આપે.'' *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૨૧)*

હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہને એક રાત્રે ઊંઘ ન આવી કારણ કે આખી રાત પડોશીના ઘરેથી છોકરાના રડવાનો અવાજ આવતો રહ્યો. સવારે હઝરત બાયઝીદ બુસ્તામી પડોશીના દ્વારે ઊભા રહીને બારણુ ખટખટાવી રહ્યા હતા. અંદરથી જવાબ મળ્યો કે ઘરમાં કોઈ પુરૂષ નથી. હઝરત બાયઝીદે પોતાનો પરિચય આપ્યો અને હાલચાલ પૂછયો, તો યહૂદીની પત્નીએ બતાવ્યું કે મારા પતિ ઘણા મહિનાથી સફર પર ગયા છે અને મારે ત્યાં બાળકનો જન્મ થયો છે. આખી રાત તે રડતો રહ્યો કારણ કે ઘરમાં અંધારુ રહે છે અને હું પર્દામાં રહેનારી સ્ત્રી છું, ઘરમાં ગરીબી છે, કોઈ તેલ લાવનારુ નથી અને તેલ લેવા માટે રૂપિયા પણ નથી. થોડુ ઘણુ અનાજ જે મારા પતિ રાખીને ગયા હતા તેના પર ગુજારો ચાલુ છે. એવામાં ફજરની અઝાન થઈ ગઈ જેથી હઝરત જવાબ સાંભળી મસ્જિદે ચાલ્યા ગયા. એ દિવસ પછી તો એવું લાગ્યું જાણે તે યહૂદીના ઘરે બહાર આવી ગઈ હોય. જરૂરતની બધી વસ્તુ હઝરતના ઘરેથી પહોંચવા માંડી. સાંજ થતી તો હઝરત બાયઝીદ પોતે અલ્લાહના મહાન વલી હોવા છતાં તેલ લઈને યહૂદીના દ્વારે ઉભા રહેતા કે ક્યાંક યહૂદીના ઘરમાં અંધારુ ન થઈ જાય અને બાળક રડવા ન માંડે.

યહૂદી પડોશી સફરથી પાછો આવી ગયો, તે વિચારતો હતો કે ઘરે ઘણી તકલીફો થઈ હશે કારણ કે ઘણો ઓછો ખર્ચ આપીને ગયો હતો પરંતુ જ્યારે તેની પત્નીએ બતાવ્યું કે તકલીફ ઉઠાવવાની નોબત જ ન આવી કેમ કે હઝરત બાયઝીદ તથા એમનાં ઘરવાળાંઓ

નિરંતર તેની અને તેના છોકરાની દેખરેખ કરતાં રહ્યાં. યહૂદી બહુ ખુશ થયો અને આભાર વ્યક્ત કરવા હઝરતની ખિદમતમાં હાજર થયો. આપે ફર્માવ્યું કે, "મારા પ્રિય ! આભારની જરૂરત નથી, મેં તો મારો ફર્ઝ નિભાવ્યો છે. જો હું આવું ન કરતો તો સખ્ત ગુનેહગાર થતો કારણ કે અમારા ધર્મમાં પડોશીઓના ઘણા હક્કો છે." યહૂદીએ હઝરતના હાથ પકડીને અર્ઝ કરી, હુઝૂર ! મને પણ કલમો પઢાવીને પોતાના મઝહબમાં દાખલ કરી લો. કેમ કે જેના માનવાવાળા આવા છે તે નબી જૂઠો નથી હોઈ શક્તો. *(હુકૂકુલ ઈબાદ, પેજ–૫૮)*

આ છે એક ગૈર મુસ્લિમ યહૂદી પડોશી સાથે આપણા બુઝુર્ગોનો વર્તાવ કે જેને જોઈને ગૈર મુસ્લિમ આકર્ષિત અને પ્રભાવિત થઈ જતા હતા અને મઝહબે ઈસ્લામ કબૂલ કરી લેતા હતા.

જો પડોશીના તરફથી કોઈ અત્યાચાર થાય અથવા કોઈ પણ જાતની તકલીફ પહોંચે તો પોતે બદલો લેવાનો પ્રયત્ન ન કરો બલ્કે ધીરજથી કામ લઈ પડોશીની ગલતીઓ અને ખામીઓની તરફ ધ્યાન ન આપો અને તેની સાથે સારો વ્યવહાર કરતા રહો કે સારા પડોશીના સાથે તો બધા જ સારો વ્યવહાર રાખે છે પણ કમાલની વાત તો એ છે કે ખરાબ પડોશીના સાથે પણ સારો વ્યવહાર કરવામાં આવે કે જે બધા નથી કરી શકતા. હઝરત હસન બસરી رضی اللہ عنہ ફર્માવે છે કે પડોશીની સાથે ભલાઈ એ છે કે તેના તરફથી પહોંચવાવાળી પરેશાની પર સબર અને ધીરજ કરે. *(તન્બીહુલ ગાફિલીન, ભાગ–૧, પેજ–૧૫૨)*

હઝરત માલિક બિન દીનાર رضی اللہ عنہ એ એક મકાન ભાડા પર લીધું એના પડોશમાં એક યહૂદી રહેતો હતો. હઝરત માલિક બિન દીનારનું ઘર તે યહૂદીના દરવાજાની નજીક હતું. તે યહૂદીએ એક પરનાલો બનાવ્યો હતો કે કાયમ તેના વડે નજાસત અને ગંદકી આપના મકાનમાં ફેંકતો હતો. એક મુદ્દત સુધી આમ કરતો રહ્યો પરંતુ આપે ક્યારે પણ એનાથી ફરિયાદ ન કરી. છેવટે એક દિવસે તે યહૂદીએ પોતે હઝરતથી પૂછયું કે હઝરત તમને મારા પરનાલાથી તકલીફ નથી થતી ?! ફર્માવ્યું કે થાય છે પરંતુ મેં એક ટોપલી અને સાવરણી રાખી લીધી છે જે નજાસત આવે છે તેને તેનાથી સાફ કરી લઉં છું. તો યહૂદીએ કહ્યું કે તમે આટલી તકલીફ કેમ સહન કરો છો ! તમને ક્રોધ નથી આવતો ? આપે ફર્માવ્યું કે મારા પરવરદિગારે ફર્માવ્યું છે કે :–

**وَالْکَاظِمِیْنَ الْغَیْظَ وَالْعَافِیْنَ عَنِ النَّاسِ ط وَاللّٰهُ یُحِبُّ الْمُحْسِنِیْنَ**

**ભાવાર્થ** : અને ગુસ્સો પીવાવાળા અને લોકોને ક્ષમા આપનારા અને નેક લોકો અલ્લાહને પ્રિય છે." *(સૂ. આલિ ઈમરાન, આ. ૧૩૪)* આ આયતે કરીમા સાંભળી યહૂદી ઘણો જ પ્રભાવિત થયો અને બોલ્યો, બેશક ! આપનો ધર્મ શ્રેષ્ઠ છે ! આજથી હું સાચા દિલથી ઈસ્લામ કબૂલ કરું છું.

સુબ્હાનલ્લાહ ! જરા વિચારો જો આપણા અખ્લાક પણ આવા હોત તો આપણા પડોશી ક્યારે પણ આપણાથી નારાજ ન થાત. ઔરતોની આદત હોય છે કે કોઈ સામાન્ય વસ્તુ પોતાના પડોશના ઘરે મોકલવું પણ પસંદ નથી કરતી અને એમની ઈચ્છા હોય છે કે તેમના ઘરે કોઈ સારી વસ્તુ મોકલે. એટલા માટે હુઝૂર ﷺ એ ઔરતોને આદેશ આપ્યો કે સામાન્યથી સામાન્ય ભેટ પોતાના પડોશને આપે. અને જે સ્ત્રી પાસે પડોશના તરફથી કોઈ સામાન્ય ભેટ આવે તો એને મહોબ્બતથી કબૂલ કરી લે અને તેને તુચ્છ અને હકીર ન જાણે. નબીએ કરીમ ﷺ એ ફર્માવ્યું કે, "હે મુસલમાન ઔરતો ! કોઈ પડોશી પોતાના પડોશીની ભેટ આપવાને તુચ્છ ન જાણે ભલે તે ભેટ બકરીની ખરી જ હોય." *(રાહે અમલ, પેજ–૧૨૬)*

હવે આપણી જવાબદારી છે કે કુર્આન, અહાદીષ અને વાકેઆત પર અમલ કરીએ અને બીજા મહત્વના હક્કોની જેમ પડોશીના હક્કો પણ અત્યંત જવાબદારીથી અદા કરીએ. જો પડોશીને કોઈ જાતની તકલીફ પહોંચાડી હોય તો દુનિયામાં જ એનાથી સમાધાન કરી લઈએ અને હવે પછી તેને સતાવવાથી તૌબા કરી એની સાથે ભલાઈ કરતા રહીએ.

# બરકાતે ખ્વાજાની ટપાલ

## કૌમને જાગૃત કરતુ માસિક !

મુકર્રમી જનાબ શબ્બીરભાઈ ! ટંકારીઆથી ફારૂક ઈબ્રાહીમ ચટીનાં ખૂબ ખૂબ દુઆ સલામ, દીને ઈસ્લામ વિશે કંઈક જાણવાની નિય્યતથી 'મસ્જિદ ફૈઝ'માં આવતું **'બરકાતે ખ્વાજા' (માસિક)** ફેબ્રુઆરી–૨૦૦૭ હાથમાં લીધુ. સમય ફાળવીને વાંચ્યું, ખૂબ જ પ્રભાવિત થયો. ત્યાર બાદ જાન્યુઆરી–૨૦૦૭ અને ડિસેમ્બર–૨૦૦૬ના અંક પણ મસ્જિદમાંથી શોધી કાઢી વાંચી નાખ્યા.

ખાસ કરીને બહેનોના પર્દા વિષેના લેખો જે આજનાં બેહયાઈના દૌરમાં ખૂબ જ જરૂરી છે તે જે દિલમાં અસર કરી ગયા. આજ રીતે હાર્યા વિના કૌમની બેદારી, ખાસ કરીને સ્ત્રી વર્ગની બેહયાઈ વિશે આપણા સમાજને જાગૃત કરવાની ખૂબ જ જરૂર છે. ઈન્શાઅલ્લાહ ! 'બરકાતે ખ્વાજા' (માસિક)માંથી પર્દાના લેખો ભેગા કરીને એક પુસ્તિકા ફક્ત બહેનો માટે પર્દા વિશે કુર્આન તથા હદીષથી છાપવાની દિલમાં ઈચ્છા થાય છે. આતંકવાદ અને પશ્ચિમી રાષ્ટ્ર વિષે કાર્યાલય તરફથી જે આપની ધારદાર જબાન તથા કલમથી જે લેખો લખાયા છે તે આજની બેખબર દુનિયાને આગાહ કરવા માટે ખૂબ જ અસરકારક તથા જરૂરી છે, ખૂબ જ પસંદ આવેલ છે.

તમારાથી (બરકાતે ખ્વાજા, માસિક)થી પ્રેરણા લઈને મેં પણ એક લેખ તૈયાર કર્યો છે જે તમારા તરફ યોગ્ય ન્યાય આપવા મોકલુ છું.

*–લિ. ફારૂક ચટી (ટંકારીઆ, જિ. ભરૂચ)*

**જાંબિયા** : લુસાકાથી બરકાતે ખ્વાજા (માસિક)ના મુખ્લિસ ચાહક જનાબ યૂસુફભાઈ રાવલ્યા જામનગરી સાહબનો પત્ર મળ્યો છે. લખે છે કે, "આપની દીની પ્રવૃત્તિઓ તથા બરકાતે ખ્વાજા (માસિક)ના કામથી અમો ખૂબ જ ખુશ છીએ. બરકાતે ખ્વાજા (માસિક) થકી મર્હૂમ યૂનુસ માલજીના ઈન્તેકાલના સમાચારથી ખૂબ જ રંજ થયો. અમારી મુલાકાત હજ્જ દરમ્યાન થઈ હતી. મર્હૂમ ખૂબ જ માયાળુ, સખી, નેક દીનદાર, પાકા સુન્ની તથા નમ્ર માણસ હતા. તમારી ચર્ચા કરી તો કહ્યું કે શબ્બીરભાઈને અમો સંપૂર્ણ સહકાર દરેક રીતે કરીએ છીએ એ જાણી ત્યારે ખૂબ ખુશી થઈ હતી. અલ્લાહ પાક તેમને જન્નતમાં આ'લા દરજાઓ આપે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે (આમીન) અહીંયા પણ સર્વ ઓળખીતાઓ દયાદરાના ઈબ્રાહીમ માસ્તર હવેલીવાળા તથા ભરૂચી ભાઈઓ પણ ખૂબ રંજીદા થયા હતા અને મગફેરતની દુઆઓ કરી હતી. *–યૂસુફ રાવલ્યા (જાંબિયા)*

## આમોદમાં જશ્ને દસ્તારબંદી

**દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે તા. ૫–૩–૨૦૦૭ સોમવારે ઈશા બાદ હાફિઝ થનારા ૧૨ હાફિઝ તલબાની દસ્તારબંદીના પ્રોગ્રામ નિમિત્તે **સુન્ની દા'વતે ઈસ્લામી**નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા શેરે સૌરાષ્ટ્ર પીરે તરીકત ખલીફાએ તાજુશ્શરીઅહ્ હઝરત અલ્લામા મૌલાના સલીમબાપુ બેડીવાળાની સદારતમાં યોજાયો જેમાં આપ હઝરતે ઈલ્મે દીન પર શાનદાર બયાન પણ કર્યું હતું. મુકર્રિરે ખુસૂસી અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી (મુંબઈ)એ કુર્આનની ફઝીલત તથા અઝમત પર ખૂબ જ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. હઝરત સૈયદ શૌકતઅલી બાવા જંબુસરી (ખલીફા નૂરાનીબાવા પેટલાદી), હઝરત સૈયદ હશ્મતઅલી બાવા બરકાતી (જંબુસર), હઝરત મૌલાના મુફ્તી ગુલામ જીલાની સાહબ (દા.ઉ.

દયાદરા), હઝરત મૌલાના સાદિક દહેગામી, હઝરત મૌલાના સૈયદ નૂરૂલ્લાહ શાહ બુખારી (સેહલાવ, રાજ.), હઝરત મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળા (બોલ્ટન), હઝરત મૌલાના સૈયદ મન્ષૂર આલમ–આમોદ, હઝરત સૈયદ ઐયૂબ અલીબાપુ–આમોદ (ખલીફા શૈખુલ ઈસ્લામ) તેમજ અન્ય ઉલમા–સાદાત હઝરાત તથા મુબલ્લિગોએ હાજરી આપી હતી.

**જબુંસર :** ખાતે કપાસીયાપૂરા, ઘાંચીવાડ, નૂરી મસ્જિદ ખાતે જનાબ દાઊદ અશ્રફી તથા અન્ય ટ્રસ્ટીઓની દા'વત પર હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા તથા હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબના મુબારક હસ્તે નવી બનેલી નૂરી મસ્જિદની ઈફતેતાહ થઈ હતી. તા. ૫–૩–૨૦૦૭ મગરિબની નમાઝ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુએ પઢાવી હતી ત્યારબાદ હઝરત મૌલાના શાકિર નૂરી સાહબે મસ્જિદની ફઝીલત દર્શાવીને તેને નમાઝીઓથી આબાદ રાખવા તથા તેમાં દર્સનો સિલસિલો જારી રાખી ઈલ્મે દીન શીખવા હાજરજનોને ઝંઝોળ્યા હતા. છેવટમાં હઝરત મૌલાના સૈયદ સલીમબાપુએ પણ એ જ વિષયે વલવલાઅંગેઝ બયાન કર્યુ હતું. હઝરત સૈયદ હશ્મતઅલી મજુમિયાં બરકાતી સાહબે સલાતો સલામ પઢાવી અંતે હઝરત સૈયદ સલીમબાપુએ દુઆ ગુજારી હતી.

## જશ્ને ઈમામ અહમદ રઝા

**નસવાડી :** ખાતે તા. ૯–૩–૨૦૦૭ જુમ્આથી મેમણ કોલોનીમાં બનેલ નવી મસ્જિદની ઈફતેતાહ મોઈને મિલ્લત હઝરત સૈયદ મુઈનુદ્દીન બાવા (ખાનકાહે અહલે સુન્નત–વડોદરા)ના મુબારક હસ્તે કરવામાં આવી તેમજ મદ્રસા ફયઝાને આ'લા હઝરતની દીની દુનિયવી શિક્ષણ માટે શરૂઆત કરવામાં આવી. જે નિમિત્તે રાત્રે જશ્ને ઈમામ અહમદ રઝા હઝરત મોઈને મિલ્લતની સદારતમાં યોજાયો જેમાં મહમાને ખુસૂસી હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા તેમજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબ બંનેએ આ'લા હઝરતની ખૂબીઓના વિવિધ પાસાંઓ પર ઈમાન અફરોઝ તેહક઼ીક઼ી બયાનો કર્યા હતાં. સલાતો સલામ બાદ હઝરત મોઈને મિલ્લતે દુઆ ફર્માવી હતી. સખીદાતાઓને મસ્જિદના અધૂરા કામમાં સહાયની અપીલ છે.

**કિલ્લાપારડી :** તા. ૨૨–૨–૨૦૦૭ ઈશા બાદ હઝરત ચાંદપીર શાહ વલીની દરગાહ પાસે તકરીરનો શાનદાર પ્રોગ્રામ રાખવામાં આવેલ જેમાં મુંબઈથી હઝરત અલ્લામા મૌલાના મુફતી સૈયદઅલી અહમદ અશ્રફી, હઝરત મૌલાના રઈસ જામી, હઝરત મૌલાના અહમદુલ્લાહ હશ્મતી (અતુલ) તથા મૌલાના ઝાકિરહુસૈન–કિલ્લાપારડી વગેરેએ નઅત, મન્ક઼બત તથા શાનદાર બયાનો કર્યા હતાં.–***(સુન્ની જમાઅત–કિલ્લાપારડી)***

## ઈલ્મ કા મહકતા ગુલશન !
## બરકાતે ખ્વાજા (માસિક)

લાઈકે સદ એહતેરામ મોહતરમ જનાબ શબ્બીર અલી સાહબ, સલામ મસ્નૂન, ઈસસે પેહલે કિ અપને ખયાલાત કો અલ્ફાઝ કા જામા પહના કર **બરકાતે ખ્વાજા (માસિક)** કે ગુલશન મેં કદમ રખું, ઝરૂરી હૈ કિ મુસ્લિમ મુઆશ્રે કે એક ફર્દ હોને કી હૈસિયત સે બાગે ઈસ્લામ કે તા'લીમાતી ફૂલ કો તરોતાઝા રખને કી અનથક કોશિશ કરને વાલે "માહનામા બરકાતે ખ્વાજા" કે બાગબાં કો ઉસકી ચોથી ફસ્લે બહાર કે પુરમુસર્રત મૌક઼ે પર ઈસ શે'ર સે ખિરાજે અકીદત પેશ કરને કી સઆદત હાસિલ કર રહા હૂં :–

**આપને ખયરાત મેં યહ ફૂલ નહીં પાએ હૈં**
**ખૂને દિલ સર્ફ કિયા હૈ તો બહાર આઈ હૈ**

અલ્લાહ તઆલા સે દુઆ હૈ કિ અપને હબીબ ﷺ કે વસીલે સે ઈસ બાગ ઔર બાગબાં દોનોં કો

હરાભરા રખે, ઔર દુશ્મનોં કે હમલો ઔર નઝરે બદ્‌સે મહફૂઝ રખે. (આમીન)

ઈસ ગુલશન (બરકાતે ખ્વાજા) કે તમામ હી ફૂલ તરોતાઝા ઔર ખુશ્નુમા હૈં. ઈસ આલમે કૌનો મકાં કે ફૂલોં ઔર ઈસ ગુલશન (માહનામા) કે ફૂલોં મેં ફર્ક ઈતના હૈ કે યે દુન્યવી ફૂલ ચંદ દિનોં કે મેહમાન હૈં યહાં તક કિ મુરઝા જાએં, લેકિન ઈસ ગુલશન (માહનામા) કે તમામ ફૂલ જૈસે જૈસે અમલ કા લિબાદા પહેનતે જાએંગે વૈસે વૈસે માહોલ ઔર મુઆશરે કો ખુશ્નુમા બનાતે જાયેંગે. કઈ ચીઝેં જો ગુલશન કો તરોતાઝા રખને કે લિએ જુઝવે લાયન્ફક હૈ વોહ તમામ અલ્હમ્દુલિલ્લાહ ! ઈસ ગુલશન (માહનામા) કી ઝીનત બની હૂઈ હૈ. વોહ ફૂલ જો ગુલશન મેં બાદશાહ કી હૈસિયત રખતા હૈ, ઔર સારે ફૂલ જિસ્કે સામને અપની રોનક ખો દેતે હૈં, જિસે હમ "ગુલાબ" કેહતે હૈં. બિલા મુબાલગા વહી હાલ બરકાતે ખ્વાજા કે "તંત્રી લેખ" કા હૈ. ઔર ઉસ્કે ગવાહ વોહ ખુતૂત હૈં જો માહ દર માહ "બરકાતે ખ્વાજા" કે સેજ પર સજાએ જાતે હૈં.

દુઆગો હૂં કિ અલ્લાહ તઆલા અપને હબીબ ﷺ કે સદકે મેં જનાબ એડિટર સાહબ કે ઈલ્મો અમલ મેં તરક્કી અતા ફર્માએ ઔર જનાબ કી જોહદે મુસલસલ કો અપની બારગાહમેં શર્ફે કુબૂલિયત કે મુઝ્‌દએ જાંફિઝા સે સરફરાઝ ફર્માએ. આમીન, ષુમ્મ આમીન. *–(મૌલાના) સરફરાઝ, જામેઅ અઝહર–મિસર*

**બોલ્ટન** : જનાબ શફીકભાઈભાઈ અસુર્યાવાળા તરફથી અંજુમનને ૩,૪૪૦/– રૂા. સદકા તથા એમની નેક દુખ્તર મુનીરાબાનુને બાબાનો જન્મ થયો જેનું નામ મુહમ્મદ રઈસ રાખ્યું છે. જેની ખુશી પેટે 'બરકાતે ખ્વાજા' (માસિક) તથા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને ૮૬૦–૮૬૦ રૂા. હદિયા પેટે પેશ કર્યા છે. દુઆ છે કે અલ્લાહ તઆલા તેમના નવાસાને તંદુરસ્તી તથા ભલાઈઓથી ભરપૂર નેક જિંદગી અતા ફર્માવે, બંને જહાનની નેઅમતોથી માલમાલ ફર્માવે, અને મઝહબે હક્ક્ અહલે સુન્નત વ જમાઅતનો સિપાહી બનાવે. (આમીન)

***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

## તંદુરસ્તી માટે દુઆની અપીલ

દયાદરા ખાતે ૧૮ વરસ દીની ખિદમત કરી ખાસ કરીને દયાદરા, હલદરવાની સુન્નિયતમાં જાન પૂરનાર, મારા ઉસ્તાદે મોહતરમ, આ'લા હઝરત તથા મસ્લકે આ'લા હઝરતની ભોળી સુન્ની અવામને પેહચાન કરાવનાર, સુન્નીઓના મર્કઝ બરેલીથી અહીંના લોકોનો રિશ્તો જોડનાર આલિમે બાઅમલ, પયકરે તક્વા વ પરહેઝગારી, ઉસ્તાદે બેમિષાલ, ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા કારી અબુલ કલામ રઝવી સાહબ U.K. લેસ્ટરથી વતનમાં આવ્યા હતા, સખત બીમાર થતાં કલકત્તા હોસ્પિટલમાં દાખલ છે. ૧૫ માર્ચે U.K. રિટર્ન થનાર છે. દુઆ કરશો કે મહબૂબે પરવરદિગાર ﷺના સદકામાં જુમ્લા બુઝુર્ગાને દીન ખાસ કરીને તેમના પીરો મુર્શિદ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના વસીલાથી તેમની બીમારી દૂર થઈ જાય અને સુન્નીઓ પર તેમનો સાયો તાદેર રહે. (આમીન) ***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

**કેશોદ** : સબીલે હુસૈન કમિટી તરફથી તા. ૪/૨/૨૦૦૭ રવિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ મકસુદ ચોકમાં નવાસ–એ–રસૂલ હઝરત સૈયદના ઈમામે હુસૈન رضی اللہ عنہની યાદમાં તથા તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની યાદમાં એક શાનદાર જલ્સાનું આયોજન જૂનાગઢ ખાનકાહે રઝવિય્યહના સજ્જાદાનશીન પીરે તરીકત ગુલે ગુલઝારે રઝવિય્યહ હઝરત પીર મૌલાના ગુલઝાર અહમદબાપુ નૂરીની સદારતમાં મનાવવામાં આવેલ જેમાં જૂનાગઢ દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફાના મુફતી હસીબુર્રહમાન સાહબે તથા અન્ય આલિમોએ શાનદાર તકરીર ફર્માવી હતી.

***–સિદ્દીકી (કેશોદ)***

# બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

કાર્યાલય

## વિષય : પડોશીના હક્કો સંબંધે ઈસ્લામની તાકીદ અને આપણે

| લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો | લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો |
|---|---|
| **જામિઆ અશ્રફિયહ્-મુબારકપુર** | **મદ્રસા મઝાહેરુલ ઉલૂમ-દયાદરા** |
| મૌલાના ઈમરાન રઝા (દયાદરા) | મુહમ્મદ સજ્જાદ શબ્બીર પટેલ (દયાદરા) |
| **જામિઆ અશ્રફિયહ્-મુબારકપુર** | **મુ. હાડગુડ, તા. જિ. આણંદ** |
| મુહમ્મદ અલ્તાફહુસૈન (કુરચણ) | સૈયદ મુહમ્મદ મુનાદીન હકીમ |
| **દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી-દયાદરા** | **રાજપારડી, તા. ઝઘડિયા** |
| સૈયદ ઝાકિરહુસૈન વિલાયતવાલા | વાઝા જાવિદ હુસૈન ગુલામહુસૈન-રાજપારડી |
| **જામિઆ અશ્રફિયહ્-મુબારકપુર** | **જામિઆ અશ્રફિયહ્-મુબારકપુર** |
| મોહસિન ઈબ્રાહીમ પટેલ-થામ | મુહમ્મદ તાહિર અલી જામનગરી |
| **મુ. પાટણ, ઉ.ગુ.** | **બડેખાં ચકલા (સૂરત)** |
| ખોખર આબિદઅલી ઈકરારઅલી | મુહમ્મદ ફૈસલ કસુંબી (બગદાદી) |
| | **હિંમતનગર** |
| | કારીઆ આલિમા ફાઝિલા ફિરદૌસબાનુ અ.ગની |

**નોંધ:** ભાગ લેનાર દરેક તલબાની એપ્રિલ-૨૦૦૭નો અંક તેમજ તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા કિતાબ ભેટરૂપે આપવામાં આવશે.

લેખ હરીફાઈમાં ભાગ લેવા બદલ આભાર !

## ★ લેખ હરીફાઈમાં પ્રથમ પાંચ નંબર મેળવનારાઓનાં નામો ★

| | | |
|---|---|---|
| નંબર ૧ : મુહમ્મદ તાહિર અલી જામનગરી | રૂા. ૩૦૦/- | (પ્રથમ ઈનામ) |
| નંબર ૧ : વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન રાજપારડીવાળા | રૂા. ૨૦૦/- | (પ્રથમ ઈનામ) |
| નંબર ૩ : મૌલાના ઈમરાન રઝા દયાદરવી | રૂા. ૧૦૦/- | (ત્રીજુ ઈનામ) |
| નંબર ૪ : અલ્તાફ હુસૈન કુરચણવી | રૂા. ૦૫૦/- | (ચોથુ ઈનામ) |
| નંબર ૫ : મોહસિન ઈબ્રાહીમ પટેલ થામવાળા | રૂા. ૦૫૦/- | (પાંચમું ઈનામ) |

### ✪ હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?! ✪

## ઈસ્લામની પ્રગતિના ઈતિહાસમાં નવયુવાનોનો કિરદાર અને આપણે

તા. **૧૨-૦૬-૨૦૦૭** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

**નોંધ :** આ સંબંધે કુર્આન હદીષના હુકમો, બુઝુર્ગોના વાક્યા તથા આપણી શું હાલત છે તે વિશે અભ્યાસ કરીને લખવું.

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

- પટેલ સુન્ની વિધુર, ઉ. ૪૮ વર્ષ, ૩ છોકરા, ૧ છોકરી, ટી.વી., ટેપ, રેડીયો રિપેરિંગ, સુન્નત તથા શરીઅતના પાબંદ. ૪૦–૪૫ ઉમરવાળી વિધવા, ત્યક્તા વગેરે સંપર્ક કરે.

- સૈયદ યુવાન, ઉ. ૨૩ વર્ષ, ઊંચાઈ ૫.૯', શૈક્ષણિક લાયકાત, **B.A. Hindi**

- સૈયદ યુવાન, ઉ. ૨૮ વર્ષ, **I.T.I. Diesel Mechanical**, ધંધો : ઓટોગેરજ, વાર્ષિક આવક : રૂા. ૭૦,૦૦૦/–

- શેખ સુન્ની યુવાન, ઉ.૩૦ વર્ષ, ઊંચાઈ ૫.૪' **B.Sc. (Maths)**, માસ્ટર ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન (**MCA**), શોખ : વાંચન, ટ્રાવેલિંગ, પિતા : રિટાયર્ડ **Ex. Asst.** લેબર કમિશ્નર, ત્રણ ભાઈ, પરિણત વેલ સેટ, ૧ બહેન જે અપરિણત ટયૂશન ધાર્મિક તકરીર વગેરે કરે છે. એક ભાઈ ઓ. જજ છે. એક ભાઈ **L.I.C.** એજન્ટ પ્રા. ઓફીસ ધરાવે છે.

- શેખ સુન્ની યુવાન, ઉ.૩૦, ઊંચાઈ : ૫.૫.' **B.Com** ચાલુ, શોખ : વાંચન–પ્રવાસ, મા, બહેન તથા પોતે ૩ની ફેમીલી, હાલ : **ICICI** બેંકમાં રિલેશનશીપ એકઝેક્યૂટિવ.

- સુમરા સુન્ની વિધુર, ઉ.૩૩, **MALLB, D.L.L.P. C.C.C.** કોમ્પ્યુટર કોર્સ, વકીલાતનો ધંધો, જાંબિયા ખાતે કોઈ પાત્ર હોય તો વધુ યોગ્ય

- સુન્ની સૈયદ યુવતી, ઉ. ૨૭ વર્ષ, અભ્યાસ : ૧૦ ધોરણ સુધી, કુર્આન અરબીમાં પઢવું, સિલાઈ, ભરતકામનો અનુભવ, સ્થળ : અમદાવાદ

- પઠાન હજ્જન યુવતી, ઉ. ૨૬ વર્ષ, ઊંચાઈ : ૫.૪', દેખાવે સુંદર, ભાષા જ્ઞાન : હિંદ, ગુજરાતી, ઉર્દૂ, ઈંગ્લિશ, **B.Sc./M.Sc. in (Food & Nutrition) Gold Medelist, At present pursing Masters in Clinical Nutrition at New York (U.S.A.) Institute of Tech (NYCOM)**, તેમજ અન્ય સામાજિક પ્રવૃત્તિઓ, શોખ : રસોઈ બનાવવી, લખવું, કવિતા, વાંચન, ધાર્મિક જ્ઞાન મેળવવું વગેરે (વધુ માટે અમારો સંપર્ક કરવો) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

- પઠાન વિધવા યુવતી, ઉ.૩૨, દેખાવડી ૭ પાસ, દીની તા'લીમ કુર્આનની, ઊંચાઈ : ૫.૨', દીની કિતાબોનો શોખ.

**સંપર્ક સ્થળ** : બરકાતે ખ્વાજા મંથલી (કાર્યાલય) C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન, **સુન્ની મેરેજ બ્યૂરો સેકશન**, મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૦૮૬, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email** : anjuman2006@hotmail.com

**નોંધ** : યોગ્ય સુન્ની પાત્ર મેળવવા માટે યુવાનો–યુવતીઓ આ "સુન્ની મેરેજ બ્યૂરો" કોર્નર ખાતે પોતાના બાયોડેટા મોકલી દેશ વિદેશથી અમારો સંપર્ક કરી શકે છે. [**U.K.** ખાતે મૌલાના યૂનુસ મિસ્બાહી (પ્રેસ્ટન), ફોન : ૮૮૭૮૬૧, **U.S.A.** ખાતે મૌલાના મક્કી–ચિકાગો, મો. ૦૦૧૭૭૩૮૬૫૨૩૧૬